

પેજ-08

આલિયાની ફિલ્મ 'આલ્ફા'ની રિલીઝ ડેટ એનાઉન્સ....

# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express Ahmedabad RNI No.GUJGUJ/2011/40654

પેજ-09

ગૌતમ ગંભીર અને સો.મીડિયા ટ્રોલિંગ સામે વર્લ્ડ ચેમ્પિયન કોચનો હુમલો...



હવામાન

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 40.00 | 24.00 |
| વડોદરા | 40.00 | 23.00 |
| સુરત | 39.00 | 25.00 |

પેજ 5



ભારતીય ઓઈલ માર્કેટિંગ કંપનીઓ પર તોળાતું આર્થિક સંકટ

10 MARCH-2026 TUESDAY

ઈરાન નવા સુપ્રીમ લીડર મોજતબા ખામેનેઈની તાજપોશી થઈ



પેજ 10

શેરબજાર

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | 77566.16 ▼ | 1352.74 |
| નિફ્ટી | 24028.05 ▼ | 422.40 |
| સોનું | 159964.00 ▼ | 1670.00 |
| ચાંદી | 266200.00 ▼ | 2085.00 |

વર્ષ-15 । અંક-117 । વિક્રમ સંવત-2082 । ફાગણ વદ - 07 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


AI-ઓટોમેશન પર ફોકસ; દીકરીઓને નવી તકોથી પાછળ નહીં રહેવા દઈએ : PM નરેન્દ્ર મોદી સવારે 10:15 વાગ્યે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા વેબિનારમાં સંબોધન કર્યું

# ભારત ઈનોવેશન-ડ્રિવન ઈકોનોમી તરફ આગળ વધી રહ્યું છે

(એજન્સી) નવી દિલ્હી | તા.09

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 9 માર્ચ (સોમવાર)ના રોજ વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા પોસ્ટ-બજેટ વેબિનારમાં સંબોધન કર્યુ. તેમણે કહ્યું કે ભારત હવે ઝડપથી ઈનોવેશન-ડ્રિવન ઈકોનોમી તરફ આગળ વધી રહ્યું છે. આપણી શિક્ષણ વ્યવસ્થાને વાસ્તવિક-વિશ્વની અર્થવ્યવસ્થાની જરૂરિયાતો સાથે વધુ મજબૂતીથી જોડવાની જરૂર છે. તેમણે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) અને ડિજિટલ ઈકોનોમીને ભવિષ્ય માટે જરૂરી ગણાવ્યા.પીએમ મોદીએ કહ્યું કે લાંબા ગાળાનો ગ્રોથ જાળવી રાખવા માટે ભારતે AI, ઓટોમેશન, ડિજિટલ ઈકોનોમી અને ડિઝાઈન-આધારિત મેન્યુફેક્ચરિંગ જેવા ઉભરતા ક્ષેત્રો પર ધ્યાન કેન્દ્રિત કરવું પડશે. તેમણે એમ પણ કહ્યું કે વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક રહેવા માટે આ વિષયોને પ્રાધાન્ય આપવું જરૂરી છે.



**વેબિનારની થીમ 'સૌનો સાથ સૌનો વિકાસ'** આ વેબિનારની થીમ 'સૌનો સાથ સૌનો વિકાસ-લોકોની આકાંક્ષાઓને પૂર્ણ કરવી' રાખવામાં આવી. આ કાર્યક્રમનો હેતુ બજેટમાં કરવામાં આવેલી જાહેરાતોને જમીન પર ઉતારવા માટે સરકારી વિભાગો, ઈન્ડસ્ટ્રી એક્સપટ્ર્સ અને સ્ટેકહોલ્ડર્સ એટલે કે હિતધારકો સાથે મળીને એક નક્કર રણનીતિ તૈયાર કરવાનો છે.આ સાથે જ સ્પોટ્ર્સને હવે રાષ્ટ્રીય વિકાસનો એક મુખ્ય સ્તંભ માનવામાં આવી રહ્યો છે.

### સંરક્ષણ બજેટમાં ૧૫.૨%નો ધરખમ વધારો

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૯ માર્ચ, સોમવારના રોજ વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા આયોજિત પોસ્ટ-બજેટ વેબિનારમાં દેશના આર્થિક ભવિષ્ય અંગે મહત્વનું માર્ગદર્શન આપ્યું હતું. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે ભારત હવે ઝડપથી ઈનોવેશન-ડ્રિવન ઈકોનોમી (નવીનતા આધારિત અર્થતંત્ર) તરફ આગળ વધી રહ્યું છે. વડાપ્રધાને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI), ઓટોમેશન અને ડિજિટલ ઈકોનોમીને ભવિષ્યના વિકાસ માટે અનિવાર્ય ગણાવ્યા હતા.

### દીકરીઓને નવી તકોથી પાછળ નહીં રહેવા દઈએ

સર્વસમાવેશી વિકાસની વાત કરતા પીએમ મોદીએ મહિલા સશક્તિકરણ અંગે સરકારની કટિબદ્ધતા દોહરાવી હતી. તેમણે કહ્યું કે નવી ટેકનોલોજીના આ યુગમાં મહિલાઓની ભાગીદારી સુનિશ્ચિત કરવી એ સરકારની પ્રાથમિકતા છે. 'જેમ જેમ આપણે ભવિષ્યની ટેકનીકો માટે તૈયાર થઈ રહ્યા છીએ, તે સુનિશ્ચિત કરવું મહત્વપૂર્ણ છે કે તકોના અભાવને કારણે કોઈ પણ દીકરી પાછળ ન રહી જાય,' તેમ તેમણે ઉમેર્યું હતું.

### હેલ્થકેર અને સ્પોટ્ર્સ પર વિશેષ ફોકસ

વડાપ્રધાને હેલ્થ સેક્ટર અંગે જણાવ્યું કે સરકાર પ્રિવેન્ટિવ અને હોલિસ્ટિક હેલ્થકેર સિસ્ટમ પર કામ કરી રહી છે. તાજેતરના બજેટમાં ૩ નવા આયુર્વેદિક AIIMS જેવી જાહેરાતો આ દિશામાં મોટું કદમ છે. આ ઉપરાંત રમતગમતને પણ રાષ્ટ્રીય વિકાસનો મુખ્ય સ્તંભ માનવામાં આવી રહ્યો છે.

### સંરક્ષણ બજેટ અને આધુનિકીકરણ

૧ ફેબ્રુઆરીએ રજૂ કરાયેલા બજેટમાં સંરક્ષણ ક્ષેત્રે મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. નાણામંત્રીએ સંરક્ષણ બજેટ ૬.૮૧ લાખ કરોડથી વધારીને ૭.૮૫ લાખ કરોડ કર્યું છે, જે ૧૫.૨% નો વધારો દર્શાવે છે. ખાસ કરીને સેનાના આધુનિકીકરણ અને નવા શસ્ત્રોની ખરીદી માટે મૂડી ખર્ચમાં ૨૨% નો જંગી વધારો કરવામાં આવ્યો છે.

## ઓસ્ટ્રેલિયા ઈરાનની મહિલા ખેલાડીઓને શરણ આપે: નહીંતર અમેરિકા આપશે : ટ્રમ્પ



(એજન્સી) વોશિંગ્ટન | તા.09

અમેરિકા, ઈઝરાયલ અને ઈરાન વચ્ચે ચાલી રહેલા યુદ્ધનો દસમો દિવસ છે. આ દરમિયાન અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઓસ્ટ્રેલિયાને ઈરાની મહિલા ફૂટબોલ ખેલાડીઓને આશ્રય આપવા અપીલ કરી છે. ટ્રમ્પે કહ્યું કે તેમને ઈરાન પરત મોકલવાથી તેમના જીવન જોખમમાં મુકાશે અને તે એક ગંભીર માનવતાવાદી ભૂલ હશે.

### ઈઝરાયલી હુમલાથી લેબનોનું રશિયન કલ્ચર સેન્ટર તબાહ

દક્ષિણ લેબનોનના નાબાતીયેહમાં રશિયન કલ્ચર સેન્ટર ઈઝરાયલી હવાઈ હુમલામાં સંપૂર્ણપણે નાશ પામ્યું હતું. કોઈ ઘાયલ કે મૃત્યુ થયાના અહેવાલ નથી.ઈઝરાયલે નાબાતીયેહ વિસ્તારમાં હવાઈ હુમલા કર્યા હતા, જેમાં કલ્ચરલ સેન્ટરની ઈમારતનો નાશ થયો હતો. યેવગેની પ્રીમાકોવે જણાવ્યું હતું કે આ ઘટના અંગે ટૂંક સમયમાં સત્તાવાર નિવેદન જારી કરવામાં આવશે.

### પુતિને ઈરાનના નવા સર્વોચ્ચ નેતા મુજતબા ખામેનીને અભિનંદન આપ્યા

ક્રેમલિન દ્વારા જારી કરાયેલા એક નિવેદન મુજબ, રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને ઈરાનના નવા સર્વોચ્ચ નેતા મુજતબા ખામેનીને પદભાર સંભાળવા પર અભિનંદન આપ્યા. પુતિને કહ્યું કે તેમને વિશ્વાસ છે કે મુજતબા તેમના પિતાના કાર્યને સન્માન સાથે આગળ ધપાવશે અને મુશ્કેલ પરિસ્થિતિઓમાં ઈરાની લોકોને એક કરશે.

### ઈરાની રાષ્ટ્રપતિ બોલ્યા- મુજતબાનું સુપ્રીમ લીડર બનવું જનતાની ઈચ્છા

ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પેઝેશકિયને મુજતબા ખામેનીને દેશના નવા સુપ્રીમ લીડર બનાવવામાં આવતા તેનું સ્વાગત કર્યું છે. તેમણે કહ્યું કે તેમનું સુપ્રીમ લીડર બનવું એ જનતાની ઈચ્છાનું પ્રતીક છે. સોશિયલ મીડિયા પર કરવામાં આવેલી પોસ્ટમાં પેઝેશકિયને કહ્યું કે ખામેનીના બુદ્ધિશાળી નેતૃત્વ અને વિશ્વાસ તથા જનભાગીદારી પર આધારિત માહોલ દ્વારા ઈરાનની સમસ્યાઓનું સમાધાન શક્ય છે.

જયશંકરે કહ્યું-ગલ્ફમાં રહેતા ભારતીયોને જાન્યુઆરીમાં જ એલર્ટ કર્યા હતા

## ઈરાન યુદ્ધ પર બંને ગૃહોમાં વિપક્ષનો હોબાળો સરકારે કહ્યું- સ્પીકરને હટાવવાના પ્રસ્તાવ પર ચર્ચા કરવા તૈયાર

(એજન્સી) નવી દિલ્હી | તા.09

સંસદના બજેટ સત્રના બીજા તબક્કાના પહેલા દિવસે, લોકસભા અને રાજ્યસભામાં અમેરિકા-ઈઝરાયલ અને ઈરાન યુદ્ધો પર ભારે હોબાળો થયો. વિપક્ષે યુદ્ધ પછીની પરિસ્થિતિ પર ચર્ચાની માંગ કરી. આ દરમિયાન, વિદેશ મંત્રીએ પહેલા રાજ્યસભામાં અને પછી લોકસભામાં ઈરાન યુદ્ધ શરુ થયા બાદ ગલ્ફ દેશોમાંથી ભારતીયોના પાછા લાવવા અને તે બાબતની તૈયારીઓ વિશે વાત કરી હતી.વિદેશ મંત્રી એસ. જયશંકરે રાજ્યસભામાં અમેરિકા-ઈઝરાયેલ અને ઈરાન યુદ્ધ પર ભાષણ આપ્યું. વિદેશ મંત્રી એસ. જયશંકરે કહ્યું, '28 ફેબ્રુઆરીથી મિડલ ઈસ્ટમાં તણાવ પ્રવર્તી રહ્યો છે.



ઘણા ખાડી દેશોમાં પરિસ્થિતિ તંગ છે. વાતચીત થવી જોઈએ અને તણાવ ઓછો થવો જોઈએ. અમે ભારતીયોની સુરક્ષા માટે પ્રતિબદ્ધ છીએ. વિદેશ પ્રધાન એસ. જયશંકરના નિવેદનો સાંભળીને વિપક્ષના સાંસદો હોબાળો મચાવી રહ્યા હતા.

### અમેરિકા-ઈઝરાયલ અને ઈરાન યુદ્ધને કારણે 100 ડોલરને પાર

મિડલ ઈસ્ટમાં અમેરિકા-ઈઝરાયલ અને ઈરાન વચ્ચે ચાલી રહેલા યુદ્ધને કારણે આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલના ભાવ સાડા ત્રણ વર્ષની ઊંચી સપાટીએ પહોંચી ગયા છે.રવિવારે બ્રેન્ટ ક્રૂડની કિંમત 100 ડોલર પ્રતિ બેરલના સ્તરને પાર કરી ગઈ છે. આ પહેલા 2022માં ક્રૂડ ઓઈલ 100 ડોલરને પાર નીકળ્યું હતું.શિકાગો મર્કેન્ટાઈલ એક્સચેન્જ પર ટ્રેડિંગ શરૂ થતાં જ બ્રેન્ટ ક્રૂડ 16.5%ના ઉછાળા સાથે 108 ડોલર પર પહોંચી ગયું, જે શુક્રવારે 93 ડોલર પર બંધ થયું હતું.યુદ્ધ દરમિયાન એટલે કે 10 દિવસમાં જ ક્રૂડ ઓઈલ લગભગ 48% મોંઘું થઈ ગયું છે. જોકે ભારત સરકારનું કહેવું છે કે આપણી પાસે પૂરતું તેલ છે, જેનાથી ભારતમાં પેટ્રોલ-ડીઝલ મોંઘા નહીં થાય.

### પશ્ચિમ એશિયાથી ભારતીય વિમાન કંપનીઓની 50 ફ્લાઈટ્સ સંચાલિત કરી

મિડલ ઈસ્ટમાં ચાલી રહેલા સંઘર્ષની અસર વિમાન સેવાઓ પર પડી છે અને મોટી સંખ્યામાં લોકો ત્યાં ફસાયા છે. કેન્દ્ર સરકારના જણાવ્યા અનુસાર ઈરાન યુદ્ધથી પ્રભાવિત પશ્ચિમ એશિયા ક્ષેત્રના એરપોર્ટ પરથી સોમવારે ભારતની એરલાઈન્સ દ્વારા 50 આવનારી ફ્લાઈટ્સનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઓપરેશનની ક્ષમતા અને વર્તમાન પરિસ્થિતિઓના આધારે સંચાલિત થશે. ભારતીય એરલાઈન્સ એર ઈન્ડિયા, એર ઈન્ડિયા એક્સપ્રેસ, ઈન્ડિગો, સ્પાઈસ જેટ અને અકાસા એર દુબઈ, અબુ ધાબી, રાસ અલ ખૈમાહ, ફુજૈરા, મસ્કત અને જેદ્દાહથી ફ્લાઈટ્સ ઓપરેટ કરવા માટે તૈયાર છે.નાગરિક ઉડ્ડયન મંત્રાલયે જણાવ્યું કે તે પશ્ચિમ એશિયામાં બદલાતી પરિસ્થિતિ પર સઘન નજર રાખી રહ્યું છે.

## બાંગ્લાદેશી નેતા ઉસ્માન હાદી હત્યા કેસના 2 આરોપીની બંગાળમાં ધરપકડ

**મેઘાલય બોર્ડર પરથી ભારતમાં પ્રવેશ્યા હતા, પાછા બાંગ્લાદેશ ભાગવાની ફિરાકમાં હતા**

(એજન્સી) કોલકાતા | તા.09

પશ્ચિમ બંગાળ પોલીસની STF એ ભારત અને શેખ હસીના વિરોધી બાંગ્લાદેશી નેતા ઉસ્માન હાદીની હત્યાના કેસમાં બે આરોપીઓની ધરપકડ કરી છે. આરોપીઓની ઓળખ રાહુલ ઉર્ફે ફૈઝલ કરીમ મસૂદ (37) અને આલમગીર હુસૈન (34) તરીકે થઈ છે.બંને મેઘાલય સરહદ પરથી ગેરકાયદેસર રીતે ભારતમાં ઘૂસી આવ્યા હતા અને પશ્ચિમ બંગાળના બોનગાંવમાં છુપાયા હતા. આરોપીઓ યોગ્ય તકની રાહ જોઈ રહ્યા હતા, જેથી તેઓ ફરીથી બાંગ્લાદેશ પાછા ફરી શકે. પરંતુ તે પહેલા જ STF એ 7 અને 8 માર્ચની મધ્યરાત્રિએ દરોડો પાડી બંનેને પકડી



લીધા.રાહુલ ઉર્ફે ફૈઝલ કરીમ મસૂદ બાંગ્લાદેશના પટુઆખાલીનો રહેવાસી છે, જ્યારે આલમગીર હુસૈન ઢાકાનો રહેવાસી છે. પોલીસે કેસ નોંધીને બંને આરોપીઓને રવિવારે કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા, જ્યાંથી તેમને પોલીસ કસ્ટડીમાં મોકલી દેવામાં આવ્યા છે.

## આશુતોષ મહારાજે કહ્યું-21 લાખ માટે મારા પર હુમલો થયો

(એજન્સી) પ્રયાગરાજ | તા.09

'21 લાખ રૂપિયાની લાલચમાં મારા પર હુમલો કરવામાં આવ્યો અને કરાવવામાં આવ્યો. મને કોર્ટ સુધી પહોંચતા અને પુરાવા આપતા રોકવા માટે આ ષડયંત્ર રચવામાં આવ્યું.'આ દાવો જગદ્ગુરુ રામભદ્રાચાર્યના શિષ્ય આશુતોષ મહારાજે કર્યો છે. આશુતોષ, રવિવારે રીવા એક્સપ્રેસ ટ્રેનથી પ્રયાગરાજ જઈ રહ્યા હતા. સવારે લગભગ 5 વાગ્યે કૌશાંબીમાં સિરાથુ રેલવે સ્ટેશન પાસે ચાલતી ટ્રેનમાં તેમના પર જીવલેણ હુમલો થયો.હુમલાખોરે તેમના નાક, ચહેરા અને હાથ પર હુમલા કર્યા. તેમને પ્રયાગરાજના કોલ્વિન હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા. મેડિકલ ટેસ્ટ પછી તેઓ સર્કિટ હાઉસ પહોંચ્યા.

**રાજસ્થાનમાં પારો 40°Cને પાર**

## જમ્મુ-કાશ્મીર અને હિમાચલમાં વરસાદ-બરફવર્ષાનું એલર્ટ

(એજન્સી) નવી દિલ્હી | તા.09

હવામાન વિભાગે જમ્મુ-કાશ્મીરમાં સોમવારથી હળવા વરસાદ અને હિમવર્ષાની આગાહી કરી છે. જ્યારે, સમગ્ર ખીણમાં મહત્તમ તાપમાન સિઝનની સરેરાશ કરતાં વધુ રહ્યું. હિમાચલ પ્રદેશમાં બે દિવસ હવામાન સ્વચ્છ રહેશે, અને 11 માર્ચથી રાજ્યમાં પશ્ચિમી વિક્ષોભ સક્રિય થશે. જેના કારણે વરસાદ અને હિમવર્ષાનો દોર શરૂ થવાની સંભાવના છે.રાજસ્થાનમાં તાપમાન 40 ડિગ્રી સેલ્સિયસને પાર કરી ગયું. ઝુનઝુનુ જિલ્લાનું પિલાની રાજ્યમાં સૌથી ગરમ રહ્યું, જ્યાં મહત્તમ તાપમાન 40.2 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું. ત્યારબાદ બાડમેરમાં 40 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું. જ્યારે મધ્ય પ્રદેશમાં પણ તાપમાન 39 ડિગ્રી



MPમાં 39°C પહોંચ્યો; દિલ્હીમાં પણ તાપમાન 35°Cને પાર નોંધાયું

સેલ્સિયસની નજીક પહોંચી ગયું. અહીં રતલામનું તાપમાન 38.6 ડિગ્રી રહ્યું. અહીં દેશની રાજધાની નવી દિલ્હીમાં પણ દિવસનું તાપમાન 35.6 ડિગ્રી સેલ્સિયસ પહોંચી ગયું. IMD એ સોમવારે આકાશમાં હળવા વાદળો છવાયેલા રહેવાની અને મહત્તમ તાપમાન 37 ડિગ્રી અને લઘુત્તમ તાપમાન 17 ડિગ્રી સેલ્સિયસની આસપાસ પહોંચવાની આગાહી કરી છે.

## પંજાબમાં 'માન' સરકારની મોટી ભેટ

પહેલાની સરકારો ફક્ત ઔપચારિકતા ખાતર જાહેરનામા જારી કરતી હતી: માન

(એજન્સી) નવી દિલ્હી | તા.09

પંજાબના મુખ્યમંત્રી ભગવંત માનએ વિધાનસભામાં રાજ્ય સરકારની ચાર વર્ષની ઐતિહાસિક સિદ્ધિઓ રજૂ કરી છે. તેમણે જાહેરાત કરી કે પંજાબના દરેક પરિવારને હવે 10 લાખ સુધીની મફત કેશલેસ સારવાર મળશે, જે માટે 900 હોસ્પિટલોની યાદી તૈયાર છે. મહિલા સશક્તિકરણ માટે દર મહિને 1000 થી 1500 ની સહાય, મફત વીજળી અને મફત બસ મુસાફરી જેવી સુવિધાઓ અમલમાં છે.



**મહિલાઓને દર મહિને ₹1000-1500ની સહાય અને ₹10 લાખનો મફત ઈલાજ**

પંજાબના મુખ્યમંત્રી ભગવંત માનએ જણાવ્યું હતું કે મહિલાઓ માટે દર મહિને ૧૦૦૦ રૂપિયાની જાહેરાતથી વિપક્ષી પક્ષોની નિરાશા ૨૦૨૭માં AAP સત્તામાં પાછા ફરવાના તેમના ડરને પ્રતિબિંબિત કરે છે. પંજાબ વિધાનસભાને સંબોધતા, ભગવંત માનએ ભારપૂર્વક જણાવ્યું હતું કે જ્યારે શિરોમણી અકાલી દળ, ભાજપ અને કોંગ્રેસ જેવા પક્ષોએ તેમના ચૂંટણી વચનોને અવગણીને વારંવાર લોકો સાથે દગો કર્યો છે, ત્યારે AAP સરકારે તેના મેનિફેસ્ટોને એક પવિત્ર દસ્તાવેજ તરીકે ગણ્યો છે અને માત્ર ચાર વર્ષમાં સામાન્ય લોકો માટે દરેક ગેરંટી પૂર્ણ કરી છે.

**યુદ્ધના કારણે છેલ્લી ઘડીએ એરસ્પેસ બંધ**

## દિલ્હીથી માન્ચેસ્ટરની ઈન્ડિગો ફ્લાઈટ અધવચ્ચેથી પાછી ફરી: ઈથોપિયા બોર્ડર પરથી પ્લેને યુ-ટર્ન લીધો

(એજન્સી) નવી દિલ્હી | તા.09

દિલ્હીથી માન્ચેસ્ટર જઈ રહેલી ઈન્ડિગોની ફ્લાઈટ 7 કલાકની ઉડાન બાદ પાછી ફરી છે. ઈન્ડિગોના એક અધિકારીએ જણાવ્યું કે ફ્લાઈટ 6E33 એ ઈથોપિયા અને ઈરિટ્રિયાની સરહદ પાસે યુ-ટર્ન લીધો અને હવે દિલ્હી પાછી જઈ રહી છે.અધિકારીએ જણાવ્યું કે મિડલ ઈસ્ટમાં ચાલી રહેલા યુદ્ધને કારણે છેલ્લી ઘડીએ એરસ્પેસ પર પ્રતિબંધ લાગી ગયો. જેના પછી પાઈલટને અધવચ્ચેથી પાછા ફરવાનો નિર્ણય લેવો પડ્યો.આ એરક્રાફ્ટ સોમવારે સવારે દિલ્હીથી યુનાઈટેડ કિંગડમ



(UK)ના શહેર માટે નીકળ્યું હતું. આ 26 ફેબ્રુઆરી પછી ઈન્ડિગોની પહેલી દિલ્હી-માન્ચેસ્ટર ફ્લાઈટ હતી. લાંબા સમયનો રૂટ થોડા સમય પછી ફરીથી શરૂ થયો હતો. સામાન્ય સંજોગોમાં ફ્લાઈટને લગભગ 11 કલાક લાગે છે.ફ્લાઈટ ટ્રેકિંગ સર્વિસ Flightradar24 અનુસાર, નોર્સની ઈન્ડિગો ફ્લાઈટ 6E33 એ ઈથોપિયા અને ઈરિટ્રિયાની સરહદ નજીક યુ-ટર્ન લીધો અને હવે દિલ્હી પાછી જઈ રહી છે.ડેટા દર્શાવે છે કે પશ્ચિમ એશિયામાં સક્રિય સંઘર્ષ ઝોનથી બચવા માટે બનાવેલા રૂટ છતાં, વિમાન લગભગ સાત કલાક ઉડ્યા પછી પાછું ફર્યું.

## ગેસના બાટલાના બુકિંગના નિયમોમાં ફેરફાર:ઈરાન યુદ્ધ વચ્ચે સરકારનો નિર્ણય

(એજન્સી) નવી દિલ્હી | તા.09

કેન્દ્ર સરકારે ઘરેલું LPG સિલિન્ડરના રિફિલ બુકિંગના નિયમોમાં ફેરફાર કર્યો છે. હવે ગ્રાહકો એક સિલિન્ડર બુક કર્યા પછી બીજો સિલિન્ડર 21 દિવસને બદલે 25 દિવસ પછી જ બુક કરી શકશે. એટલે કે સરકારે રિફિલ બુકિંગના લઘુત્તમ વેઈટિંગ પિરિયડને 4 દિવસ માટે વધારી દીધો છે.મિડલ ઈસ્ટમાં તણાવ વચ્ચે સરકારે આ પગલું ગેસનો સંગ્રહ અટકાવવા અને તમામ ગ્રાહકોને સમાન રીતે સપ્લાય સુનિશ્ચિત કરવા માટે ભર્યું છે. સરકારી સૂત્રોએ ન્યૂઝ એજન્સી પીટીઆઈ (PTI) ને આ માહિતી આપી છે.સરકારી સૂત્રોના જણાવ્યા અનુસાર, છેલ્લા કેટલાક સમયથી એવું જોવા મળી રહ્યું હતું કે જરૂર ન હોવા છતાં લોકો સિલિન્ડર બુક કરીને સ્ટોક કરી રહ્યા હતા.

ભાજપની માંગ- 3 તબક્કામાં જ ચૂંટણી કરાવો

## ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર બંગાળની મુલાકાતે, કાલીઘાટમાં પૂજા કરી

(એજન્સી) કોલકાતા | તા.09

ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર સોમવારે સવારે પૂજા કરવા માટે કાલીઘાટ પહોંચ્યા, જ્યાં લોકોએ તેમનો વિરોધ કર્યો હતો.મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર રવિવારે સાંજે પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણીની તૈયારીઓની સમીક્ષા કરવા કોલકાતા પહોંચ્યા. 3 દિવસ ચાલનારી ચૂંટણી પંચની ફુલ બેન્ચ મીટિંગ દરમિયાન સોમવારે જ્ઞાનેશ કુમાર કાલીઘાટમાં પૂજા કરવા પહોંચ્યા હતા.મંદિરની બહાર હાજર પ્રદર્શનકારીઓએ ગો બેકના પોસ્ટર અને કાળા વાવટા ફરકાવ્યા હતા. આ પહેલા રવિવારે પણ કોલકાતા પહોંચતા કેટલાક લોકો તેમના



### લોકોએ ગો-બેકના પોસ્ટર, કાળા વાવટા ફરકાવ્યા

કાફલા સામે ઝંડા લઈને પહોંચ્યા અને સૂત્રોચ્ચાર કર્યા હતા.આ તરફ, ભાજપના એક ડેલિગેશને સોમવારે ભારતના ચૂંટણી પંચની ફુલ બેન્ચ સાથે મુલાકાત કરી.

### ચૂંટણી પંચ સમક્ષ સુરક્ષાનો પડકાર

પશ્ચિમ બંગાળમાં અગાઉની ચૂંટણીઓમાં થયેલી હિંસાને જોતા, સુરક્ષા વ્યવસ્થા પંચ માટે સૌથી મોટી ચિંતાનો વિષય છે. વિરોધ પ્રદર્શનો વચ્ચે પણ ચૂંટણી પંચ તમામ રાજકીય પક્ષો સાથે પરામર્શ કરી રહ્યું છે જેથી શાંતિપૂર્ણ મતદાન સુનિશ્ચિત કરી શકાય. મીડિયા અહેવાલ મુજબ, આગામી દિવસોમાં પંચની બેન્ચ રાજ્યના સંવેદનશીલ વિસ્તારોની મુલાકાત પણ લઈ શકે છે. ચૂંટણી પંચ મતદાનના તબક્કાઓ અંગે શું અંતિમ નિર્ણય લે છે.

## મમતા બેનર્જીના ધરણાનો ચોથો દિવસ, રવીન્દ્ર સંગીત સંભળાવ્યું

ધરણા સ્થળે ભાજપ પત્રિકાઓ વહેંચી રહ્યું છે, જેમાં PMની રેલીનો પ્રચાર

(એજન્સી) કોલકાતા | તા.09

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીના ધરણા સોમવારે ચોથા દિવસે પણ ચાલુ છે. આજે ધરણા સ્થળે મમતાએ રવીન્દ્ર સંગીત સાથે ગીત ગાયું હતું.

મમતાએ આરોપ લગાવ્યો કે તેમના ધરણા સ્થળે ભાજપ અને તેની એજન્સીઓ પત્રિકાઓ વહેંચી રહી છે. મમતાએ TMC કાર્યકર્તાઓને નિર્દેશ આપ્યો કે તેઓ પત્રિકાઓ વહેંચી રહેલા લોકોને પકડીને પોલીસને હવાલે કરો. પત્રિકાઓમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની 14 માર્ચે કોલકાતામાં યોજાનારી રેલીનો પ્રચાર કરવામાં આવી રહ્યો છે.

# ગાંધીનગરમાં ખેડૂતોનો મહાકુંભ: પ્રવિણ રામે અરવિંદ કેજરીવાલ અને ગુજરાતના કિસાનોનો માન્યો આભાર

અમદાવાદ : કિસાન બચાવો પદયાત્રાના સમાપન બાદ સૌપ્રથમ વાર આમ આદમી પાર્ટી ફ્રન્ટલ અધ્યક્ષ પ્રવિણ રામની પ્રતિક્રિયા સામે આવી હતી. વિડિયોના માધ્યમથી પ્રવિણ રામે જણાવ્યું હતું કે 108 દિવસની લાંબી જેલ કાપ્યા બાદ સોમનાથથી શરૂ થયેલી આમ આદમી પાર્ટી દ્વારા શરૂ થયેલી પરિવર્તન લાવો - કિસાન બચાવો યાત્રા ગઈકાલે ગાંધીનગર ખાતે એક વિશાળ જનસભા સાથે સમાપ્ત થઈ. આ વિશાળ જનસભામાં સમગ્ર ગુજરાતમાંથી હજારો ખેડૂતોએ ઉપસ્થિત રહી અને આ કાર્યક્રમને સફળ બનાવ્યો. ત્યારે ગુજરાતના તમામ ખેડૂતોનો આમ આદમી પાર્ટી ખૂબ આભાર વ્યક્ત કરે છે. સાથે સાથે આ કિસાન બચાવો યાત્રાના સમાપન કાર્યક્રમમાં આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અને કટ્ટર ઈમાનદાર નેતા અરવિંદ કેજરીવાલજી ઉપસ્થિત રહ્યા અને ગુજરાતના ખેડૂતોના અવાજને ઉંચો



કરવાનું કાર્ય કર્યું છે. ત્યારે તમામ ગુજરાતના ખેડૂતો તરફથી અરવિંદ કેજરીવાલજીનો પણ આભાર માનું છું. પ્રવીણ રામે વધુમાં જણાવ્યું હતું કે અરવિંદ કેજરીવાલજી અને આમ આદમી પાર્ટીના પ્રદેશ નેતૃત્વનો વિશેષ આભાર માનવો પડે કે જ્યારે હળદળ કાંડ દરમિયાન મારી સાથે ગુજરાતના ખેડૂતો જેલમાં હતા ત્યારે એમણે તમામ ખેડૂતોને જેલમાંથી બહાર કાઢવા માટે કાનૂની મદદ હોય અથવા અન્ય કોઈ પણ મદદ હોય તેમાં અરવિંદજીએ વિશેષ ધ્યાન આપી અને મહત્વનું યોગદાન આપ્યું છે. ત્યારે એમનો વિશેષ ગુજરાતના ખેડૂતો તરફથી આભાર માનું છું. તેમજ સોમનાથથી શરૂ થઈને ખેડૂતો માટેની આ યાત્રા દરમિયાન હું ગુજરાતના તમામ ખેડૂતોની વચ્ચે ગયો, તેમના ચરણોમાં ગયો અને ગુજરાતના તમામ ખેડૂતોના અને મંદિરોમાં જઈને આશીર્વાદ મેળવ્યા. ગઈકાલે ગાંધીનગરની જનસભામાં પણ આશીર્વાદ મળ્યા. ગુજરાતના તમામ ખેડૂતોનો આમ આદમી પાર્ટી તરફથી ખૂબ આભાર માનું છું અને ગુજરાતના ખેડૂતોને

# જાણીતા પત્રકાર અને સામાજિક અગ્રણી મયુરદાન ગઢવી આમ આદમી પાર્ટીમાં જોડાયા



અમદાવાદ : ગુજરાતના જાણીતા પત્રકાર, સામાજિક કાર્યકર અને સંગઠનાત્મક નેતા મયુરદાન ગઢવી આજે આમ આદમી પાર્ટી સાથે સત્તાવાર રીતે જોડાયા છે. અમદાવાદ ખાતે યોજાયેલા કાર્યક્રમમાં પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલજી દ્વારા તેમનું પાર્ટીમાં ઉષ્માભેર સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવી, ધારાસભ્ય ગોપાલ ઈટાલિયા, ધારાસભ્ય ચૈતર વસાવા, ધારાસભ્ય હેમંત ખવા અને પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠિયા ઉપસ્થિત રહ્યા હતા. મયુરદાન ગઢવી છેલ્લા ઘણા વર્ષોથી મીડિયા, સામાજિક સેવા અને જાહેર હિતના મુદ્દાઓ પર સક્રિય રહ્યા છે. તેઓ હાલમાં અખિલ ભારતીય પત્રકાર સુરક્ષા સમિતિ (રજિ. નવી દિલ્હી)ના ગુજરાત રાજ્ય પ્રમુખ તરીકે સતત બે ટર્મથી કામગીરી કરી રહ્યા છે. રાજકીય ક્ષેત્રમાં પણ તેમનો લાંબો અનુભવ રહ્યો છે. તેઓ અગાઉ શિવસેના ગાંધીધામ અધ્યક્ષ તેમજ રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (NCP) કચ્છ જિલ્લા અધ્યક્ષ તરીકે મહત્વપૂર્ણ જવાબદારીઓ સંભાળી ચૂક્યા છે. તેઓ અગાઉ ભારતીય જનતા પાર્ટી (BJP) સાથે પણ જોડાયેલા રહ્યા હતા અને ખાસ કરીને તત્કાલીન મુખ્યમંત્રી વિજય રૂપાણીના સમર્થક તરીકે ચૂંટણી દરમિયાન સક્રિય રીતે કાર્ય કર્યું હતું. પરંતુ તાજેતરમાં બનેલી કેટલીક ઘટનાઓ, ખાસ કરીને શંકરાચાર્યજી મહારાજના અપમાન જેવી ઘટનાથી તેઓ ખૂબ જ દુખી અને વ્યથિત થયા હતા.આ ઘટનાને લઈને તેમણે ભાજપની નવી વિચારધારા સાથે અસંમતિ વ્યક્ત કરી હતી.

# પ્રધાનમંત્રી જન સુરક્ષા યોજનાને દુઃખના સમયમાં વરદાન સમાન ગણાવતો વડોદરાનો પરિવાર

## PMJS અંતર્ગત સહાય બદલ પત્ર લખીને પ્રધાનમંત્રીનો આભાર માન્યો




અમદાવાદ | ગુજરાતના વડોદરાના ઈન્દ્રજીત પાસવાને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને પત્ર લખીને પ્રધાનમંત્રી જન સુરક્ષા યોજના (PMJS) હેઠળ મળેલ સહાય બદલ આભાર માન્યો છે. તેમના પિતાના મૃત્યુ પછી તેમના પરિવારને નાણાંકીય સહાય મળી હતી. પોતાના સંદેશમાં, ઈન્દ્રજીતે યોજના હેઠળ પોતાની માતાને મળેલી 2 લાખની સહાય માટે આભાર માન્યો. તેમણે લખ્યું કે તેમના પિતાના મૃત્યુ પછી મળેલી નાણાંકીય સહાય, મુશ્કેલ સમયમાં તેમની માતા માટે 'વરદાન' બનીને આવી હતી.પોતાની લાગણીઓ વ્યક્ત કરતા, ઈન્દ્રજીતે લખ્યું, 'મને ખબર નથી કે પીએમ સાથે સીધી વાત કેવી રીતે કરવી, પરંતુ હું અને મારો પરિવાર તેમને ખૂબ પ્રેમ મોકલીએ છીએ.' તેમણે પ્રધાનમંત્રીને લાંબા આયુષ્યની શુભેચ્છા પાઠવી અને તેમના પરિવારનો મળેલા સહયોગ બદલ તેમનો આભાર વ્યક્ત કર્યો હતો. પોતાના પત્રમાં ઈન્દ્રજીતે ઉલ્લેખ કર્યો છે કે, તેના પિતાના મૃત્યુ પછી પરિવાર પર આભ તૂટી પડ્યું હતું. આવી ગંભીર સ્થિતિમાં પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના હેઠળ તેની માતાના ખાતામાં 2 લાખની સહાય જમા થઈ હતી. આ રકમ અંગે વાત કરતા ઈન્દ્રજીતે લખ્યું કે, 'મારા પિતાના અવસાન બાદ મળેલી આ નાણાંકીય સહાય મારી માતા માટે ખરા અર્થમાં વરદાન સાબિત થઈ છે.

### મનપાના આ નિર્ણયથી શહેરના મધ્યમ અને ગરીબ વર્ગના દર્દીઓને મોટી રાહત મળશે...

# ગાંધીનગરના અર્બન હેલ્થ સેન્ટરોમાં સ્વતંત્ર ડેન્ટલ ક્લિનિક શરૂ કરાશે : મોંઘા આઉટસોર્સિંગને બદલે હવે ઈનહાઉસ સેટઅપ ગોઠવી ડેન્ટિસ્ટોની ભરતી કરશે

ગાંધીનગર | ગાંધીનગર શહેરના અર્બન હેલ્થ સેન્ટરોમાં ડેન્ટલ યુનિટ સ્થાપવા માટે ખાનગી સંસ્થા દ્વારા રજૂ કરવામાં આવેલી લાખો રૂપિયાની દરખાસ્તને સ્ટેન્ડિંગ કમિટીએ ફગાવી દીધી છે. આ નિર્ણય પાછળનું મુખ્ય કારણ ખાનગી સંસ્થા દ્વારા માંગવામાં આવેલો વાર્ષિક જંગી ખર્ચ છે. હવે મહાનગરપાલિકા કોઈ પણ ખાનગી એજન્સી પર નિર્ભર રહેવાને બદલે ઈનહાઉસ સેટઅપ દ્વારા પોતે જ આ ક્લિનિક્સનું સંચાલન કરશે.

ગાંધીનગરની ઉવારસદ સ્થિત કર્ણાવતી સ્કૂલ ઓફ ડેન્ટીસ્ટ્રી દ્વારા ગાંધીનગરના હેલ્થ સેન્ટરોમાં ડેન્ટલ યુનિટ ચલાવવા માટે દરખાસ્ત રજૂ કરવામાં આવી હતી. આ પ્રસ્તાવમાં એક યુનિટના સંચાલન પાછળ વાર્ષિક અંદાજે સાડા સાત લાખ રૂપિયાનો ખર્ચ દર્શાવવામાં આવ્યો હતો. ત્યારે મ્યુનિસિપલ કમિશનરે આ ફાઈલ સ્ટેન્ડિંગ કમિટી સમક્ષ મંજૂરી અર્થે મોકલી હતી, પરંતુ કમિટીએ ગહન વિચાર વિમર્શ બાદ આ ખર્ચ ઘણો વધારે હોવાનું જણાવી આર્થિક બોજારૂપ દરખાસ્ત નામંજૂર કરી હતી.

સુત્રોએ કહ્યુ કે, માત્ર એક સેન્ટર પાછળ આટલી મોટી રકમ ખર્ચવી આર્થિક રીતે વ્યવહારુ નથી. જો મનપા પોતે જ આ વ્યવસ્થા ઊભી કરે તો તે વધુ અસરકારક અને લાંબે ગાળે સસ્તી સાબિત થશે. હવે મહાનગરપાલિકા ડેન્ટલ ક્લિનિક માટે જરૂરી તમામ માળખાગત સુવિધાઓ જેવી કે ડેન્ટલ ચેર, મશીનરી અને સાધન-સામગ્રીની ખરીદી જાતે જ કરશે. એટલું જ નહીં આગામી બજેટમાં આ માટે વિશેષ જોગવાઈ કરીને



નિષ્ણાત ડેન્ટિસ્ટો અને સંલગ્ન મેડિકલ સ્ટાફની સીધી ભરતી કરવાની પ્રક્રિયા પણ હાથ ધરવામાં આવશે.

આ પ્રોજેક્ટ પ્રથમ તબક્કે પ્રાયોગિક ધોરણે એક કે બે અર્બન હેલ્થ સેન્ટરમાં શરૂ કરવામાં આવશે. ત્યાંની સફળતા અને કામગીરીની સમીક્ષા કર્યા બાદ તબક્કાવાર રીતે સમગ્ર શહેરના તમામ હેલ્થ સેન્ટરોને આ સેવામાં આવરી લેવાનું મનપાનું આયોજન છે.

મનપાના આ નિર્ણયથી શહેરના મધ્યમ અને ગરીબ વર્ગના દર્દીઓને મોટી રાહત મળશે, કારણ કે અત્યાર સુધી દાંતની સારવાર માટે મોંઘા ખાનગી ક્લિનિક્સ પર નિર્ભર રહેવું પડતું હતું. કોર્પોરેશન દ્વારા સંચાલિત આ ક્લિનિક્સથી નાગરિકોને રાહત દરે સુવિધા મળશે અને સાથે જ સરકારી તિજોરી પર ખાનગી એજન્સીઓના નામે થતો બિનજરૂરી ખર્ચ પણ અટકશે. આમ ગાંધીનગર મહાનગરપાલિકા હવે આરોગ્ય ક્ષેત્રે આત્મનિર્ભર બનીને નાગરિકોની સુખાકારીમાં વધારો કરવા સજ્જ થશે.




**નાગરિકોનો રાહત દરે સારવાર મળશે**

મનપાના આ નિર્ણયથી શહેરના મધ્યમ અને ગરીબ વર્ગના દર્દીઓને મોટી રાહત મળશે, કારણ કે અત્યાર સુધી દાંતની સારવાર માટે મોંઘા ખાનગી ક્લિનિક્સ પર નિર્ભર રહેવું પડતું હતું. કોર્પોરેશન દ્વારા સંચાલિત આ ક્લિનિક્સથી નાગરિકોને રાહત દરે સુવિધા મળશે અને સાથે જ સરકારી તિજોરી પર ખાનગી એજન્સીઓના નામે થતો બિનજરૂરી ખર્ચ પણ અટકશે. આમ ગાંધીનગર મહાનગરપાલિકા હવે આરોગ્ય ક્ષેત્રે આત્મનિર્ભર બનીને નાગરિકોની સુખાકારીમાં વધારો કરવા સજ્જ થશે.

# News Brief

## ઘરફોડ ચોરીનો બનાવ આવ્યો સામે:પોર ગામે ખેડૂત પરિવારના બંધ મકાનમાંથી 6.85 લાખની ચોરી

ગાંધીનગર | ગાંધીનગરના પોર-કુડાસણ રોડ પર રહેતા એક ખેડૂત પરિવાર માટે લગ્ન પ્રસંગમાં જવું ભારે પડ્યું છે. પરિવાર સવારે લગ્નમાં ગયો અને બપોરે પરત ફર્યો તેટલી જ વારમાં તસ્કરોએ ઘરના તાળા તોડીને સોના-ચાંદીના દાગીના તેમજ રોકડ મળી કુલ 6,85,000 રૂપિયાના મુદ્દામાલ પર હાથ સાફ કરી દીધો હતો.

આ મામલે અડાલજ પોલીસે ગુનો નોંધી તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. પોર ગામમાં રહીને ખેતીકામ કરતા જશુજી પૂજાજી ઠાકોરનો પરિવાર 7 માર્ચના રોજ એક સામાજિક પ્રસંગમાં ગયો હતો. સવારે 10 વાગ્યાની આસપાસ તેઓ જાસપુર ગામે લગ્નમાં હાજરી આપવા માટે ઘરને તાળું મારીને નીકળ્યા હતા.

લગ્ન પતાવીને જ્યારે તેઓ બપોરે 3 વાગ્યે ઘરે પાછા આવ્યા, ત્યારે મુખ્ય દરવાજાની લોખંડની જાળીનું લોક તૂટેલું જોઈને સ્તબ્ધ થઈ ગયા હતા. અંદર જઈને જોયું તો આખું ઘર વેરવિખેર હતું અને સામાન અસ્તવ્યસ્ત પડ્યો હતો. તસ્કરોએ ઘરના અંદરના રૂમોમાં રાખેલા પેટી પલંગ અને લોખંડની તિજોરીને ટાર્ગેટ બનાવી હતી. ચોરી થયેલા સામાનની વિગત મુજબ, જશુજીના પુત્રવધૂના સોનાની કાનની બુટ્ટી અને સેર (કિંમત 1,40,000), સોનાનું બાજુબંધ લોકેટ (કિંમત 3,50,000) અને 500 ગ્રામ વજનનો ચાંદીનો જુડો (કિંમત 1,20,000) ચોરાઈ ગયા છે. આ દાગીનાની સાથે તિજોરીમાં રાખેલા 75,000 રૂપિયા રોકડા પણ તસ્કરો લઈ ગયા છે. ધોળા દિવસે માત્ર 5 કલાકના ટૂંકા ગાળામાં થયેલી આ મોટી ચોરીએ પંથકમાં ભયનો માહોલ પેદા કર્યો છે. કુલ 6.85 લાખની મત્તાની ચોરી અંગે જશુજીએ અડાલજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે ગુનો નોંધીને આસપાસના સીસીટીવી ફૂટેજ અને અન્ય પુરાવાઓના આધારે તસ્કરોની શોધખોળ શરૂ કરી છે.

## ગુજરાતમાં 500-1000ની નોટો બંધ થયાના 10 વર્ષે પણ કમિશનથી વટાવી આપવાનો કારોબાર ચાલું...

ગુજરાત | 500, 1000 રૂપિયાની ચલણી નોટો બંધ થયાના 10 વર્ષ પછી પણ આ પ્રતિબંધિત જૂની નોટો વટાવવાનો વેપલો આયોજનબદ્ધ રીતે ધમધમી રહ્યો છે, હજુ પણ 10થી 15 ટકા કમિશનથી મેળવવા માટે હેરાફેરી થઈ રહી છે. જેમાં ખાસ કરીને સુરત અને મુંબઈના કેટલાક લોકો આવી લાખો રૂપિયાની નોટો વટાવવાનું નેટવર્ક ચલાવી રહ્યા છે. તાજેતરમાં નરોડા પોલીસે પ્રતિબંધિત 500 અને 1000ની 90 લાખ રૂપિયાની જૂની નોટો સાથે બે આરોપીને પકડ્યા હતા. તેઓની પૂછપરછમાં સુરતના શખસે આંગડિયા મારફતે નોટો વટાવવા માટે અમદાવાદ મોકલી હતી. જો કે, નોટો સાથે આરોપીઓ પકડાઇ જતાં નોટા વટાવી શકતા આ ચેઈન તૂટી ગઈ હતી. આ પ્રકારે લવાતી નોટો રિઝર્વ બેન્કમાં વટાવાતી હોવાની આશંકા છે. પરંતુ અનેક કિસ્સા પછી પણ નેટવર્કના મૂળ સુધી તપાસ પહોંચતી જ નથી. પાંચ દિવસ પહેલા નરોડામાં ગેલેક્સી સિનેમા ચાર રસ્તાથી પોલીસે કૃષ્ણનગરના અનિલ રબારી અને પાટણના કુષ્ણપાલસિંહ સોઢાને પકડી પાડયા હતા તેમની કારમાંથી 90 લાખ રૂપિયાની કિંમતની 500ની અને 1000 રૂપિયાના દરની જૂની પ્રતિબંધીત નોટો મળી આવી હતી. જોકે, પોલીસને થાપ આપીને લક્ષ્મણ દેસાઈ અને જયેશ પટેલ નામના શખસો ભાગી ગયા હતા. પકડાયેલા આરોપીઓએ આ જૂની નોટો વિજાપુરના જિતેન્દ્રસિંહ રાઠોડ પાસેથી વટવા માટે લાવ્યા હતા. પરંતુ નોટો કોઈ લેતું ન હોવાથી પાછી આપવા જતા પહેલા પકડાઇ ગયા હતા. પોલીસે વિજાપુરના જિતેન્દ્રસિંહની ધરપકડ કરતા તેને આ નોટો સુરતના અડાજણમાં ટેક્ષટાઈલનો વ્યવસાય કરતા જયભાઈ શાહના નામના વેપારીએ મોકલી હતી. પરંતુ આ નોટો આરોપીઓ વટવી શક્યા ન હતા, જો કે, સુરતનો આરોપી પકડાયા બાદ સમગ્ર નેટવર્કનો પર્દાફાસ થશે.

## ગુજરાતમાં કાળઝાળ ગરમીનો દોર: આગામી ત્રણ દિવસ અનેક જિલ્લાઓમાં યલો એલર્ટની આગાહી

ગુજરાત | ગુજરાતમાં ઉનાળાની શરૂઆતે જ આકરા તેવર બતાવવાનું શરૂ કર્યું છે. હવામાન વિભાગની તાજેતરની આગાહી અનુસાર, રાજ્યના વિવિધ ભાગોમાં આગામી 3 દિવસ સુધી હીટવેવની સ્થિતિ રહેશે, જેના પગલે તંત્ર દ્વારા 'યલો એલર્ટ' જાહેર કરવામાં આવ્યું છે.

હવામાન વિભાગ અનુસાર, ગરમીનો પારો 40 ડિગ્રીને પાર જવાની શક્યતા છે. સોમવાર (નવમી માર્ચ) રાજકોટ અને કચ્છ જિલ્લામાં હીટવેવની આગાહી. જ્યારે મંગળવાર (10મી માર્ચ) અને બુધવાર (11મી માર્ચ) અમદાવાદ, ગાંધીનગર, બનાસકાંઠા, વડોદરા, સુરત, કચ્છ, અમરેલી, રાજકોટ, સુરેન્દ્રનગર, ભાવનગર અને બોટાદમાં સખત ગરમી સાથે યલો એલર્ટ રહેશે.

તંત્ર દ્વારા હીટવેવની ગંભીરતાને ધ્યાને રાખીને નાગરિકોને સાવચેતી રાખવા અપીલ કરવામાં આવી છે. બપોરે 12થી 4 વાગ્યા દરમિયાન ખૂબ જ જરૂરી હોય તો જ ઘરની બહાર નીકળવું. ગરમીથી બચવા માટે આછા રંગના સુતરાઉ કપડાં પહેરવા. શરીરને હાઈડ્રેટેડ રાખવા માટે પુષ્કળ પ્રમાણમાં પાણી, છાશ, લીંબુ શરબત કે ઓઆરએસ જેવા પ્રવાહી લેવા. વૃદ્ધો અને બાળકોએ ગરમીમાં બહાર જવાનું ટાળવું જોઈએ.

# ન્યાયના વ્યવસાય સાથે જોડાયેલા વકીલોમાં જ ગેરરીતિનો આક્ષેપ...

ગાંધીનગર | ન્યાય આપવાના પવિત્ર વ્યવસાય સાથે જોડાયેલા વકીલો જ જો ગેરરીતિના આક્ષેપોમાં સપડાય તો સમગ્ર ન્યાયવ્યવસ્થા પર પ્રશ્નચિહ્ન ઊભું થાય છે. બાર કાઉન્સિલ ઑફ ગુજરાતની તાજેતરની ચૂંટણી બાદ ઊભા થયેલા વિવાદે આવી જ પરિસ્થિતિ સર્જી છે. આ વિવાદ વચ્ચે ચૂંટણી અધિકારીઓએ રાજીનામું ધરી દેવા સુધીની ચેતવણી ઉચ્ચારી હતી.

અમદાવાદમાં 6 માર્ચ, 2026ના રોજ ગુજરાત યુનિવર્સિટીના અટલ કલામ હોલ ખાતે બાર કાઉન્સિલ ઑફ ગુજરાતની ચૂંટણી યોજાઈ હતી. મતદાન પૂર્ણ થયા બાદ ચૂંટણી નિયમો મુજબ બેલેટ બોક્સ ઉમેદવારો અને તેમના એજન્ટોની હાજરીમાં સીલ કરવામાં આવ્યા હતા.

ચૂંટણી અધિકારીઓના જણાવ્યા મુજબ તમામ બેલેટ બોક્સને નિયમ મુજબ ટ્રકમાં મૂકી ગુજરાત હાઈકોર્ટ ઑડિટોરિયમ ખાતે લઈ જવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જોકે આ દરમિયાન કેટલાક ઉમેદવારો અને તેમના સમર્થકો દ્વારા હંગામો કરવામાં આવ્યો હતો અને ચૂંટણી પ્રક્રિયામાં અવરોધ ઊભો કરવાનો પ્રયાસ થયો હોવાનું દસ્તાવેજોમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે. ટ્રકમાં રાખવામાં આવેલી ચૂંટણી સામગ્રીને સળગાવી દેવાની ધમકી આપવામાં આવી હતી. ટ્રકમાં બેઠેલા સ્ટાફ સભ્યોને પણ નીચે ઉતરી જવા માટે ધમકાવવામાં આવ્યા હોવાનું જણાવાયું છે. પરિસ્થિતિ બેકાબૂ બનતા બાર કાઉન્સિલના સચિવ દ્વારા તાત્કાલિક પોલીસ સુરક્ષા માંગવામાં આવી હતી.

પરિસ્થિતિ તંગ બનતા પોલીસને બોલાવવાની ફરજ પડી હતી. પોલીસ અધિકારીઓની હાજરીમાં બેલેટ બોક્સ તેમજ અન્ય ચૂંટણી સામગ્રીની તપાસ કરવામાં આવી હતી.

# રેલવેમાં ટેન્ડર અપાવવાનું કહી ઠગ ટોળકીએ બંગાળના વેપારીને 4.38 લાખનો ચુનો લગાવ્યો

અમદાવાદ | અમદાવાદમાં ઠગ ટોળકીએ બંગાળના એક વેપારીને રેલવેમાં ટેન્ડર અપાવાની લાલચ આપી તેની પાસેથી અમદાવાદની ઠગ ટુકડીએ 4.28 લાખ રૂપિયા પડાવ્યા હતા.આ ટુકડીએ વેપારીને સર્કિટ હાઉસ ખાતે લઈ ગઈ હતી અને અધિકારીઓ તેજસ મહેતા અને કૌશિક લાખાણી સાથે મિટિંગ કરાવી અઢી તોલા સોનાના સિક્કા લઈ લીધા હતા.એડવાન્સની માંગણી વેપારીએ ન સંતોષતા ઠગ ભાગી ગયા હતા.આ અંગે ક્રાઈમ બ્રાન્ચે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

બંગાળના દુર્ગાપુરમાં રહેતા નેપાલચંદ્ર મુખરજી જુદા જુદા ટેન્ડર લઈને તેનું કામ કરે છે.દરમિયાન તેને વડોદરામાં રહેતા મિત્ર પુષ્પેન્દર જૈન દ્વારા હાર્દિક જૈનનો નંબર મળ્યો હતો, જે અધિકારીઓ પાસેથી ટેન્ડર અપાવવાનું કામ કરે છે.જેની સાથે વાત કરીને નેપાલચંદ્ર અમદાવાદ આવ્યા હતા. હાર્દિકે તેમને પોતાના ઓળખીતા સ્વપનિલ બંગાળી સાથે સંપર્ક કરાવ્યો હતો. સ્વપનિલે અધિકારીઓને મળતાં પહેલા તેમને સોનાની કોઈ વસ્તુ ગિફ્ટ આપવાની વાત કરી હતી. જેને પગલે નેપાલચંદ્રે અમદાવાદ આવીને અઢી તોલા સોનાના સિક્કા મંગાવી લીધા હતા.

હાર્દિક જૈન હોટલ પર આવી ગયો હતો. તેણે સ્વપનિલ બંગાળીને પણ ફોન કરીને બોલાવી લીધો હતો. સ્વપનિલ પોતાની સાથે જીતુ પટેલને પણ લેતો આવ્યો હતો. સ્વપનિલે જીતુની બહુ જ ઓળખાણ હોવાની વાત કરી હતી.

જીતુ તથા સ્વપનિલ વેપારી નેપાચંદ્ર તથા હાર્દિક જૈનને લઈને શાહિબાગ સર્કિટ હાઉસ ખાતે પહોંચ્યા હતા. જ્યાં તેઓ એક રૂમમાં બેઠેલા અધિકારીઓ તેજસ મહેતા અને કૌશિક લાખાણી બેઠા હતા. તેમને મળી આવ્યા બાદ નેપાલચંદ્રને લઈ ગયા હતા. ઔપચારિક વાતો બાદ તેઓ પાછા આવી ગયા હતા. સ્વપનિલ અને જીતુએ અધિકારીઓને આપવાનું કહીને 4.38 લાખની સોનાની લગડીઓ લઈ ગયા હતા. ત્યારબાદ હોટલ પરત આવીને ટેન્ડર માટે રૂપિયાની માંગણી કરી હતી. નેપાલચંદ્રે કોઈ પણ પ્રકારનું એડવાન્સ આપવાનો ઈનકાર કરી દીધો હતો.જેને પગલે જીતુ અને સ્વપનિલ હોટલમાંથી ચાલ્યા ગયા હતા.

# પિકઅપ ડાલામા ચોર ખાના બનાવી લવાતો વિદેશી દારૂનો જથ્થો પકડાયો

ગાંધીનગર : ચિલોડા પોલીસે ચંદ્રાલા નાકા પોઈન્ટ પાસેથી બાતમીના આધારે વોચ ગોઠવીને પોલીસે રાજસ્થાનથી આવતા એક પિકઅપ ડાલાને આંતરીને તપાસ કરતાતેમાંથી ગુપ્ત રીતે છુપાવેલો વિદેશી દારૂ અને બિયરનો મોટો જથ્થો મળી આવ્યો હતો. બે શખ્સોની ધરપકડ કરી ચિલોડા પોલીસે ૪.૮૧ લાખનો મુદ્દામાલ જપ્ત કરી લીધો હતો.

રાજ્યમાં દારૂબંધી હોવા છતાં પર પ્રાંતમાંથી મોટા પ્રમાણમાં વિદેશી દારૂનો જથ્થો ઘુસાડવામાં આવી રહ્યો છે ત્યારે પોલીસ પણ બાતમીદારોને સક્રિય કરીને આવા દારૂના જથ્થાને પકડી રહી છે ત્યારે ચિલોડા પોલીસની ટીમ ચંદ્રાલા નાકા પોઈન્ટ ખાતે વાહન ચેકિંગમાં હતી તે દરમિયાન ખાનગી બાતમી મળી હતી કે, એક સફેદ કલરના પિકઅપ ડાલામાં વિદેશી દારૂનો જથ્થો ભરીને હિંમતનગર તરફથી ચિલોડા તરફ લઈ જવામાં આવી રહ્યો છે. જે બાતમીના આધારે વોચ ગોઠવી શંકાસ્પદ ડાલાને ઉભું રાખ્યું હતું. પોલીસે જ્યારે ડાલાની તપાસ કરી ત્યારે ઉપરના ભાગે એક વિશેષ ચોર ખાનું બનાવેલું જોવા મળ્યું હતું.

# હોસ્પિટલમાં ગરીબોની મદદના નામે સાયબર ફ્રોડ : વી.એસ.માં દર્દીઓના સ્વજનોને લાલચ આપી મ્યુલ એકાઉન્ટ ખોલાવતો રેહાન ભૂરાણી પકડાયો

અમદાવાદ | સાયબર ફ્રોડ માટે મ્યુલ એકાઉન્ટનો ઉપયોગ થઈ રહ્યો છે અને ચોક્કસ ટુકડી દ્વારા જરૂરિયાતમંદ લોકોને લાલચ આપી તેમના એકાઉન્ટ પોતે ઓપરેટ કરી તેમાં કરોડોનો ટ્રાન્ઝેક્શન કરવામાં આવી રહ્યો છે. આવી જ રીતે કામ કરતી એક ટુકડીનો માસ્ટર માઈન્ડ રેહાન ભૂરાણી વી.એસ. હોસ્પિટલમાં સારવાર માટે આવતા જરૂરિયાતમંદ દર્દીઓના સ્વજનોને વાતમાં લઈ તેમને થોડા રૂપિયા આપી તેમના ડોક્યુમેન્ટના આધારે એકાઉન્ટ ખોલાવી તેનો ઉપયોગ મ્યુલ એકાઉન્ટ માટે થાય તેમ એકાઉન્ટ સાયબર ગઠિયાઓને આપતો હતો. જેને પગલે ક્રાઈમ બ્રાંચે તેને વી.એસ. હોસ્પિટલ પાસેથી ઝડપી લીધો હતો.

અમદાવાદ ક્રાઈમ બ્રાંચને બાતમી મળી હતી કે, એક યુવક વી.એસ.માં આવતા જરૂરિયાતમંદ લોકોના ડોક્યુમેન્ટના આધારે મ્યુલ એકાઉન્ટ ઓપન કરાવી રહ્યો છે. પોલીસે તરત જ વી.એસ. હોસ્પિટલ પહોંચી



લોકોને ઠગતા રેહાન મીનાઝઅલી ભૂરાણી (રહે. ગુલુભાઈની વાડી, ભાવનગર-તળાજા)ને ઝડપી લીધો હતો. તેની પાસેથી પોલીસે 3 મોબાઈલ ફોન, ચાર જુદી જુદી બેંકની ચેકબુક, બે ડેબિટ કાર્ડ તથા અન્ય ડોક્યુમેન્ટ મળ્યા હતા.

પોલીસ સમક્ષ તેણે કબૂલાત કરી હતી કે, તે વી. એસ.માં આવતા ગરીબ લોકોને ટાર્ગેટ કરી તેમને સારવાર માટે રૂપિયાની જરૂર હોય ત્યારે તેમના નામે એકાઉન્ટ ખોલાવી તેની કિટ પોતે લઈ લેતો હતો અને તેમના નામે નવા મોબાઈલ નંબર લઈ તે બેંકમાં લખાવતો હતો. જ્યારે આ ડોક્યુમેન્ટના આધારે જુદા-જુદા સાયબર ફ્રોડના રૂપિયા આવા ખાતામાં ટ્રાન્ઝેક્શન કરીને તેનો ઉપયોગ મ્યુલ એકાઉન્ટ તરીકે કરતા હતા. આવા એક ખાતાદીઠ તેઓ જરૂરીયાતમંદ ખાતેદારને 20 હજાર રૂપિયા કમિશન આપતા હતા. જોકે તેના ખાતામાં કેટલાના ટ્રાન્ઝેક્શન થાય છે તેની ખાતેદારને કોઈ જ જાણ હોતી નહોતી.વધુમાં ભૂરાણીએ પોતાના આઠ સાગરીતો પણ આ જ કામ કરતા હોવાની કબૂલાત કરી પોતાના આઠ સાગરીતો વત્સલ પટેલ (રહે. નહેરૂનગર, અમદાવાદ), ઈમરાન (જૂહાપુરા), મુસ્તફા (ભાવનગર), યાસીન (ભાવનગર), કોમેલ (આણંદ), જયેશભાઈ (મુંબઈ), રૂષભ ગડા (મુંબઈ) તથા અસદ (ભાવનગર) પણ આવું જ કામ કરતા હોવાનું જણાવ્યું હતું. જેને પગલે પોલીસે તેમને ઝડપી લેવા કવાયત શરૂ કરી છે.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

## શહેરી વિકાસ અને દબાણ હટાવવાની કામગીરી તેજ બની, ગેરકાયદે દબાણ હટાવવાની પ્રક્રિયા વિગતો જાહેર થઈ

# રાજકોટ લક્ષ્મીનગર મેગા ડિમોલિશન ઝુંબેશથી ખળભળાટ

(એજન્સી) રાજકોટ । તા. 09

રંગીલા રાજકોટમાં વર્ષો જૂના ગેરકાયદે દબાણો પર આજે તંત્રનો હથોડો પડ્યો છે. રાજકોટ મહાનગરપાલિકા અને રેલવે વિભાગ દ્વારા સંયુક્ત રીતે હાથ ધરાયેલી આક્રમક કાર્યવાહીમાં શહેરના પશ્ચિમ વિસ્તારના લક્ષ્મીનગરમાં અભૂતપૂર્વ ડિમોલિશન હાથ ધરવામાં આવ્યું હતું. સોમવારે વહેલી સવારથી જ સીડીએસ બિપિન રાવત અંડરબ્રિજ પાસે આવેલા અંદાજે પાંચ એકર જેટલા સરકારી ભૂખંડ પરના દબાણો દૂર કરવા માટે તંત્રનો મોટો કાફલો જેસીબી મશીનો સાથે ત્રાટક્યો હતો. આ કામગીરીને પગલે સ્થાનિકોમાં ફફડાટ ફેલાઈ ગયો હતો અને સમગ્ર વિસ્તાર છાવણીમાં ફેરવાઈ ગયો હતો.

રાજકોટ લક્ષ્મીનગર મેગા ડિમોલિશન ઝુંબેશ દરમિયાન કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે વહીવટી તંત્ર દ્વારા લોખંડી બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. રેલવેની જમીન પર વર્ષોથી ખડકાયેલા ૩૫૦થી વધુ ગેરકાયદે ઝૂંપડાઓને તોડી પાડતી વખતે સ્થાનિકો અને અધિકારીઓ વચ્ચે ઉગ્ર બોલાચાલી અને ઝપાઝપીના દ્રશ્યો સર્જાયા હતા. આ પરિસ્થિતિને કાબૂમાં લેવા માટે રેલવે પોલીસ, માલવિયાનગર પોલીસ અને ક્રાઈમ બ્રાન્ચના ૪૦૦થી વધુ જવાનોને તૈનાત કરવામાં આવ્યા હતા. સૂત્રો દ્વારા મળતી





માહિતી મુજબ, કેટલાક રહેવાસીઓએ વિરોધ પ્રદર્શન કરવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ પોલીસની કડક કાર્યવાહીને કારણે દબાણ હટાવવાની પ્રક્રિયા સતત ચાલુ રહી હતી.

### 87000 ચો. મીટર જમીન થશે દબાણમુક્ત

તંત્ર દ્વારા આ મેગા ડિમોલિશનને અત્યંત આયોજનબદ્ધ રીતે સાત અલગ-અલગ ઝોનમાં વહેંચીને હાથ ધરવામાં આવ્યું છે. આશરે ૮૭,૦૦૦ ચોરસ મીટર વિસ્તારમાં ફેલાયેલા કાચા અને પાકા દબાણોને જમીનદોસ્ત કરવામાં આવી રહ્યા છે. આ કામગીરી પાછળનો મુખ્ય હેતુ આજી નદીના કિનારે રિવરફ્રન્ટનો વિકાસ અને ટી.પી. રોડ ખુલ્લો કરવાનો છે. શહેરી વિકાસ અને દબાણ હટાવવાની કામગીરી માટે ઉચ્ચ અધિકારીઓ, ટેકનિકલ સ્ટાફ અને સુપરવાઈઝરની ટીમ મેદાનમાં ઉતારવામાં આવી છે. આ જમીન ખુલ્લી થતા રાજકોટના પશ્ચિમ વિસ્તારમાં ટ્રાફિકની સમસ્યામાં પણ મોટી રાહત મળશે.

ગેરકાયદે દબાણ હટાવવાની પ્રક્રિયા વિગતો મુજબ, તંત્ર દ્વારા અગાઉ નોટિસ પાઠવવામાં આવી હોવા છતાં દબાણો હટાવવામાં આવ્યા નહોતા. પોતાના ઘર ગુમાવતા ગરીબ અને શ્રમિક પરિવારોમાં ભારે આક્રોશ જોવા મળ્યો હતો. અનેક મહિલાઓ પોતાના સામાન સાથે રસ્તા પર ઉતરી આવી હતી. જોકે, મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારીઓએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું છે કે, સરકારી પ્રોજેક્ટ્સ અને ટાઉન પ્લાનિંગ સ્કીમના અમલીકરણ માટે આ કડક કદમ ઉઠાવવું અનિવાર્ય છે. કોઈપણ રાજકીય કે સામાજિક દબાણ વગર આ કામગીરી પૂર્ણ કરવામાં આવશે તેવો નિર્ધાર વ્યક્ત કરવામાં આવ્યો છે. રાજકોટના સ્માર્ટ સિટી બનવાની દિશામાં આ ડિમોલિશન એક મહત્વનું પગલું ગણાઈ રહ્યું છે. આજી નદી કિનારે રિવરફ્રન્ટ પ્રોજેક્ટ અંતર્ગત પ્રવાસન અને પર્યાવરણની જાળવણી માટે આ જમીન અત્યંત જરૂરી છે. મીડિયા અહેવાલ મુજબ, આ જમીન ખુલ્લી થયા બાદ રેલવે સ્ટેશન અને રિંગ રોડ વચ્ચેનું જોડાણ વધુ સરળ બનશે. મહાનગરપાલિકા દ્વારા હવે આ ખુલ્લી થયેલી જમીન પર ફેન્સિંગ કરવાની અને સુરક્ષા વધારવાની તૈયારીઓ પણ શરૂ કરી દેવામાં આવી છે જેથી ફરીથી દબાણ ન થાય.

## વારસિયા મીરા સોસાયટીમાં ચોરી: હોટલ માલિકના ઘરમાંથી લાખોના દાગીના સાફ

વડોદરા | શહેરના વારસિયા વિસ્તારમાં આવેલી મીરા સોસાયટીમાં ધૂળેટીના તહેવાર દરમિયાન એક ચોંકાવનારી ચોરીની ઘટના બની છે. એક હોટલ માલિકના બંધ મકાનને નિશાન બનાવી તસ્કરોએ માત્ર સાડા ત્રણ કલાકમાં 7.22 લાખની મત્તા પર હાથ સાફ કર્યો છે. આ કેસમાં સૌથી આશ્ચર્યજનક પાસું એ છે કે, ભોગ બનનાર પરિવારે તેમની પુત્રીની જ સ્કૂલ ફ્રેન્ડ પર ઘરની તમામ વિગતો હોવાને કારણે ચોરીની શંકા વ્યક્ત કરી છે. વારસિયા મીરા સોસાયટીમાં ચોરી ની આ ઘટના બાદ પોલીસ તપાસનો ધમધમાટ શરૂ થયો છે. સંગમ ચાર રસ્તા પાસે 'ચુલા ઢોસા' નામે હોટલ ચલાવતા સંતોષ વાસ્તેકરના પત્ની પાયલબેને નોંધાવેલી ફરિયાદ મુજબ, ગત તા. 4થીના રોજ ધૂળેટી હોવાથી તેઓ અને તેમની પુત્રી હિયા સાંજે 6 વાગ્યે પ્રતાપનગર ખાતે પિયરમાં ગયા હતા. આ દરમિયાન ઘર બંધ હતું. રાત્રે 9:30 વાગ્યે જ્યારે તેઓ પરત ફર્યા ત્યારે ઘરનો પાછળનો દરવાજો ખુલ્લો અને મચ્છરદાનીની જાળી તૂટેલી હાલતમાં મળી આવી હતી. 7.22 લાખની મત્તાની ચોરી ની જાણ થતા જ પરિવાર સ્તબ્ધ થઈ ગયો હતો.

તસ્કરોએ ઘરની વચ્ચેની રૂમમાં રાખેલી તિજોરીનું લોકર તોડીને લગ્ન વખતે કરિયાવરમાં મળેલા સોના-ચાંદીના કિંમતી દાગીના અને રોકડ રકમ ચોરી લીધી હતી. પાયલબેને પોલીસને જણાવ્યું કે, તેમની પુત્રીની સ્કૂલ ફ્રેન્ડ અવારનવાર ઘરે આવતી હતી અને તેને ઘરની રજેરજની માહિતી હતી. આથી, સ્કૂલ ફ્રેન્ડ દ્વારા ચોરીની આશંકા વ્યક્ત કરવામાં આવી છે. પોલીસ અત્યારે આ શંકાના આધારે તે યુવતી અને તેની આસપાસના લોકોની પૂછપરછ કરી રહી છે.

## અનગઢના યુવાને ચિઠ્ઠી લખી જીવન ટૂંકાવ્યું, જિલ્લામાં 3 આત્મહત્યાની ઘટના થી પોલીસ તંત્ર દોડતું થયું

(એજન્સી) વડોદરા । તા. 09

વડોદરા શહેર અને જિલ્લામાં આત્મહત્યાના ત્રણ અલગ-અલગ બનાવોએ ચકચાર મચાવી છે. ખાસ કરીને અનગઢ ગામમાં એક ૩૫ વર્ષીય યુવાને હૃદયદ્રાવક અંતિમચિઠ્ઠી લખી ગળાફાંસો ખાઈ લેતા સમગ્ર પંથકમાં ગમગીની છવાઈ ગઈ છે. મૃતકે પોતાની ચિઠ્ઠીમાં જીવનથી થાકી ગયા હોવાની અને હવે જીવવામાં કંઈ રસ રહ્યો ન હોવાની વેદના વ્યક્ત કરી છે. વડોદરામાં આપઘાતના બનાવો ની આ શ્રેણીમાં એક વૃદ્ધ અને અન્ય એક યુવાને પણ પોતાનું જીવન ટૂંકાવ્યું છે.

અનગઢના વખતપુરા ગરનાળા પાસે રહેતા ૩૫ વર્ષીય રાકેશ અરવિંદ ગોહિલે બપોરના સમયે રહસ્યમય સંજોગોમાં આત્મહત્યા કરી લીધી હતી. પોલીસને તેની પાસેથી જે અનગઢના યુવાનની અંતિમચિઠ્ઠી મળી છે, તેમાં તેણે લખ્યું છે કે, "બસ થાકી ગયો છું જિંદગીથી, જે કંઈ કરું છું મારી મરજીથી કરું છું. જિંદગીમાં હવે કંઈ રહ્યું નથી." રાકેશે તેના ભાઈને મમ્મી-પપ્પાનું ધ્યાન રાખવાની જવાબદારી સોંપી સૌની માફી માંગી હતી. પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. અન્ય એક બનાવમાં, માંજલપુરના વડસર બ્રિજ પાસે આવેલી લાભુબાનગરમાં રહેતા ૬૭ વર્ષીય રમેશભાઈ શિવરામ ચૌધરીએ અગમ્ય કારણોસર ફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. તેવી જ રીતે, શિનોર તાલુકાના મોટા ફોફળિયા ગામના ટેકરી ફળિયામાં રહેતા ૨૮ વર્ષીય દશરથભાઈ જશુભાઈ વસાવાએ પણ ગળાફાંસો ખાઈ લેતા તેમને સારવાર અર્થે સયાજી હોસ્પિટલ ખસેડાયા હતા, જ્યાં તેમનું મોત નીપજ્યું હતું. આમ, એક જ દિવસમાં જિલ્લામાં ત્રણ આત્મહત્યાની ઘટના નોંધાતા શોકનું મોજું ફરી વળ્યું છે.

નિષ્ણાતોના મતે, આ પ્રકારના બનાવો વધતા જતા માનસિક તણાવ અને એકલતા તરફ ઈશારો કરે છે. આત્મહત્યા એ કોઈ સમસ્યાનો ઉકેલ નથી. જો આપણી આસપાસ કોઈ વ્યક્તિ હતાશામાં જણાય તો તેની સાથે વાત કરવી અને યોગ્ય કાઉન્સેલિંગ અપાવવું જરૂરી છે.



## ચાણોદ નર્મદા નદીમાં મગર દેખાતા હજારો યાત્રાળુઓમાં ભારે ગભરાટ

(એજન્સી) ચાણોદ [વડોદરા] । તા. 09

દક્ષિણ ગુજરાતના કાશી તરીકે જાણીતા અને હજારો યાત્રાળુઓની આસ્થાના કેન્દ્ર સમાન ચાણોદ ખાતે નર્મદા નદીમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. પિતૃ તર્પણ અને અસ્થિ વિસર્જન માટે જાણીતા આ યાત્રાધામના મુખ્ય ઘાટ પાસે એક મહાકાય મગર નજરે પડતા ભક્તોમાં ફફડાટ ફેલાયો છે. ચાણોદ નર્મદા નદીમાં મગર દેખાવાની આ ઘટનાને પગલે વહીવટી તંત્ર અને ગ્રામ પંચાયત પણ સતર્ક થઈ ગયા છે.

સામાન્ય રીતે મગરો નદીના શાંત અને ઓછા વહેણવાળા પાણીમાં રહેવાનું પસંદ કરતા હોય છે, પરંતુ ચાણોદમાં નર્મદાના તેજ વહેણ હોવા છતાં મગર દેખાતા સ્થાનિકો પણ આશ્ચર્યમાં છે. આજે સવારે મુખ્ય ઘાટની બરાબર સામેના કિનારે એક વિશાળકાય મગર દેખાયો હતો. આ મગર ધીમે ધીમે સામેના કિનારેથી ચાણોદ ગામ તરફના મુખ્ય ઘાટ તરફ આવી રહ્યો હોવાનું જણાતા ત્યાં હાજર યાત્રાળુઓના જીવ ઉંચા થઈ ગયા હતા. યાત્રાધામ ચાણોદમાં ભક્તોમાં ગભરાટ વધતા લોકોએ નદી કિનારેથી અંતર જાળવવાનું શરૂ કરી દીધું છે.

બનાવની ગંભીરતાને ધ્યાનમાં લેતા ચાણોદના સરપંચ દીપ્તિબેન અને અન્ય અધિકારીઓએ તાત્કાલિક સ્થળની મુલાકાત લીધી હતી. ભક્તોની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે નદી કિનારે અને ઘાટ પર નદી કિનારે સુરક્ષા માટે ગ્રામ રક્ષક દળ (GRD) ના જવાનોને તૈનાત કરવાની તજવીજ હાથ ધરવામાં આવી છે.

## વડોદરામાં ગરમીનો પારો 39.4 ડિગ્રીએ આકરી ગરમીનો પ્રારંભ થતા બપોરે જનજીવન પ્રભાવિત

(એજન્સી) વડોદરા । તા. 09

માર્ચ મહિનાની શરૂઆત સાથે જ વડોદરામાં સૂર્યદેવે આકરો મિજાજ બતાવવાનું શરૂ કરી દીધું છે. રવિવારે શહેરમાં ગરમીનો પારો સિઝનની સર્વોચ્ચ સપાટીએ પહોંચ્યો હતો. વડોદરામાં ગરમીનો પારો ૩૯.૪ ડિગ્રી નોંધાતા શહેરીજનો આકરી ગરમીનો અનુભવ કરી રહ્યા છે. હોળી-ધૂળેટીના તહેવારો બાદ અચાનક તાપમાનમાં થયેલા આ વધારાને કારણે બપોરના સમયે રસ્તાઓ પર ટ્રાફિક ઓછો જોવા મળ્યો હતો. આકરી ગરમીની અસર એટલી તીવ્ર હતી કે કેટલાક વિસ્તારોમાં ડામરના રોડ પણ પિગળવા લાગ્યા હોવાના અહેવાલો પ્રાપ્ત થયા છે.

હવામાન ખાતાના આંકડા મુજબ, વડોદરામાં રવિવારનું મહત્તમ તાપમાન ૩૯.૪ ડિગ્રી નોંધાયું હતું, જે અગાઉના દિવસ કરતા ૧.૪ ડિગ્રી વધુ હતું. લઘુત્તમ તાપમાનમાં પણ સામાન્ય વધારો નોંધાયો છે અને તે ૧૮.૨ ડિગ્રી રહ્યું છે. સવારના સમયે હવામાં ભેજનું પ્રમાણ ૬૦ ટકા રહેતું હોવા છતાં, બપોરના સમયે ગરમી અને લૂ ના પવનોને કારણે વાતાવરણ અસહ્ય બની ગયું છે. આકરી ગરમીનો પ્રારંભ અને રોડ પિગળ્યા જેવી ઘટનાઓ વડોદરામાં પ્રારંભિક ઉનાળામાં જ જોવા મળી રહી છે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, પશ્ચિમ દિશા તરફથી ફૂંકાતા પવનોને કારણે તાપમાનમાં વધારો થઈ રહ્યો છે. હવામાન વિભાગની આગાહી વડોદરા મુજબ આગામી બે થી ત્રણ દિવસ સુધી તાપમાન ૩૯ ડિગ્રીની આસપાસ જ રહેવાની સંભાવના છે. ગરમી વધતા ઠંડા પીણા અને આઈસ્ક્રીમની માંગમાં પણ તોતિંગ વધારો જોવા મળી રહ્યો છે. તબીબોએ બપોરના સમયે બિનજરૂરી બહાર ન નીકળવા અને વધુ પ્રમાણમાં પાણી પીવાની સલાહ આપી છે.

આકરી ગરમીને કારણે બપોરે ૧૨ થી ૪ વાગ્યા સુધી શહેરના મુખ્ય બજારો અને માર્ગો પર લોકોની હાજરી નહિવત જોવા મળી રહી છે. ઉનાળાના પ્રારંભે જ આટલી ગરમી હોવાથી એપ્રિલ અને મે મહિનામાં ગરમીનો પારો ૪૨ થી ૪૩ ડિગ્રીને વટાવી જાય તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

## વડોદરાના સમામાં પોલીસ સાથે ચકમક: ભારતની જીતની ઉજવણીમાં પડી ખલેલ



વડોદરા | ટી-૨૦ વર્લ્ડ કપની ફાઈનલમાં ભારતની ઐતિહાસિક જીત બાદ સમગ્ર વડોદરા શહેર જશ્નમાં ડૂબ્યું હતું, પરંતુ શહેરના સમા વિસ્તારમાં આ ઉજવણી દરમિયાન કડવો અનુભવ થયો હતો. ગઈ મોડી રાત્રે સમા વિસ્તારમાં DJ વગાડવા બાબતે પોલીસ અને ક્રિકેટ પ્રેમીઓ વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. વડોદરાના સમામાં પોલીસ સાથે ચકમક થવાને કારણે વાતાવરણ તંગ બની ગયું હતું અને સ્થાનિક યુવકોએ પોલીસની કામગીરી સામે ગંભીર સવાલો ઉઠાવ્યા હતા. ઘટનાની વિગતો મુજબ, સમા અભિલાષા ચાર રસ્તા પાસે જીતેન્દ્ર સોલંકી અને અન્ય યુવકો ભારતની જીતની ખુશીમાં DJના તાલે ગરબે ઘૂમી રહ્યા હતા. રાત્રે ૧૧ વાગ્યા બાદ પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચ્યો હતો અને લાઉડસ્પીકરના નિયમોનું ઉલ્લંઘન થતું હોવાનું જણાવી DJ બંધ કરાવવા દબાણ કર્યું હતું. આ દરમિયાન સમા અભિલાષા ચાર રસ્તા પાસે ઉગ્ર માહોલ સર્જાયો હતો, કારણ કે યુવકોએ જશ્ન અધવચ્ચે રોકવાનો ઈન્કાર કરી દીધો હતો. પોલીસ સાથેની બોલાચાલીમાં યુવકોએ આક્રોશ વ્યક્ત કરતા કહ્યું હતું કે, "અમે ભારતની જીતની ઉજવણી કરી રહ્યા છીએ, પાકિસ્તાનની નહીં.

### પાલિકા મેયર સ્વચ્છતા સલામતી આદેશ જારી કરાયા

# સુરત ડુમસ સી ફેસ પ્રોજેક્ટ જાળવણી પડકાર સામે આવ્યો



(એજન્સી) સુરત । તા. 09

ડાયમંડ સિટી સુરતના પ્રવાસન નકશા પર ગઈકાલે એક નવું અને ભવ્ય સોપાન ઉમેરાયું છે. ૧૬૬ કરોડ રૂપિયાના તોતિંગ ખર્ચે તૈયાર થયેલા 'ડુમસ સી-ફેસ ડેવલપમેન્ટ પ્રોજેક્ટ'નું રવિવારે ધામધૂમથી લોકાર્પણ કરવામાં આવ્યું હતું. સુરતની શાન ગણાતા આ પ્રોજેક્ટથી શહેરને વૈશ્વિક ઓળખ મળવાની આશા છે, પરંતુ આટલા વિશાળ અને આધુનિક સંકુલની જાળવણી કરવી તે સુરત મહાનગરપાલિકા માટે અત્યારે સૌથી મોટો યક્ષપ્રશ્ન બની રહ્યો છે. સુરત ડુમસ સી ફેસ પ્રોજેક્ટ જાળવણી પડકાર એટલા માટે પણ ચિંતાનો વિષય છે કારણ કે ભૂતકાળમાં પાલિકાના કેટલાક મોટા પ્રોજેક્ટ્સ જાળવણીના અભાવે બિસ્માર હાલતમાં મુકાયા હોવાના દાખલા છે.

સુરતના પર્યાવરણને બચાવવા માટે પાલિકાએ અગાઉ ૧૫૦ કરોડના ખર્ચે ડમ્પિંગ સાઈટ પર બાયોડાયવર્સિટી પાર્ક બનાવ્યો હતો. જોકે, યોગ્ય મોનિટરિંગ અને જાળવણીના અભાવે ત્યાં લાઈટોની ચોરી અને ઠેર-ઠેર ગંદકીના ગંજ જામ્યા હોવાની ફરિયાદો ઉઠી હતી. આ કડવો અનુભવ જોતા, સુરત ડુમસ સી ફેસ પ્રોજેક્ટ જાળવણી પડકાર સામે વહીવટી તંત્ર અત્યારથી જ સાબદું થયું છે. પ્રવાસન સ્થળ વિકાસ અને સુરક્ષાના નામે માત્ર બાંધકામ કરી દેવું પૂરતું નથી, પરંતુ લાખો મુલાકાતીઓની અવરજવર વચ્ચે તેની સુંદરતા જાળવી રાખવી એ અસલી કસોટી છે.

લોકાર્પણના બીજા જ દિવસે લોકચર્ચા અને સંભવિત જોખમોને ધ્યાને રાખીને સુરતના મેયર દક્ષેશ માવાણીએ આજે તાત્કાલિક અસરથી ઉચ્ચ સ્તરીય બેઠક બોલાવી હતી. પાલિકા મેયર સ્વચ્છતા સલામતી આદેશ જારી કરતા તેમણે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું કે, આ પ્રોજેક્ટની ગરિમા જળવાવી જોઈએ. તેમણે આ પ્રોજેક્ટ સંભાળતા અધિકારીઓને સ્પષ્ટ સૂચના આપી છે કે સમગ્ર સંકુલની દેખરેખ માટે એક સમર્પિત 'નોડલ ઓફિસર'ની નિમણૂક કરવામાં આવે. મેયરે સફાઈ કામગીરીમાં કોઈ પણ પ્રકારની કચાસ ન રહે તે માટે સ્ટાફની સંખ્યા બમણી કરવાના પણ આદેશ આપ્યા છે. સુરત ડુમસ સી ફેસ પ્રોજેક્ટ જાળવણી પડકારને પહોંચી વળવા માટે પાલિકા હવે પીપીપી (પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશીપ) મોડલ અપનાવવા પર ગંભીરતાથી વિચાર કરી રહી છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, પ્રોજેક્ટની નિભાવણી અને જાળવણી માટે કોઈ અનુભવી ખાનગી એજન્સીને કોન્ટ્રાક્ટ આપવાની યોજના ઘડાઈ રહી છે. આનાથી પાલિકા પરનું ભારણ ઘટશે અને પ્રોજેક્ટની સુરક્ષામાં પ્રોફેશનલિઝમ આવશે. લાઈટોની ચોરી અને અસામાજિક તત્વોના ત્રાસને રોકવા માટે હાઈ-ટેક સીસીટીવી સર્વેલન્સ અને સિક્યુરિટી ગાર્ડ્સના રાઉન્ડ ધ ક્લોક પેટ્રોલિંગની પણ વ્યવસ્થા કરવામાં આવશે.

### વહીવટી તંત્ર અને કર્મચારી સંઘર્ષ વધુ ઉગ્ર બન્યો, વેરા વસુલાત લક્ષ્યાંક સરકારી આદેશ વિગતોથી ફફડાટ

# વડોદરા મહેસૂલ વસુલાત તલાટી પગાર કાપનો નિર્ણય લેવાયો

(એજન્સી) વડોદરા । તા. 09

સંસ્કારી નગરી વડોદરાના વહીવટી આલમમાં અત્યારે ભારે ખળભળાટ મચી ગયો છે. જિલ્લામાં મહેસૂલ વસૂલાતની કામગીરીમાં નિર્ધારિત લક્ષ્યાંક પ્રાપ્ત ન કરી શકનારા તલાટી કમ મંત્રીઓ સામે સરકારે લાલ આંખ કરી છે. રાજ્ય સરકારના કડક વલણને પગલે ૬૦ ટકા જેટલો ટાર્ગેટ પૂરો ન કરનારા અનેક તલાટીઓના પગાર અટકાવી દેવામાં આવ્યા છે. સરકારના આ આદેશની જાણ થતા જ તલાટી કમ મંત્રીઓ સહિતના નાના કર્મચારીઓમાં ભારે કચવાટ અને આક્રોશની લાગણી જોવા મળી રહી છે. આર્થિક ફટકો પડતા કર્મચારી સંગઠનોમાં પણ આ મામલે વિરોધનો સૂર ઉઠ્યો છે.

વડોદરા મહેસૂલ વસુલાત તલાટી પગાર કાપ પાછળનું મુખ્ય કારણ માસિક લક્ષ્યાંકની પૂર્તિ ન થવી હોવાનું જણાવાઈ રહ્યું છે. તલાટી કમ મંત્રીઓને દર મહિને વેરા વસૂલાત માટે એક ચોક્કસ ટાર્ગેટ આપવામાં આવે છે, જેમાંથી ઓછામાં ઓછો ૬૦ થી ૭૦ ટકા લક્ષ્યાંક સિદ્ધ કરવો અનિવાર્ય છે. જોકે, કર્મચારીઓનો તર્ક છે કે તેઓ રજાના દિવસે પણ ડોર-ટુ-ડોર ઉઘરાણી કરે છે અને ખાસ કેમ્પનું આયોજન પણ કરે છે, છતાં જો બાકીદારો વેરો ન ભરે તો



તેમાં તેમનો શું વાંક? વહીવટી તંત્ર દ્વારા કરવામાં આવતા આ પ્રકારના દબાણથી કર્મચારીઓ માનસિક તણાવ અનુભવી રહ્યા છે.

વેરા વસુલાત લક્ષ્યાંક સરકારી આદેશ વિગતો મુજબ, જે કર્મચારીઓ કામગીરીમાં નિષ્ફળ ગયા છે તેમના પગાર રોકી દેવા એ શિસ્તભંગના પગલાં તરીકે જોવામાં આવે છે. પરંતુ કર્મચારીઓ પૂછી રહ્યા છે કે જો કોઈ વ્યક્તિ જાણી જોઈને વેરો ન ભરે તો તેની સામે કાયદાકીય પગલાં લેવાને બદલે કર્મચારીઓના પગાર કેમ અટકાવવામાં આવે છે? મીડિયા અહેવાલ મુજબ, વડોદરા જિલ્લાના અનેક તાલુકાઓમાં આ પરિસ્થિતિ સર્જાઈ છે. તલાટીઓનું કહેવું છે કે તેઓ સરકારની તમામ યોજનાઓનું અમલીકરણ નિષ્ઠાપૂર્વક કરે છે, છતાં માત્ર એક પાસાને આધારે આખો પગાર અટકાવવો તે કેટલે અંશે વ્યાજબી છે?

તલાટીઓ અને અન્ય નાના કર્મચારીઓ વેરો વસૂલવા માટે શક્ય તમામ પ્રયત્નો કરી રહ્યા છે. બાકીદારોના ઘરે જઈને સમજાવટ કરવી, નોટિસ ફટકારવી અને સુવિધા માટે કેમ્પ યોજવા જેવી કામગીરી સતત ચાલુ છે. આમ છતાં, આર્થિક મંદી અથવા અન્ય કારણોસર જ્યારે લોકો વેરો ભરવામાં વિલંબ કરે છે, ત્યારે તેનો ભોગ કર્મચારીઓએ બનવું પડે છે. સરકારના આવા નકારાત્મક પ્રોત્સાહનથી કર્મચારીઓનો ઉત્સાહ ઘટી રહ્યો હોવાની ચર્ચાઓ સરકારી કચેરીઓના વરંડામાં સંભળાઈ રહી છે. બીજી તરફ, ઉચ્ચ અધિકારીઓનું માનવું છે કે મહેસૂલ એ સરકારની આવકનું મુખ્ય સ્ત્રોત છે અને જો તેમાં બેદરકારી રાખવામાં આવે તો વિકાસના કામો અટકી શકે છે. વડોદરા મહેસૂલ વસુલાત તલાટી પગાર કાપ એ માત્ર એક સંકેત છે કે સરકાર હવે શિસ્ત અને લક્ષ્યાંક પ્રત્યે કોઈ બાંધછોડ કરવા માંગતી નથી.

### મ્યુનિસિપલ કોર્પોરેશન કડક કાર્યવાહી એક્શનથી ફફડાટ

## વડોદરા કોર્પોરેશન વેરા વસુલાત ઝુંબેશ સીલની મોટી કાર્યવાહી

(એજન્સી) વડોદરા । તા. 09

વડોદરા મહાનગરપાલિકા અત્યારે વેરા વસૂલાત બાબતે લાલચોળ થઈ છે. પાલિકાના રેવન્યુ વિભાગે આજે એક અભૂતપૂર્વ અને કડક કાર્યવાહી કરતા ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ (GSRTC) સંચાલિત મકરપુરા એસટી ડેપોને સીલ મારી દીધું છે. છેલ્લા ઘણા સમયથી વડોદરા કોર્પોરેશન વેરા વસુલાત ઝુંબેશ સીલ હેઠળ જે મિલકતોના વેરા બાકી હતા તેમને નોટિસો ફટકારવામાં આવી રહી હતી, જેમાં એસટી ડેપોનો ૧.૯૬ કરોડ રૂપિયાથી વધુનો વેરો બાકી નીકળતો હતો. વારંવારની જાણ છતાં એસટી તંત્ર દ્વારા વેરો ભરવામાં ઠાગાઠૈયા કરવામાં આવતા અંતે પાલિકાએ મકરપુરા ડેપોના તમામ વહીવટી રૂમો, બુકિંગ કાઉન્ટર અને સીસીટીવી રૂમ સહિતની મિલકતો સીલ કરી દીધી છે.

આ કડક કાર્યવાહીને કારણે એસટી બસના મુસાફરો અને ખાસ કરીને પાસ કઢાવવા આવતા વિદ્યાર્થીઓ ભારે મુશ્કેલીમાં મુકાયા



હતા. પાલિકાના રેવન્યુ વિભાગે માત્ર એક જ એન્ટ્રી ગેટ ખુલ્લો રાખ્યો છે, જ્યારે બાકીના તમામ વિભાગોને સીલ મારી દેવામાં આવ્યું છે. સૌથી વધુ હાલાકી એવા વિદ્યાર્થીઓને થઈ હતી જેઓ એસટી બસ પાસ રીન્યુ કરાવવા આવ્યા હતા, કારણ કે આજે પાસ કઢાવવાની છેલ્લી તારીખ હતી. સીલ વાગતા જ પાસ કાઉન્ટર બંધ થઈ જતા વિદ્યાર્થીઓ મૂંઝવણમાં મુકાયા હતા. આ ઉપરાંત રિઝર્વેશન કાઉન્ટર અને પાર્સલ રૂમ પણ બંધ કરી દેવાતા દૂર-દૂરના પ્રવાસીઓ વિલા મોઢે પરત ફરતા જોવા મળ્યા હતા.

### આત્મહત્યા માટે AI નો ઉપયોગ જોઈને દુનિયાભરમાં ચર્ચા શરૂ

## સુરતમાં બે યુવતીઓએ આત્મહત્યા માટે ChatGPT ની મદદ લીધી

(એજન્સી) સુરત । તા. 09

સુરતના ડીંડોલી વિસ્તારમાં આવેલ આત્મીય સંસ્કારધામ સ્વામિનારાયણ મંદિરના પરિસરમાંથી બે યુવતીઓના મૃતદેહ મળી આવવાની ઘટનામાં હવે અત્યંત ભયાનક ખુલાસાઓ થયા છે. આ કેસમાં ટેકનોલોજીના ખતરનાક પાસાઓ સામે આવ્યા છે, જેણે માત્ર ગુજરાત જ નહીં પરંતુ વિશ્વભરના ટેક દિગ્ગજોને પણ ચોંકાવી દીધા છે. પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે, આ યુવતીઓએ જીવન ટૂંકાવવા માટે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) ના પ્રખ્યાત ટૂલ 'ChatGPT' નો સહારો લીધો હતો.

મૃતક યુવતીઓ રોશની શીરસાઠ (૧૮) અને જોસના ચૌધરી (૨૦) ઉધના સિટીઝન કોલેજમાં અભ્યાસ કરતી હતી. પોલીસને તપાસ દરમિયાન જાણવા મળ્યું કે, બંને યુવતીઓ પ્રેમમાં નિષ્ફળતા અને બ્રેકઅપને કારણે ભારે માનસિક તણાવમાં હતી. સુરત ડીંડોલી આપઘાત કેસ માં વળાંક ત્યારે આવ્યો જ્યારે



તેમના મોબાઈલ ફોનની તપાસ કરવામાં આવી. સર્ચ હિસ્ટ્રી પરથી ખબર પડી કે તેમણે ChatGPT પર એનેસ્થેસિયાના ઓવરડોઝ અને દવાઓની ચોક્કસ માત્રા વિશે પૂછપરછ કરી હતી. આ માહિતીના આધારે તેમણે ઈન્જેક્શન દ્વારા સામૂહિક આત્મહત્યા કરી હતી. જ્યારે આ સમાચાર સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X (અગાઉનું ટ્વિટર) પર વાઈરલ થયા, ત્યારે ટેસ્લાના CEO ઈલોન મસ્ક પણ પોતાની પ્રતિક્રિયા આપવાથી રોકી શક્યા નહીં.

## ક્રૂડ ઓઈલના ભાવમાં વધારો થતા ચિંતા | પશ્ચિમ એશિયાનું યુદ્ધ સંકટ ઘેરાયું છે

# ભારતીય ઓઈલ માર્કેટિંગ કંપનીઓ પર તોળાતું આર્થિક સંકટ

(એજન્સી) નવી દિલ્હી | તા.09

પશ્ચિમ એશિયાના દેશોમાં વધી રહેલા ભૌગોલિક તણાવ અને યુદ્ધ જેવી પરિસ્થિતિને કારણે વૈશ્વિક બજારમાં કાચા તેલના ભાવમાં જોરદાર ઉછાળો જોવા મળી રહ્યો છે, જેના સીધા પરિણામે ભારતની સરકારી તેલ કંપનીઓની આર્થિક સ્થિતિ પર ગંભીર જોખમ ઉભું થયું છે. યુબીએસ ગ્લોબલ રિસર્ચના તાજેતરના અહેવાલ મુજબ, ક્રૂડ ઓઈલની અસ્થિરતા વર્ષ 2022 જેવી આઘાતજનક સ્થિતિનું પુનરાવર્તન કરી શકે છે. જો આંતરરાષ્ટ્રીય સ્તરે તેલના ભાવ વધતા રહેશે અને સ્થાનિક સ્તરે છૂટક કિંમતોમાં ફેરફાર નહીં થાય, તો ઈન્ડિયન ઓઈલ, ભારત પેટ્રોલિયમ અને હિન્દુસ્તાન પેટ્રોલિયમ જેવી કંપનીઓના નફાના માર્જિનમાં મોટું ગાબડું પડી શકે છે. વર્તમાન સંજોગોમાં પશ્ચિમ એશિયામાં વધી રહેલી અશાંતિ તેલના પુરવઠા સાંકળને ખોરવી રહી છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ,



ભારતીય ઓઈલ માર્કેટિંગ કંપનીઓ આંતરરાષ્ટ્રીય ભાવ વધારાના બોજને ગ્રાહકો પર નાખવાની બાબતમાં મર્યાદિત ક્ષમતા ધરાવે છે. કેન્દ્ર સરકારના પરોક્ષ અંકુશને કારણે છૂટક વેચાણ કિંમતો સ્થિર રાખવામાં આવે છે, જે સીધી રીતે આ કંપનીઓના માર્કેટિંગ માર્જિનને નુકસાન પહોંચાડે છે. હાલમાં બ્રેન્ટ ક્રૂડ તેલ પ્રતિ બેરલ 119.25 ડોલરની સપાટીએ પહોંચ્યું છે, જે છેલ્લા ત્રણ મહિનામાં અંદાજે 91 ટકાનો તોતિંગ ઉછાળો દર્શાવે છે. આ ઉછાળો કંપનીઓના એકીકૃત માર્જિન પર ભારે દબાણ લાવી રહ્યો છે.આગામી સમય માટે તેલના ભાવોનું અનુમાન નાણાકીય વિશ્લેષકોએ ચેતવણી આપી છે કે જો ઉર્જા ઈન્ફ્રાસ્ટ્રક્ચર પરના હુમલા કે વિક્ષેપો ચાલુ રહેશે, તો પરિસ્થિતિ વધુ ગંભીર બની શકે છે. વર્ષ 2026 ના બીજા ત્રિમાસિક ગાળામાં ક્રૂડનો સરેરાશ ભાવ 71 થી 72 ડોલર રહેવાની ધારણા હતી,

પરંતુ બદલાયેલા સંજોગોમાં તે 90 ડોલરને પાર કરી શકે છે. જો પુરવઠો વધુ પ્રભાવિત થશે તો ભાવ 100 ડોલરની સપાટી પણ વટાવી શકે છે. નિષ્ણાતોના મતે, જો તેલના ભાવમાં પ્રતિ બેરલ 5 ડોલરનો વધારો થાય અને સ્થાનિક ભાવ ન વધે, તો તે પેટ્રોલ અને ડીઝલના વેચાણ પર મળતા નફાને સંપૂર્ણપણે ધોઈ નાખશે. ભારતમાં મે 2022 થી ઈંધણના ભાવમાં મોટો ફેરફાર કરવામાં આવ્યો નથી. જ્યારે આંતરરાષ્ટ્રીય બજારમાં મોટી વધ-ઘટ જોવા મળી છે, ત્યારે પણ સ્થાનિક ભાવોને સ્થિર રાખવામાં આવ્યા છે. આ સ્થિરતા ગ્રાહકો માટે રાહતરૂપ છે, પરંતુ તેલ રિફાઈનિંગ અને માર્કેટિંગ કરતી સરકારી કંપનીઓ માટે તે નુકસાનનો સોદો સાબિત થઈ રહી છે. ભૌગોલિક અનિશ્ચિતતાને કારણે આ કંપનીઓની કમાણી પર અનિશ્ચિતતાના વાદળો છવાયેલા છે. જો કાચા તેલના ભાવમાં આવી જ તીવ્રતા ચાલુ રહેશે, તો આ કંપનીઓના નાણાકીય માળખા પર તેની દીર્ઘકાલીન અસરો જોવા મળશે.ભારત તેની જરૂરિયાતનું મોટાભાગનું તેલ આયાત કરે છે, તેથી પશ્ચિમ એશિયાનું કોઈપણ સંકટ સીધું ભારતીય અર્થતંત્રના ગજવા પર અસર કરે છે. સરકારી તેલ કંપનીઓની નફાશક્તિ ઘટવાથી તેમના ભાવિ પ્રોજેક્ટ્સ અને રોકાણો પર પણ અસર પડી શકે છે. આગામી સમયમાં જો ક્રૂડના ભાવમાં નરમાશ નહીં આવે અથવા સ્થાનિક સ્તરે ભાવવધારો નહીં કરાય, તો આ કંપનીઓને અબજો રૂપિયાનું નુકસાન વેઠવાનો વારો આવી શકે છે.

# અમેરિકાની બજેટ ખાધમાં ઘટાડો કરવા સોનાનું નવું મૂલ્યાંકન

(એજન્સી) નવી દિલ્હી | તા.09

પશ્ચિમ એશિયામાં ભીષણ યુદ્ધની સ્થિતિ વચ્ચે અમેરિકા પોતાની આર્થિક મુશ્કેલીઓનો ઉકેલ લાવવા માટે એક ક્રાંતિકારી પગલું ભરી શકે છે. એસબીઆઈ રિસર્ચના તાજેતરના અહેવાલ મુજબ, જો અમેરિકા તેના સોનાના ભંડારનું વર્તમાન બજાર ભાવે પુનઃમૂલ્યાંકન કરે, તો તેની બજેટ ખાધમાં ૭૦ ટકા જેટલો મોટો ઘટાડો થઈ શકે છે. હાલમાં અમેરિકા પાસે રહેલા સોનાના ભંડારનું મૂલ્ય ૧૯૭૩ ના જૂના ભાવો પર આધારિત છે. આ સંપત્તિને આજના ઊંચા ભાવો સાથે જોડવાથી અમેરિકાની તિજોરીમાં જંગી નાણાંનો ઉમેરો થશે, જે તેને વૈશ્વિક અસ્થિરતા સામે મજબૂત કવચ પૂરું પાડશે.પશ્ચિમ એશિયામાં ચાલતો આ સંઘર્ષ વિશ્વ માટે ચિંતાનો વિષય છે, પરંતુ અમેરિકા માટે તે આર્થિક રીતે લાભદાયી સાબિત થઈ રહ્યો છે. અમેરિકા પાસે વિપુલ પ્રમાણમાં તેલ અને ગેસના સંસાધનો છે. યુરોપમાં ઉર્જાનો પુરવઠો પૂરો પાડીને અમેરિકન કંપનીઓ આ યુદ્ધ પાછળ થતા ખર્ચ કરતા પણ વધુ નફો કમાઈ રહી છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગતો અનુસાર, ગેસ અને તેલના વધતા ભાવને કારણે અમેરિકાની કંપનીઓ તેટલું વળતર મેળવી લેશે જે યુદ્ધમાં થતા ખર્ચને પણ ભરપાઈ કરી દેશે. આ એક એવી રણનીતિ છે જે અમેરિકાને આર્થિક મહાસત્તા તરીકે ટકાવી રાખવામાં મદદરૂપ થશે.

વૈશ્વિક બજારમાં અત્યારે એક મોટો પરિવર્તનનો પવન ફૂંકાયો છે. છેલ્લા ત્રીસ વર્ષમાં પ્રથમ વખત જૂન ૨૦૨૫ થી વિશ્વની કેન્દ્રીય બેંકોએ અમેરિકી સરકારી બોન્ડ્સ (Treasuries) ને બદલે સોનામાં રોકાણ કરવાનું શરૂ કર્યું છે. ૧૯૯૬ પછી આ પ્રથમ મોટી ઘટના છે જે દર્શાવે છે કે દુનિયાનો ભરોસો હવે પરંપરાગત કરન્સી કરતા સોના પર વધી રહ્યો છે. એસબીઆઈ રિસર્ચના અહેવાલમાં જણાવાયું છે કે હોર્મુઝની સામુદ્રધુની બંધ થવાથી ઉર્જાના ભાવો વધશે અને તેનાથી બજારમાં ગભરાટ ફેલાશે, જે સોનાની માંગમાં હજુ પણ વધારો કરી શકે છે.કાચા તેલના ભાવમાં વધારો થવાથી વિશ્વભરમાં ઉર્જા આધારિત ફુગાવો વધવાની પૂરેપૂરી શક્યતા છે. આ સંજોગોમાં અમેરિકાની ફેડરલ રિઝર્વ લાંબા સમય સુધી વ્યાજદરો ઊંચા રાખી શકે છે. જો આ યુદ્ધ વિવિધ પ્રદેશો અને સપ્લાય ચેઈન સુધી ફેલાશે, તો તેની સામૂહિક અસરથી મોંઘવારીની નવી લહેર આવશે.

## News Brief

### પિકેડેમી દ્વારા વિદ્યાર્થીઓમાટે AI-સંચાલિત ગ્લોબલ એજ્યુકેશન સર્ચ પ્લેટફોર્મનું અનાવરણ



અમદાવાદ: દેશમાં તથા વિદેશમાં અભ્યાસ કરવા માગતા વિદ્યાર્થીઓ તેમની પસંદગીની કોલેજ, યુનિવર્સિટી, કોર્સ વગેરેની માહિતી સરળ અને ઝડપી મેળવી શકે એ માટે પિકેડેમી દ્વારા Artificial Intelligece આધારિત સર્ચ એન્જિનનું આજે અમદાવાદના AMAમાં અનાવરણ કરવામાં આવ્યું છે. વિદ્યાર્થી માટે કોર્સ, કોલેજ, યુનિવર્સિટી, દેશ વગેરેની પસંદગી જીવનના સૌથી મહત્વપૂર્ણ નિર્ણયો પૈકી એક હોય છે. આ નિર્ણયને સરળ બનાવવા માટે તૈયાર કરવામાં આવેલું પિકેડેમી સર્ચ એન્જિન AI વડે સજ્જ છે. પિકેડેમીનો ઉપયોગ કરીને વિદ્યાર્થીઓ કોર્સના નામ, કોર્સની અવધિ, પાત્રતા, પ્રવેશ પરીક્ષાઓ, ફી, સ્કોલરશિપ જેવા માપદંડના આધારે કોલેજ તથા યુનિવર્સિટી પસંદ કરી શકે છે. પરંપરાગત એજ્યુકેશન પોર્ટલોની સરખામણીમાં પિકેડેમી વિદ્યાર્થીના ઉદ્દેશ્યને તથા અપેક્ષાને સમજીન ચોક્કસ, અર્થપૂર્ણ અને નિર્ણાયક પરિણામ પુરા પાડે છે. આ એજ્યુકેશન સર્ચ પ્લેટફોર્મનુંબ્રેઈન પિક્સી છે, જેએકબુદ્ધિશાળી AI આસિસ્ટન્ટ છે. વિદ્યાર્થીઓને તે ભારતભરમાં અને અમેરિકા, યુનાઈટેડ કિંગડમ (UK), સ્પેન, ઈટાલી, જર્મની, ફ્રાન્સ, ઓસ્ટ્રેલિયા જેવા દેશોની અગ્ર ણી કોલેજ તથા યુનિવર્સિટી વિશે અને તેમના કોર્સ વિશે સચોટ માર્ગદર્શન આપે છે. અમારું વિઝન વિદ્યાર્થીઓની મૂંઝવણ દૂર કરવાનું છે, પિકેડેમીના સ્થાપક રાહુલ ઘાડિયાએ જણાવ્યું હતું.

## ટાટા એઆઈએ લાઈફ ઈન્સ્યોરન્સ દ્વારા

# 'શુભ ફ્લેક્સી પેન્શન પ્લાન' લોન્ચ કરાયો

## માર્કેટ-લિંક્ડ ગ્રોથ સાથે ગેરંટેડ લાઈફટાઈમ ઈન્કમ

(એજન્સી) અમદાવાદ | તા.09

કલ્પના કરો કે, તમે એવી માનસિક શાંતિ સાથે નિવૃત્ત થાવ છો કે, તમારી આવક નિવૃત્તિ પછી પણ આજીવન ચાલુ રહેશે, કે પછી એક એવી નિવૃત્તિ જેમાં તમારી બચત તમને આર્થિક સ્થિરતા પૂરી પાડવાની સાથે સાથે, વધતી મોંઘવારીનો સામનો કરવામાં તથા તમારી જીવનશૈલી જાળવી રાખવા માટે વધતી પણ રહે. ટાટા એઆઈએ લાઈફ ઈન્સ્યોરન્સે 'શુભ ફ્લેક્સી પેન્શન પ્લાન' દ્વારા આ સ્વપ્નને સાકાર કર્યું છે, જે તમને આત્મવિશ્વાસ, સુગમતા અને નાણાકીય સુરક્ષા સાથે નિવૃત્ત થવામાં મદદ કરવા માટે રચાયેલ સોલ્યુશન છે.કમલ ભારદ્વાજ, એક્ઝિક્યુટિવ વાઈસ પ્રેસિડેન્ટ અને ચીફ બેંકાસ્યોરન્સ ઓફિસર, ટાટા એઆઈએ લાઈફ ઈન્શ્યોરન્સ એ જણાવ્યું હતું કે, "ભારતમાં નિવૃત્તિના આયોજનમાં સતત બદલાવ જોવાઈ રહ્યા છે. વધતું આયુષ્ય, સ્વાસ્થ્ય સેવાઓના વધતા ખર્ચ અને વ્યાજ દરોમાં થતી વધઘટને ગણતરીમાં લેતાં, લોકો હવે એવા ઉકેલો શોધી રહ્યા છે જે માત્ર આર્થિક સ્થિરતા આપવાની સાથે સાથે તેમની સાથે વૃદ્ધિ પામતાં રહે. આવા લોકોની જરૂરિયાતને પહોંચી વળવા માટે 'શુભ ફ્લેક્સી પેન્શન પ્લાન' રજૂ કરવામાં આવ્યો છે, જે ગ્રાહકોને ગેરેન્ટેડ આવક અને તેમની બચતમાં વૃદ્ધિની તક એમ બંને ઉપલબ્ધ બનાવે છે. નિવૃત્તિનું આયોજન હવે માત્ર ભવિષ્ય માટે બચત કરવા પૂરતું મર્યાદિત નથી; તે જીવનની બદલાતી પરિસ્થિતિઓ સાથે અનુકૂલન સાધવા અંગે છે. વધતા આયુષ્ય અને આરોગ્ય સંભાળના વધતા ખર્ચને કારણે, આજકાલ નિવૃત્ત લોકો પરનું આર્થિક દબાણ એક ગંભીર વાસ્તવિકતા છે. વધુ ને વધુ લોકો પોતાની જીવનશૈલી અને આર્થિક સ્વતંત્રતા જાળવી રાખવા માંગે છે, અને આથી જ તેઓ એવા સ્માર્ટ ઉકેલો શોધી રહ્યા છે જે સ્થિરતા અને વૃદ્ધિ બંને પૂરાં પાડે. આજે ઘણાં નિવૃત્ત લોકો કાર ખરીદવાનું અથવા વિદેશ પ્રવાસ જવા જેવી લક્ઝરી સુવિધાઓ માણવાનું સપનું જુએ છે. પછી ભલે તે 'FIRE' (ફાયનાન્સિયલ ઈન્ડિપેન્ડન્સ રિટાયર અર્લી) પેઢી હોય, ઉભરતા સાહસિકો હોય અથવા કારકિર્દી બદલવા માંગતા લોકો હોય– પરંપરાગત રિટાયરમેન્ટ પ્લાન હવે પૂરતા નથી. એટલું જ નહીં, પોતાની બચત ખૂટી જવાનો ડર પણ ઘણાં લોકો માટે એક સામાન્ય ચિંતાનો વિષય છે. પરંતુ જો નિવૃત્તિ તમારા માટે સતત તણાવનું મૂળ કારણ ના હોય તો શું? જો તમને ગેરંટેડ આવક પણ મળે અને સાથે સાથે માર્કેટની વૃદ્ધિનો લાભ પણ મળે તો? આ માટે શુભ ફ્લેક્સિ પેન્શન પ્લાનની પસંદગી યોગ્ય નિર્ણય બની રહે છે. આ પ્લાન સાથે, તમે સુરક્ષા અને વૃદ્ધિ બંનેનો આનંદ માણી શકો છો, જેથી તમે તમારી મનપસંદ જીવનશૈલી સાથે બાંધછોડ કર્યા વિના, આરામથી અને આત્મવિશ્વાસ સાથે નિવૃત્ત થઈ શકો.

## ભારત પાસે ૨૫૦ મિલિયન બેરલ તેલનો સુરક્ષિત ભંડાર

નવી દિલ્હી: પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા યુદ્ધ અને વૈશ્વિક ઉર્જા સંકટ વચ્ચે ભારત માટે રાહતના મોટા સમાચાર સામે આવ્યા છે. સરકારી અહેવાલ અનુસાર, ભારત અત્યારે ૨૫૦ મિલિયન બેરલ એટલે કે અંદાજે ૪૦૦૦ કરોડ લિટર કાચા તેલ અને પેટ્રોલિયમ ઉત્પાદનોનો મજબૂત સુરક્ષિત ભંડાર ધરાવે છે. આ જથ્થો સમગ્ર દેશની સપ્લાય ચેઈનને સાતથી આઠ અઠવાડિયા સુધી અવિરત ચલાવવા માટે પૂરતો છે. મેંગલોર, પાદુર અને વિશાખાપટ્ટનમની ભૂગર્ભ વ્યૂહાત્મક ગુફાઓ તેમજ પાઈપલાઈન્સ અને દરિયાઈ જહાજોમાં રહેલો આ સંગ્રહ સાબિત કરે છે કે ભારતની ઉર્જા સુરક્ષા હવે કોઈપણ એક ભૌગોલિક જોખમ પર નિર્ભર નથી.ભારતની ઉર્જા પ્રાપ્તિ અત્યારે 'રાષ્ટ્રીય હિત' ને કેન્દ્રમાં રાખીને કરવામાં આવી રહી છે. એક દાયકા પહેલા ભારત માત્ર ૨૭ દેશોમાંથી તેલ મંગાવતું હતું, જે હવે વધીને ૪૦ દેશો સુધી પહોંચ્યું છે. મીડિયા અહેવાલ મુજબ, હોર્મુઝની સામુદ્રધુની જેવી વૈશ્વિક કટોકટીના સમયે પણ ભારતને મોટી અસર નહીં થાય, કારણ કે ભારતની કુલ આયાતનો માત્ર ૪૦ ટકા હિસ્સો જ આ માર્ગ પરથી પસાર થાય છે. બાકીનો ૬૦ ટકા હિસ્સો રશિયા, પશ્ચિમ આફ્રિકા, અમેરિકા અને મધ્ય એશિયા જેવા વૈકલ્પિક અને સુરક્ષિત માર્ગો દ્વારા ભારત પહોંચે છે.ફેબ્રુઆરી ૨૦૨૬ ના આંકડા દર્શાવે છે કે આંતરરાષ્ટ્રીય દબાણ છતાં રશિયા ભારતનો સૌથી મોટો તેલ પુરવઠાકાર દેશ છે. અહેવાલમાં સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે ભારતે ક્યારેય રશિયન તેલ ખરીદવા માટે કોઈ દેશની પરવાનગી લીધી નથી અને જી-૭ ના ભાવ મર્યાદાના નિયમોનું પાલન કરીને ભારત પોતાના હિતમાં તેલ મંગાવી રહ્યું છે. અમેરિકી તિજોરી દ્વારા તાજેતરમાં આપવામાં આવેલી ૩૦ દિવસની છૂટછાટ એ સ્વીકાર કરે છે કે વૈશ્વિક બજારને સ્થિર રાખવામાં ભારતની ભૂમિકા અત્યંત મહત્વની છે. ભારતની રિફાઈનિંગ ક્ષમતા પણ સ્થાનિક વપરાશ કરતા વધુ ૨૫૮ મિલિયન મેટ્રિક ટન સુધી પહોંચી ગઈ છે.

## ડીપી વર્લ્ડે ભારત અને શ્રીલંકામાં આઈસીસી મેન્સ ટી20 વર્લ્ડ કપ 2026ના લોજિસ્ટિક્સની મહત્વની વ્યવસ્થા સંભાળી

(એજન્સી) નવી દિલ્હી | તા.09

ઈન્ટિગ્રેટેડ એન્ડ-ટુ-એન્ડ સપ્લાય ચેઈન સોલ્યુશન્સ પૂરા પાડવામાં વિશ્વભરમાં અગ્રણી તથા ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઈસીસી)ની ગ્લોબલ લોજિસ્ટિક્સ પાર્ટનર ડીપી વર્લ્ડે સમગ્ર ભારત અને શ્રીલંકામાં આઈસીસી મેન્સ ટી20 વર્લ્ડ કપ 2026 માટે જટિલ અને વિવિધ દેશોને આવરી લેતી લોજિસ્ટિક્સ કામગીરી સફળતાપૂર્વક પાર પાડી છે. ડિસેમ્બર 2025થી જાન્યુઆરી, 2026 વચ્ચે ડીપી વર્લ્ડે ઈન્ટિગ્રેટેડ ક્રોસ-બોર્ડર લોજિસ્ટિક્સ પ્રોગ્રામ અમલમાં મૂક્યો હતો, જેમાં સિંગાપોર, ઓસ્ટ્રેલિયા, યુકે, અમેરિકા અને યુએઈથી હવાઈ અને દરિયાઈ માર્ગ દ્વારા માલસામાનના પરિવહનનું સંકલન કરવામાં આવ્યું હતું. આ કામગીરીમાં 55,000 કિલોગ્રામથી વધુ મહત્વના બ્રોડકાસ્ટ અને મેચ




ઈન્ફ્રાસ્ટ્રક્ચર સાધનોનું પરિવહન કરવામાં આવ્યું હતું, જેથી ટુર્નામેન્ટના સ્થળો અને પ્રોડક્શન ટીમો નિર્ધારિત સમય મુજબ તૈયાર થઈ શકે. ભારતમાં નવ ઈન્ટરનેશનલ શિપમેન્ટ્સ દિલ્હી આવી પહોંચ્યા હતા જેમાં 25,000 કિલોગ્રામથી વધુ વજનના 620થી વધુ પેકેજીસ હતા. આ પેકેજીસમાં આવશ્યક બ્રોડકાસ્ટ સિસ્ટમ્સ અને મેચ ઓપરેશન્સ ઈક્વિપમેન્ટ સમાવિષ્ટ હતા. શ્રીલંકામાં ડીપી વર્લ્ડે 10 એર શિપમેન્ટ્સ (ચાર્ટર અને કોમર્શિયલ સહિતના) તથા સિંગાપોરથી છ સી ફ્રેઈટ કન્ટેનર્સની કામગીરી સંભાળી હતી. આમાં 30,000 કિલોગ્રામથી વધુ વજનના 465 કરતા વધુ પેકેજીસ આવરી લેવાયા હતા.ડીપી વર્લ્ડના સબકોન્ટિનેન્ટ, સેન્ટ્રલ એશિયા અને લેવાન્ટના મેનેજિંગ ડિરેક્ટર તથા સીઈઓ, રિઝવાન સૂમરે જણાવ્યું હતું કે, "આટલી મોટી ગ્લોબલ ટુર્નામેન્ટ માટે લોજિસ્ટિક્સ વ્યવસ્થા પૂરી પાડવા માટે ખૂબ જ સરળ સંકલન, ચોક્સાઈપૂર્વકનું આયોજન અને ઝડપ હોવી જરૂરી છે. અમે પહેલેથી નિર્ધારિત સમયમર્યાદામાં રહીને વિવિધ દેશોથી નીકળતા શિપમેન્ટ્સ મેનેજ કર્યા હતા જે ડીપી વર્લ્ડની ઈન્ટિગ્રેટેડ ગ્લોબલ નેટવર્કની તાકાત તથા દબાણ હેઠળની પરિસ્થિતિમાં કામ કરવાની અમારી ક્ષમતા દર્શાવે છે. વિવિધ યજમાન દેશોમાં ઓપરેશનલ ઉત્કૃષ્ટતા પૂરી પાડવામાં આઈસીસીને ટેકો આપવાનો અમને ગર્વ છે."કસ્ટમ સત્તાવાળાઓ અને આઈસીસીની ઓપરેશન્સ ટીમો વચ્ચે ઘનિષ્ઠ સંકલન ઉપરાંત ડીપી વર્લ્ડની ઈન્ટિગ્રેટેડ હવાઈ માર્ગ તથા દરિયાઈ માર્ગની ક્ષમતાઓના લીધે આ ટુર્નામેન્ટ માટે ખૂબ જ જરૂરી એવી એસેટ્સને સુરક્ષિત તથા સમયસર પહોંચાડી શકાઈ હતી. ડીપી વર્લ્ડે તાજેતરમાં નામિબિયામાં આઈસીસી અંડર 19 મેન્સ ક્રિકેટ વર્લ્ડ કપ માટે એન્ડ-ટુ-એન્ડ એર એન્ડ સી ફ્રેઈટ મેનેજમેન્ટની હાથ ધરેલી કામગીરી પણ જટિલ તથા નિર્ધારિત સમયમર્યાદામાં રમતગમતની મોટી ટુર્નામેન્ટ્સમાં કામગીરી પૂરી પાડવા માટે તેના ગ્લોબલ નેટવર્કની ચપળતા દર્શાવે છે.

## ઈરાન તેલ બજારમાંથી બહાર છતાં વૈશ્વિક પુરવઠો પૂરતો

### વૈશ્વિક તેલ ભંડારોમાં 8.3 અબજ બેરલનો સ્ટોક | હોર્મુઝની સામુદ્રધુની હજુ પણ મોટું જોખમ

નવી દિલ્હી: પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા ભીષણ સંઘર્ષના કારણે ઈરાન વૈશ્વિક તેલ બજારમાંથી બહાર ફેંકાઈ જાય તેવી શક્યતાઓ વચ્ચે રાહતના સમાચાર સામે આવ્યા છે. કેરએજ (CareEdge) ના તાજેતરના અહેવાલ મુજબ, વર્ષ 2025 માં વૈશ્વિક તેલ ભંડારોમાં અંદાજે 8.3 અબજ બેરલનો વધારાનો જથ્થો ઉપલબ્ધ છે, જે ઈરાનના પુરવઠામાં થનારા સંભવિત અવરોધને પહોંચી વળવા સક્ષમ છે. ઈરાન દરરોજ 35 લાખ બેરલ કાચા તેલનું ઉત્પાદન કરે છે, જે વિશ્વના કુલ પુરવઠાના 4 ટકા જેટલું થાય છે, પરંતુ વૈશ્વિક સ્તરે તેલનું વધુ પડતું ઉત્પાદન અત્યારે સુરક્ષા કવચ પૂરું પાડી રહ્યું છે. વર્ષ 2026 અને 2027 દરમિયાન પણ તેલનું ઉત્પાદન વપરાશ કરતા વધારે રહેવાની ધારણા છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગતો અનુસાર, ભલે ભૌગોલિક રાજકીય તણાવને કારણે તેલના ભાવમાં અસ્થાયી ઉછાળો આવ્યો હોય, પરંતુ જથ્થાની દ્રષ્ટિએ બજાર પાસે પૂરતો બફર સ્ટોક છે. ઈતિહાસ ગવાહ છે કે 9/11 ના હુમલા, રશિયા-યુક્રેન યુદ્ધ કે આરબ સ્પ્રિંગ જેવી ઘટનાઓ વખતે તેલના ભાવમાં ભારે અસ્થિરતા આવી હતી. જોકે, વર્તમાન પરિસ્થિતિમાં ઉત્પાદન વધારે હોવાથી લાંબા ગાળે તેલની અછત સર્જાવાની શક્યતા ઓછી જણાઈ રહી છે. અહેવાલમાં સૌથી ચિંતાજનક બાબત 'હોર્મુઝની સામુદ્રધુની' ને લઈને વ્યક્ત કરવામાં આવી છે. આ દરિયાઈ માર્ગેથી દરરોજ અંદાજે 2 કરોડ બેરલ તેલનું પરિવહન થાય છે. જો યુદ્ધના કારણે આ માર્ગ સંપૂર્ણપણે બંધ થઈ જાય, તો વૈશ્વિક તેલ વેપાર ખોરવાઈ શકે છે. મીડિયા અહેવાલ મુજબ, માત્ર 42 લાખ બેરલ તેલ જ અન્ય વૈકલ્પિક પાઈપલાઈન દ્વારા મોકલી શકાય તેમ છે. આનો અર્થ એ છે કે જો આ માર્ગ બંધ થાય તો દરરોજ 1.6 કરોડ બેરલ તેલનો પ્રવાહ જોખમમાં મુકાઈ શકે છે.ભારત જેવા દેશો માટે આ અહેવાલ મિશ્ર પ્રતિસાદ લાવ્યો છે. એક તરફ તેલનો જથ્થો ઉપલબ્ધ હોવાથી અછત નહીં સર્જાય, પરંતુ બીજી તરફ પરિવહન માર્ગો પરના જોખમો ભાવમાં વધારો કરી શકે છે. નિષ્ણાતોના મતે, ઉત્પાદન વપરાશ કરતા વધુ હોવા છતાં, યુદ્ધનો ડર અને વીમા ખર્ચમાં વધારો થવાથી તેલના ભાવ ઊંચા રહી શકે છે. આગામી સમયમાં વિશ્વના દેશો આ વધારાના ભંડારનો ઉપયોગ કરીને કેવી રીતે બજારને સ્થિર રાખે છે તેના પર સૌની મીટ મંડાયેલી છે.

# નિફ્ટી ટોપ 15 ઈક્વલ વેઈટ ઈન્ડેક્સ – મોટા લીડર્સમાં સંતુલિત રોકાણનો અભિગમ

નવી દિલ્હી | ભારતીય શેરબજારમાં નિફ્ટી 50 સૌથી વધુ અનુસરાતો બેન્ચમાર્ક માનવામાં આવે છે. છતાં, રોકાણકારો માટે કેટલાક એવા નિયમ આધારિત ઈન્ડેક્સ પણ ઉપલબ્ધ છે, જે અલગ પ્રકારની રોકાણ પદ્ધતિ પ્રદાન કરે છે. તેમાંનું એક મહત્વપૂર્ણ ઉદાહરણ છે નિફ્ટી ટોપ 15 ઈક્વલ વેઈટ ઈન્ડેક્સ, જે નિફ્ટી 50માં સમાવિષ્ટ સૌથી મોટી 15 કંપનીઓના પ્રદર્શનને સંતુલિત રીતે રજૂ કરવાનો પ્રયાસ કરે છે.

આ ઈન્ડેક્સમાં કંપનીઓની પસંદગી તેમની છ મહિના ની સરેરાશ ફ્રી-ફ્લોટ માર્કેટ કેપિટલાઈઝેશનના આધારે કરવામાં આવે છે. તેમાં ફક્ત તે જ કંપનીઓ સામેલ થઈ શકે છે, જે નિફ્ટી 50નો ભાગ છે અથવા તેમાં સમાવેશ થવાની પાત્રતા ધરાવે છે.

ઈન્ડેક્સ કેવી રીતે કાર્ય કરે છે

સામાન્ય રીતે મોટા ભાગના ઈન્ડેક્સમાં કંપનીઓનું વજન તેમની માર્કેટ કેપના આધારે નક્કી થાય છે, જેના કારણે કેટલીક મોટી કંપનીઓનો પ્રભાવ વધુ હોય છે. પરંતુ નિફ્ટી ટોપ 15 ઈક્વલ વેઈટ ઈન્ડેક્સમાં દરેક કંપનીને લગભગ સમાન વજન આપવામાં આવે છે.

દરેક રિબેલેન્સિંગ દરમિયાન તમામ કંપનીઓનું વજન લગભગ સરખું રાખવામાં આવે છે, જેના કારણે કોઈ એક કંપનીનો અતિશય પ્રભાવ નથી રહેતો. હાલમાં સૌથી વધુ વજન ધરાવતી કંપનીનો



ચિંતન હરિયા,
પ્રિન્સિપલ – ઈન્વેસ્ટમેન્ટ સ્ટ્રેટેજી,
ICICI પ્રુડેન્શિયલ AMC

હિસ્સો લગભગ 7.72% છે, જ્યારે સૌથી ઓછો હિસ્સો લગભગ 6.48% છે. આ ઈન્ડેક્સનું પુનઃસંતુલન દર વર્ષે માર્ચ અને સપ્ટેમ્બરમાં કરવામાં આવે છે.

ક્ષેત્રો પ્રમાણે વૈવિધ્ય

આ ઈન્ડેક્સમાં વિવિધ ક્ષેત્રોનું પ્રતિનિધિત્વ છે, જે રોકાણને વધુ સંતુલિત બનાવે છે. હાલમાં તેમાં સાત મુખ્ય ક્ષેત્રોનો સમાવેશ થાય છે:

- ફાઈનાન્સિયલ સર્વિસિસ - 41.82%
- માહિતી ટેકનોલોજી - 13.45%
- FMCG - 12.70%
- ઓટોમોબાઈલ અને ઓટો કમ્પોનન્ટ્સ - 12.64%
- કન્સ્ટ્રક્શન - 6.72%
- ટેલિકોમ્યુનિકેશન - 6.47%
- ઓઈલ, ગેસ અને કન્સ્યુમેબલ ફ્યુઅલ્સ - 6.19%

બજારના ઉતાર-ચઢાવમાં સંભાવનાઓ

આ ઈન્ડેક્સમાં દેશની સૌથી મોટી અને મજબૂત કંપનીઓનો સમાવેશ થાય છે. નિફ્ટી 50ના કુલ માર્કેટ કેપિટલાઈઝેશનમાં ટોપ 15 કંપનીઓનો હિસ્સો લગભગ 58% છે, જે તેમની મજબૂત સ્થિતિ દર્શાવે છે.

આ કંપનીઓ સામાન્ય રીતે ROE અને ROCE જેવા નફાકારકતા દર્શાવતા સૂચકોમાં પણ મજબૂત હોય છે. ઈતિહાસ પણ બતાવે છે કે મુશ્કેલ સમયમાં આ કંપનીઓ તુલનાત્મક રીતે વધુ સ્થિર રહી શકે છે. ઉદાહરણ તરીકે, વૈશ્વિક આર્થિક સંકટ દરમિયાન બેક્ટેસ્ટેડ ડેટા મુજબ આ ઈન્ડેક્સમાં લગભગ 55.66% ઘટાડો થયો હતો.

## ૮૫ હજાર એન્જિનિયરોને તાલીમ અપાશે

# સેમીકન્ડક્ટર મિશનમાં દિલ્હીની સંસ્થાઓનું યોગદાન

નવી દિલ્હી: ભારતને સેમીકન્ડક્ટર ક્ષેત્રે વૈશ્વિક હબ બનાવવાના વડાપ્રધાનના સ્વપ્નને સાકાર કરવા માટે 'ઈન્ડિયા સેમીકન્ડક્ટર મિશન' (ISM) અત્યંત વેગવંતુ બન્યું છે. કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે રવિવારે જાહેર કર્યું હતું કે, આગામી ૧૦ વર્ષમાં ૮૫,૦૦૦ કુશળ સેમીકન્ડક્ટર એન્જિનિયરો તૈયાર કરવાના લક્ષ્યાંક સામે ભારતે માત્ર ચાર વર્ષમાં અભૂતપૂર્વ પ્રગતિ કરી છે. આ મિશન અંતર્ગત દિલ્હીની પ્રતિષ્ઠિત શૈક્ષણિક સંસ્થાઓ પાયાની ભૂમિકા ભજવી રહી છે, જ્યાં વિદ્યાર્થીઓને ચિપ ડિઝાઈનથી લઈને તેના ઉત્પાદન અને પરીક્ષણ સુધીની પ્રાયોગિક તાલીમ આપવામાં આવી રહી છે. રાષ્ટ્રીય રાજધાની ક્ષેત્ર (NCR) ની અનેક નામાંકિત સંસ્થાઓ આ મિશનમાં સક્રિયપણે જોડાઈ છે. જેમાં ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી (IIT) દિલ્હી, નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી (NIT) દિલ્હી, દિલ્હી ટેકનોલોજીકલ યુનિવર્સિટી (DTU) અને જવાહરલાલ નેહરુ યુનિવર્સિટી (JNU) જેવી સંસ્થાઓનો સમાવેશ થાય છે. આ સંસ્થાઓમાં વિદ્યાર્થીઓ અદ્યતન 'ઈલેક્ટ્રોનિક ડિઝાઈન ઓટોમેશન' (EDA) સાધનોનો ઉપયોગ કરીને વાસ્તવિક સેમીકન્ડક્ટર ચિપ્સ ડિઝાઈન કરી રહ્યા છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી મુજબ, આ ચિપ્સનું પરીક્ષણ મોહાલી સ્થિત સેમીકન્ડક્ટર લેબોરેટરી (SCL) ખાતે કરવામાં આવે છે, જે વિદ્યાર્થીઓને ઉદ્યોગ જગતનો સીધો અનુભવ પૂરો પાડે છે.કેન્દ્રીય મંત્રીએ માહિતી આપી હતી કે, ભારત અત્યારે વિશ્વનો સૌથી મોટો ઓપન-એક્સેસ ઈડીએ પ્રોગ્રામ ચલાવી રહ્યું છે. અત્યાર સુધીમાં ચિપ ડિઝાઈન તાલીમ માટે ૧.૮૫ કરોડ કલાકથી વધુ સમયનો આ સાધનોનો ઉપયોગ નોંધાયો છે.

## આંતરરાષ્ટ્રીય બજાર | બ્રેન્ટ ક્રૂડમાં ૨૫ ટકાનો તોતિંગ ઉછાળો | તેલ ૧૫૦ ડોલર થવાની નિષ્ણાતોની ચેતવણી

# કાચા તેલના ભાવમાં ભડકો થતા હાહાકાર



(એજન્સી) નવી દિલ્હી | તા.09

પશ્ચિમ એશિયામાં ફાટી નીકળેલા ભીષણ યુદ્ધ અને ભૌગોલિક અસ્થિરતાને કારણે સોમવારે વૈશ્વિક ઉર્જા બજારમાં પ્રચંડ વિસ્ફોટ જોવા મળ્યો છે. આંતરરાષ્ટ્રીય બજારમાં બ્રેન્ટ ક્રૂડ તેલના ભાવમાં એક જ દિવસમાં ૨૫ ટકાથી વધુનો તોતિંગ ઉછાળો આવતા કિંમત પ્રતિ બેરલ ૧૧૬.૫ ડોલરને પાર કરી ગઈ છે. કારોબાર દરમિયાન તેલના ભાવ ૧૧૯.૪૫ ડોલરની ઉચ્ચ સપાટીએ પણ પહોંચ્યા હતા. પશ્ચિમ એશિયાના દેશો વચ્ચેના સંઘર્ષે પુરવઠા સાંકળ પર ગંભીર ખતરો ઊભો કર્યો છે, જેના કારણે વિશ્વભરના દેશોમાં મોંઘવારી અને આર્થિક મંદીનો ફફડાટ વ્યાપ્યો છે.પશ્ચિમ એશિયા હાલમાં ઈરાન, ઈઝરાયેલ અને અમેરિકા વચ્ચેના બહુપક્ષીય સંઘર્ષમાં હોમાઈ રહ્યું છે. સૂત્રો દ્વારા મળતા અહેવાલો મુજબ, ઈરાન પર થયેલા હવાઈ હુમલા અને ત્યાંના સર્વોચ્ચ નેતાના મોતના સમાચાર બાદ તેલ બજારમાં ગભરાટ ફેલાયો છે. વિશ્વના કુલ તેલ પુરવઠાનો મોટો હિસ્સો આ વિસ્તારમાંથી આવતો હોવાથી, આ સંઘર્ષ તેલના ઉત્પાદન અને નિકાસને ખોરવી શકે છે. બજારના નિષ્ણાતો માને છે કે જો આ તણાવ હજુ વધશે, તો આગામી સમયમાં કાચું તેલ પ્રતિ બેરલ ૧૫૦ ડોલરની સપાટી પણ વટાવી શકે છે.

શેરબજાર અને બેન્કિંગ ક્ષેત્રના નિષ્ણાતોના જણાવ્યા અનુસાર, તેલના ભાવમાં જોવા મળી રહેલો આ ઉછાળો 'ફિયર પ્રીમિયમ' એટલે કે ડરના કારણે વધેલી કિંમત છે. તેલના ભાવ સીધી રીતે ખાદ્ય પદાર્થો અને પરિવહન ખર્ચ સાથે જોડાયેલા હોય છે, તેથી જો તેલ મોંઘું થશે તો સમગ્ર વિશ્વમાં ચીજવસ્તુઓના ભાવ આસમાને પહોંચશે. મીડિયા અહેવાલ મુજબ, ૨૦ ટકા જેટલી તેલની તંગી અત્યારે જ બજારમાં વર્તાઈ રહી છે. આ પરિસ્થિતિ વિશ્વને 'ગ્લોબલ રિસેશન' એટલે કે વૈશ્વિક આર્થિક મંદી તરફ ધકેલી શકે છે. વધતા તેલના ભાવોને કારણે ફુગાવો બેકાબૂ બનવાની શક્યતા છે. આ સંજોગોમાં ભારત સહિત વિશ્વની વિવિધ કેન્દ્રીય બેંકોએ વ્યાજદરમાં વધારો કરવા જેવા કડક પગલાં લેવાની ફરજ પડી શકે છે. સામાન્ય ગ્રાહકો પોતાની બિનજરૂરી ખરીદીમાં કાપ મૂકશે, જેનાથી બજારમાં માંગ ઘટશે અને આર્થિક ચક્ર અટકી જવાની ભીતિ છે. જો પશ્ચિમ એશિયામાં શાંતિ સ્થપાય નહીં અને તેલનો પુરવઠો પૂર્વવત ન થાય, તો આગામી મહિનાઓ વૈશ્વિક અર્થતંત્ર માટે અત્યંત કપરા સાબિત થઈ શકે છે.

## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2082, ફાગણ વદ-07

# વિજય ગોએલનું કહીંપે નીગાહેં, કહીંપે નિશાના

બિહારના મુખ્યમંત્રી નિતિશકુમારે રાજ્યસભામાં જવાનો નિર્ણય કરવાથી જેડીયુના કાર્યકર્તાઓ નારાજ થઈ ગયા છે. વિરોધપક્ષ ભાજપ પર આક્ષેપ કરે છે. ભાજપ બીજી તરફ નિતિશકુમારના નિર્ણયને એમનો અંગત ગણાવે છે. હવે ભાજપના સિનિયર નેતા વિજય ગોએલએ કહ્યું છે કે, આ બાબતે કારણવગરની ચર્ચા થઈ રહી છે. ખરી વાત તો એ બાબતે થવી જોઈએ કે ૭૫ વર્ષ પછી સક્રિય રાજકારણમાંથી સ્વૈચ્છાએ નિવૃત્તી લેવાની પરંપરા બનવી જોઈએ જેને કારણે નવી વ્યક્તિઓને મોકો મળે. વિજય ગોએલ ચાર વખત સાંસદ અને કેન્દ્રીય મંત્રી રહી ચૂક્યા છે તેઓ દિલ્હી ભાજપના પ્રમુખ પણ હતા. ભાજપમાં જ કેટલાક ખાનગીમાં ચર્ચા કરી રહ્યા છે કે વિજય ગોએલનું આ નિવેદન નરેન્દ્ર મોદીને ટોણો તો નહોતું ને. વિજય ગોએલએ સોશ્યલ મીડિયા પર પણ લખ્યું હતું કે, 'બધા જાણે છે કે નિતિશકુમારનું શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય પહેલા જેવું રહ્યું નહોતું.'પશ્ચિમ એશિયા સંકટ લાંબુ ચાલશે તો ભારતીય રૂપિયાની આંતરરાષ્ટ્રીય વેલ્યુ ઘટી શકે છે. પેટ્રોલિયમ અને બીજી ચીજવસ્તુઓની કિંમતોમાં તો વધારો થઈ જ રહ્યો છે. આને કારણે મોંઘવારી પણ વધશે. નાણામંત્રાલયે આ બાબતે એક અહેવાલ જાહેર કર્યો છે. એમા વાત તો મોટી મોટી કરવામાં આવી છે. બહારી દબાવ છતાં પણ દેશ તમામ મુશ્કેલીઓનો સામનો કરવા તૈયાર છે. જોકે આ સંકટ જો લાંબુ ચાલ્યું તો પરિસ્થિતિ વણસી શકે છે. એલએનજી અને કાચા ઓઈલ પર નભતા ઉદ્યોગો તેમજ પેટ્રોરસાયણ ક્ષેત્રો પર આની અસર પડી શકે છે. નાણામંત્રાલયના અહેવાલમાં જોકે કબુલ કરવામાં આવ્યું છે કે ઈરાનના હુમલા પછી જે તાણ ઉભી થઈ છે અને હોર્મુઝ ખાડીમાંથી પસાર થતા જહાજો પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે એ સૌથી ચિંતાજનક છે.ઘરેલુ અને કોમર્શિયલ એલપીજી સીલીન્ડરોની કીંમતના વધારા માટે કોંગ્રેસે નરેન્દ્ર મોદીને જવાબદાર ગણાવ્યા હતા. કોંગ્રેસે મોદીનું નવુ ઉપનામ 'મહંગાઈ મેન' પાડયું છે. કોંગ્રેસે સોશયલ મીડિયા એક્સ પર લખ્યું છે કે મોદી સરકારે ઘરેલુ એલપીજી સીલીન્ડરના ભાવમાં ૬૦ રૂપિયાનો વધારો કરીને સામાન્ય માણસના બજેટ પર સીધો કાપ મૂક્યો છે. ૧૯ કીલોગ્રામના કોમર્શિયલ એલપીજી સીલીન્ડરની કીંમતમાં ૧૧૫ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે. આ વધારાને કારણે મોંઘવારી વધશે. છેલ્લા ત્રણ મહિનામાં કોમર્શિયલ સીલીન્ડરની કીંમત ૩૦૭ રૂપિયા વધી ગઈ છે. કોંગ્રેસના પ્રવક્તા પવન ખેડાએ પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રી હરદીપ સિંહ પુરીની આકરી ટીકા કરી છે. એમના કહેવા પ્રમાણે હરદીપ સિંહ પુરી એક તરફ લોકોને કહે છે કે સરકારની પ્રાથમિકતા લોકોને સસ્તા ભાવે ઈંધણ આપવાની છે. દિલ્હીની સાકેત કોર્ટે કુખ્યાત ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઇ અને બીજા બેને ખંડણીના કેસમાં નિર્દોષ જાહેર કર્યા છે. દિલ્હીના એક વકીલ પાસેથી આ ત્રણેએ એક કરોડની ખંડણી માંગી હોવાનો કેસ થયો હતો. કોર્ટના કહેવા પ્રમાણે આરોપીઓ સામે ફક્ત નિવેદન સીવાય કોઈ પુરાવા નથી. ૨૦૦૩માં દાખલ થયેલી એફઆઈઆર પછી ફાયરીંગ અને ખંડણી માટે ધમકી આપવાની ફરિયાદ થઈ હતી. દિલ્હી પોલીસની ક્રાઈમ બ્રાન્ચે તપાસ પછી લોરેન્સ બિશ્નોઇ, હરેન સરપદાદિયા અને આશિષ વર્મા સામે ચાર્જશીટ દાખલ કરી હતી. ચીફ જ્યુડિશ્યલ મેજીસ્ટ્રેટ (સીજેએમ) નુપુર ગુપ્તાએ આપેલા ચુકાદા મુજબ ફરિયાદીએ ધમકી માટે ખંડણીની રકમ માગવાનો આરોપ મૂક્યો નહોતો. ચાર્જશીટમાં પણ રકમ આપવાનો કોઈ ઉલ્લેખ નહોતો. કોર્ટના કહેવા પ્રમાણે આરોપીઓ પર આઈપીસીની કલમ ૩૮૬ હેઠળ ગુનો કર્યાનો આરોપ લાગુ પાડી શકાય નહીં. યુનાઈટેડ સ્ટેટ્સ આર્મીમાં કામ કરતા ભારતીય મૂળના સ્પેશિયાલીસ્ટ શિલ્પા ચૌધરીનો એક વિડિયો સોશ્યલ મીડિયા પર ખૂબ વાયરલ થયો છે. આ વિડિયોમાં શિલ્પા ચૌધરી ભારતીઓને એક અપીલ કરી રહ્યા છે. ઈરાનના સુપ્રિમ લીડર ખામેનેઈની હત્યા પછી ભારતમાં વિરોધ પ્રદર્શનો થયા હતા. આ બાબતે એમણે પ્રતિક્રિયા આપી છે. એમણે બધાને હોળીની શુભેચ્છા આપતા કહ્યું છે કે, આ વખતની પરિસ્થિતિ જોતા મારૂ મન તહેવારની ઉજવણી કરવાનું નથી. શિલ્પા ત્રણ બાળકોની માતા છે અને યુએસ આર્મીમા કેમીકલ, બાયોલોજીકલ, રેડીયોલોજીકલ અને ન્યુક્લિયર સ્પેશિયાલીસ્ટ છે. એમનુ કહેવું છે કે, ધર્મને કારણે ભારતમાં કેટલાકને દુઃખ થયું છે. હું મુસ્લિમ વિરોધી નથી, પરંતુ કોઈપણ કટ્ટરતાની વિરુદ્ધ છું.દેશના ઘણા રાજ્યોના ગવર્નરો બદલવામાં આવ્યા છે.

# મહિલા સશક્તિકરણ માટે સરકારની વિવિધ યોજનાઓ મહત્વપૂર્ણ

## જિલ્લા કલેકટરશ્રી મિહિર પટેલના અધ્યક્ષસ્થાને પાલનપુર ખાતે જિલ્લા કક્ષાનો આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ ઉજવાયો









પાલનપુર | બનાસકાંઠા જિલ્લા કલેકટરશ્રી મિહિર પટેલના અધ્યક્ષસ્થાને પાલનપુર નગરપાલિકા ટાઉનહોલ ખાતે જિલ્લા કક્ષાનો આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ ઉજવાયો હતો. આ કાર્યક્રમમાં મહિલાઓના સર્વાંગી વિકાસ અને સશક્તિકરણ અંગે વિગતવાર માહિતી આપવામાં આવી હતી.આ પ્રસંગે જિલ્લા કલેકટરશ્રી મિહિર પટેલે મહિલાઓને મહિલા દિવસની શુભેચ્છાઓ પાઠવી જણાવ્યું હતું કે, સમાજના સર્વાંગી વિકાસ માટે મહિલાઓનું સશક્તિકરણ ખૂબ જ આવશ્યક છે. સરકારશ્રી દ્વારા મહિલાઓના શિક્ષણ, આરોગ્ય, સ્વરોજગાર અને આત્મનિર્ભરતા માટે અનેક યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે. મહિલાઓને આ યોજનાઓનો લાભ લઈને પોતાના વિકાસ સાથે સમાજના વિકાસમાં યોગદાન આપવું જોઈએ. સમાજના દરેક ક્ષેત્રમાં મહિલાઓનું યોગદાન અત્યંત અગત્યનું રહ્યું છે. પરિવારથી લઈને ગામ, જિલ્લો, રાજ્ય, રાષ્ટ્ર અને સમગ્ર વિશ્વના વિકાસમાં મહિલાઓની ભૂમિકા અદભૂત અને પ્રેરણાદાયી છે. મહિલાઓ વિના જીવનની કલ્પના કરવી પણ અશક્ય છે.કલેકટરશ્રીએ જણાવ્યું કે, સમયની સાથે સમાજની વિચારધારામાં પણ પરિવર્તન આવવું ખૂબ જ જરૂરી છે. આજના સમયમાં પુરુષો જે કામ કરી શકે છે તે તમામ કામ મહિલાઓ પણ સમર્થ રીતે કરી શકે છે. મહિલાઓના આત્મસન્માન અને ગૌરવની ઉજવણીનો આ વિશેષ દિવસ છે. તેથી સમાજમાં મહિલા પ્રત્યેની સકારાત્મક વિચારધારા વિકસાવવાની જરૂર છે.કલેકટરશ્રીએ જણાવ્યું કે, ઉત્તર ગુજરાતના વિસ્તારમાં કદાચ પ્રથમ મહિલા બેગ પાઈપર બેન્ડ તરીકે અંબાજી ખાતેના શક્તિ સેવા કેન્દ્ર દ્વારા શરૂ કરાયેલ બેગ પાઈપર બેન્ડ ગૌરવની બાબત છે. આ બેન્ડમાં જોડાયેલી બાળાઓ મુખ્યત્વે ટ્રાઈબલ પરિવારોમાંથી આવે છે. ગબ્બર પર્વત પર ભિક્ષા માગવાની પ્રવૃત્તિ છોડાવીને આ બાળાઓને સારું શિક્ષણ અને સંસ્કાર આપવાનું ઉત્તમ કાર્ય શક્તિ સેવા કેન્દ્ર દ્વારા કરવામાં આવી રહ્યું છે. આ માટે તેમણે સંસ્થાને અભિનંદન પાઠવ્યા હતા. અંતમાં તેમણે ફરી એકવાર તમામને આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની શુભકામનાઓ પાઠવી હતી.આ કાર્યક્રમ દરમિયાન વિવિધ ક્ષેત્રે નોંધપાત્ર કામગીરી કરનાર મહિલાઓ, દીકરીઓ અને કિશોરીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. ઉપરાંત મહિલાઓને પ્રોત્સાહનરૂપ વિવિધ યોજનાઓના લાભાર્થીઓને સહાય અને પ્રમાણપત્રોનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે મહિલા કલાનિધિ ટ્રસ્ટ કાણોદરના શ્રીમતી રશ્મિ હાડાએ જણાવ્યું કે, અમે ટ્રસ્ટ દ્વારા છેલ્લા ૨૦ વર્ષથી મહિલાઓને પગભર બનાવવા કામગીરી કરીએ છીએ. દર વર્ષની જેમ આ વર્ષે પણ ૮મી માર્ચ નિમિત્તે મેં ૧૦ દીકરીઓને રૂ. ૨૫,૦૦૦ની એફ.ડી. (FD) આપી છે. કુલ ૧૦ એફ.ડી. અને ૫ દીકરીઓને 'તેજસ્વિની સન્માન' આપવામાં આવ્યું છે. આ સુંદર કામગીરીની નોંધ લઈ આજે કલેક્ટર સાહેબે મારું બહુમાન કરી સન્માનિત કરી છે, તે બદલ હું બનાસકાંઠા જિલ્લા વહીવટી તંત્રની આભારી છું.

આ કાર્યક્રમમાં પાલનપુર નગરપાલિકા પ્રમુખશ્રી ચીમનભાઈ સોલંકી, ડીસા નગરપાલિકા પ્રમુખશ્રી નીતાબેન ઠક્કર, પ્રોગ્રામ ઓફિસર શ્રી ઉષાબેન ગજ્જર, જિલ્લાના અધિકારીઓ, વિવિધ વિભાગોના પ્રતિનિધિઓ, મહિલાઓ અને મોટી સંખ્યામાં બહેનો ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# લીલીયા બૃહદ જંગલ વિસ્તારમાં ગેરકાયદેસર વૃક્ષ કટિંગ મામલે ટ્રક ઝડપાયું, ₹૪.૪૫ લાખનો મુદ્દામાલ

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

અમરેલી જિલ્લામાં લીલીયા બૃહદ જંગલ વિસ્તારમાં ગેરકાયદેસર રીતે વૃક્ષ કાપીને પરિવહન કરવામાં આવી રહ્યું હોવાની ઘટનામાં લીલીયા પોલીસે કાર્યવાહી કરી એક આઈશર ટ્રક સાથે આરોપીને ઝડપી પાડ્યો હતો.મળતી માહિતી મુજબ ભોરીંગડા થી લીલીયા વચ્ચે દેશી બાવળના વૃક્ષો કાપીને ભરેલો એક આઈશર ટ્રક પસાર થતો હતો. આ અંગે જાણ થતાં લીલીયા પોલીસે તપાસ હાથ ધરી ટ્રકને અટકાવી તપાસ કરતા તેમાં મોટી માત્રામાં દેશી બાવળનું લાકડું ભરેલું મળી આવ્યું હતું.પોલીસે ટ્રકના ડ્રાઈવર તરીકે



તળાજા તાલુકાના પારાપરા ગામના જયંતી કલા મકવાણાને ઝડપી પાડ્યો હતો. પ્રાથમિક તપાસમાં ગેરકાયદેસર રીતે બાવળના વૃક્ષો કાપીને પરિવહન કરવામાં આવતું હોવાની વિગતો સામે આવી છે.

આ સમગ્ર મામલે લીલીયા પોલીસે અંદાજિત રૂ/-૪ લાખ ૪૫ હજારનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો અને આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ઉલ્લેખનીય છે કે સિંહોના વસવાટ વિસ્તાર તરીકે જાણીતા આ જંગલ વિસ્તારમાં છેલ્લા કેટલાક સમયથી વૃક્ષોના બેફામ કટિંગની ઘટનાઓ સામે આવી રહી છે. ત્યારે લીલીયા વનતંત્રની કામગીરી સામે પણ સવાલો ઊભો થાય રહ્યા છે.

# ૧૯ વર્ષોથી નાસતા ફરતા આરોપી ને દબોચ્ચી લેતી રાજુલા પોલીસ સ્ટેશન ની સર્વેલન્સ ટીમ

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

મહે.ભાવનગર રેન્જ આઈ.જી. શ્રી ગૌતમ પરમાર સાહેબ નાઓએ ભાવનગર રેન્જના જિલ્લાઓમાં ગુન્હા કરી નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા સુચના આપેલ હોય જેથી મહે, અમરેલી પોલીસ અધિક્ષક શ્રી સંજય ખરાત સાહેબ નાઓ દ્વારા ૧૦ વર્ષ થી વધુ સમય થી નાસતા ફરતા આરોપી ને પકડી પાડવા ખાસ ઝુંબેશ નુ અયોજન કરેલ હોય અને નાસતા ફરતા આરોપીને શોધી કાઢવા સુચના આપેલ હોય જે અન્વયે મદદનીશ પોલીસ અધિક્ષક શ્રી જયવીર ગઢવી સાહેબ સાવરકુંડલા વિભાગ નાઓના સીધા માર્ગદર્શન હેઠળ, રાજુલા પો.ઈન્સ શ્રી વી.એમ.કોલાદરા સાહેબ નાઓની રાહબારી હેઠળ રાજુલા પો.સ્ટે ની સર્વેલન્સ ટીમને ખાસ સુચન આપેલ હોય અને રાજુલા પો.સ્ટે ના અલગ અલગ ૧૦ વર્ષથી વધુ સમયથી નાસતા ફરતા આરોપી શોધી કાઢવા સારૂ અલગ અલગ દીશામા તપાસ કરેલ જેમાં રાજુલા પો.સ્ટે. ફર્સ્ટ ગુ.ર.નં. ૩૦/૨૦૦૭ આઈ.પી.સી.કલમ ૩૬૩,૩૬૬ મુજબના ગુન્સે જેમા ભોગબનનાર નુ અપરહણ કરી અને આરોપી બાલાભાઈ મથુરભાઈ કાતરીયા રહે.-કોટડી તા.રાજુલા વાળો છેલ્લા ૧૯ વર્ષથી નાસતો ફરતો લીસ્ટેડ અને નામદારા કોર્ટમાંથી સને ૨૦૨૧ મા ઉપરોક્ત આરોપીનુ સી.આર.પી.સી ની કલમ ૭૦ મુજબનુ નાસતા ફરતાનુ પકડ વોરંટ હોય જેને રાજુલા પો.સ્ટે. ની સર્વેલન્સટ ટીમ દ્વારા કર્ણાટક રાજયના બેંગ્લોર ખાતેથી ઝડપી પાડી.

# હાજીપીર દરગાહે આવતા યાત્રાળુઓને મળશે સુવિધા : બુરકલ-હાજીપીર માર્ગનું ખાતમુહૂર્ત



જગદીશ દવે | દેશલપર (ગુંતલી)

કચ્છ પંચાયત માર્ગ અને મકાન વિભાગ દ્વારા બુરકલથી હાજીપીર સુધીના અંદાજે 5 કિલોમીટર માર્ગના રીસર્ફેસિંગ, ડામર કામ, મેટલ કામ, સાઈડ સિલ્ડર અને માર્ગ મજબૂતીકરણના રૂ. 6 કરોડના ખર્ચના કામનું ખાતમુહૂર્ત ભુજના ધારાસભ્ય કેશુભાઈ પટેલ અને તાલુકા પંચાયત પ્રમુખ વિનોદભાઈ પટેલના હસ્તે કરવામાં આવ્યું હતું.આ માર્ગના કામ માટે કોઈ કોન્ટ્રાક્ટર ટેન્ડર ભરવા તૈયાર ન હતો ત્યારે ધારાસભ્ય કેશુભાઈ પટેલે અંગત રસ લઈ સરકાર સમક્ષ ઊંચા દરે ટેન્ડર મંજૂર કરવા ભલામણ કરી હતી, જેના પરિણામે આજે આ મહત્વપૂર્ણ માર્ગનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું.આ પ્રસંગે ધારાસભ્ય કેશુભાઈ પટેલે જણાવ્યું હતું કે ડબલ એન્જિન સરકાર છેવાડાના માણસ સુધી વિકાસ પહોંચાડવા પ્રતિબદ્ધ છે. આ રસ્તો બનવાથી હાજીપીર, નખત્રાણા તથા આસપાસના વિસ્તારોના લોકોને સુવિધા મળશે અને હાજીપીર દરગાહે આવતા પ્રવાસીઓ માટે પણ સરળતા રહેશે. આ માર્ગ છારીઢંઢ વિસ્તાર સાથે જોડાઈને પશ્ચિમ કચ્છના નખત્રાણા, માંડવી અને અબડાસા વિસ્તારને ગડૂલી-સાતલપુર માર્ગ મારફતે નેશનલ હાઈવે-8 સાથે જોડશે.આ ઉપરાંત રાજસ્થાન, મહેસાણા, પાલનપુર તેમજ ધોળાવીરા, ધોરડો (વ્હાઈટ રણ) અને ખાવડા તરફ જતા પ્રવાસીઓ માટે પણ આ માર્ગ ઉપયોગી બનશે. સાથે જ નારાયણ સરોવર અને માતાના મઢ જતા યાત્રાળુઓને પણ મોટી સુવિધા મળશે. બુરકલથી ફુલાય સુધીના બાકી રહેલા ત્રણ કિલોમીટર માર્ગનું કામ પણ ઝડપથી શરૂ કરવા અધિકારીઓને સૂચના આપવામાં આવી હોવાનું તેમણે જણાવ્યું.પ્રસંગે ગામના આગેવાન સૈયા જત તથા તાલુકા પંચાયત સભ્ય અબ્દુલ્લા બુઢા દ્વારા ધારાસભ્ય કેશુભાઈ પટેલને કચ્છી ગોદડી અર્પણ કરી સન્માન કરવામાં આવ્યું હતું.ખાતમુહૂર્તની પૂજા પંડિત કમલેશ રાવલ દ્વારા કરાવવામાં આવી હતી. કાર્યક્રમનું સંચાલન ઉમેશભાઈ આચાર્યે કર્યું હતું અને અંતે સરાડા સરપંચ ફકીરમામદભાઈએ આભાર વ્યક્ત કર્યો હતો.

# સાયરા (યક્ષ)ના પવિત્ર ડુંગર પર કુદરતનો અદભૂત નજારો, વાદળાં ધરતી પર ઉતર્યાં હોય તેવો અનુભવ

જગદીશ દવે | દેશલપર (ગુંતલી)

નખત્રાણા તાલુકાના સાયરા (યક્ષ) ખાતે આવેલ પવિત્ર ડુંગર પર વહેલી સવારના સમયે કુદરતનો અદભૂત અને નયનરમ્ય નજારો જોવા મળ્યો હતો. ભીખુઋષિની પવિત્ર તપોભૂમિ તરીકે ઓળખાતું આ સ્થાન તેમજ યક્ષ દાદા અને સાયરી માં માતાજી ધામના આસપાસના વિસ્તારમાં સવારથી જ કુદરત સોળે કળાએ ખીલી ઉઠી હતી.ડુંગરની આસપાસ ઘેરાયેલા ઘન વાદળો અને ઠંડકભર્યા વાતાવરણને કારણે એવું લાગતું હતું કે જાણે વાદળો ધરતી પર ઉતરી



આવ્યા હોય. આ અનોખા દ્રશ્યોને જોઈને સ્થાનિક લોકો અને દર્શનાર્થીઓમાં આનંદની લાગણી છવાઈ ગઈ હતી.કુદરતના આ મનમોહક પળોને ફોટોગ્રાફર દીપક રૂડાણીએ પોતાના કેમેરામાં સુંદર રીતે કેદ કરી લીધા હતા. આ તસ્વીરોમાં ડુંગર, મંદિરો અને વાદળોથી ઢંકાયેલું વાતાવરણ એક અદભૂત સૌંદર્ય રજૂ કરે છે.

# ધિણોજ ખાતે પીએમ ઈંગ્લીશ મીડીયમ સ્કુલમાં ઢીંગલી ઘરનું ઉદ્ઘાટન દાતા અને સ્કૂલના સ્થાપકના ફોટાનુંઅનાવરણ કાર્યક્રમ સાથે હવન યોજાયો

નિતીન ઠાકર | ચાણસ્મા

ચાણસ્મા તાલુકાના ધિણોજ ગામે આવેલ પી એમ ઈંગ્લીશ મીડીયમ સ્કુલ ખાતે સ્કુલ માં સહયોગી દાતા ચૌધરી પ્રતાપભાઈ મોતીભાઈ ત્થા સ્કુલના સ્થાપક શંકરભાઈ કે ચોધરી (વોટરપાર્ક) ના ફોટાનું અનાવરણ ઢીંગલીઘર નું ઉદ્દઘાન સાથે હવન સહિત ત્રિવિધ કાર્યક્રમનું આયોજન કરાયું હતું ઢીંગલીઘર થી સ્કૂલમાં ભણવા આવતા ભુલકાંઓના કૌશલ્ય વર્ધન માટે ઢીંગલી ઘર નું માધ્યમ એ મહત્વનું પરીબળ હોવાનું જણાવી પ.પૂ રૂખડ નાથબાપુએ ભુલકાંઓને આશિર્વાદ આપ્યા હતા આ પ્રસંગે ઝિલીયા



આશ્રમના પદ્મશ્રી માલજીભાઈ દેસાઈ ધિણોજ મિત્રમંડળ અમદાવાદના પ્રણેતા મહેન્દ્રભાઈ ભાવસાર ભર્તુહરી આશ્રમના સંવ વર્ય પપૂ. રૂખડ નાથબાપુ મંડળના પદાધિકારીઓ સ્કુલના બાળકો વાલીઓ ઉપસ્થિત રહયા હતા

# સમદ્રષ્ટિ સંગઠન પરિવાર રાષ્ટ્રીય અધ્યક્ષ હેમંત ત્રિવેદીના માર્ગદર્શનને ધ્યાનમાં લઇ અમદાવાદ જિલ્લા અધ્યક્ષ શ્રી દીપિકા ધવલેશા ના અધ્યક્ષ સ્થાને અને વૃદ્ધાશ્રમમાં જઈ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી કરવામાં આવી



અમદાવાદ | સમદ્રષ્ટિ સંગઠન પરિવાર અમદાવાદ જિલ્લા મહિલા મોરચા અધ્યક્ષ શ્રી દીપિકા ધવલેશા ના અધ્યક્ષ સ્થાને વૃદ્ધાશ્રમમાં જઈ મહિલા દિવસની ઉજવણી કરવામાં આવી જેમાં વૃદ્ધોને તિલક ચાંદલા કરી સન્માન કરવામાં આવ્યું. સાથે સાથે વૃદ્ધોને રોજિંદી જીવન જરૂરિયાત વસ્તુઓ પણ આપી અને મદદરૂપ થઈ ઉમદા કાર્ય હાથ ધર્યું હતું આ કાર્યક્રમને સફળ બનાવવા માટે અન્ય મહિલાઓ પણ એકત્રિત થઈ અને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. તમામ મહિલાઓનું પ્રમાણપત્ર આપીને બિરદાવવામાં આવ્યા હતા.

# "વોટર ટ્રીટમેન્ટ એન્ડ મેનેજમેન્ટમાં અદ્યતન" (ICAWTM) પર 5મી આંતરરાષ્ટ્રીય પરિષદનું આયોજન કર્યું હતું

અમદાવાદ | પંડિત દીનદયાળ એનર્જી યુનિવર્સિટી (PDEU) એ ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી (GUJCOST) સાથે મળીને 7-8 માર્ચ, 2026 ના રોજ 'વોટર ટ્રીટમેન્ટ એન્ડ મેનેજમેન્ટમાં અદ્યતન' (ICAWTM) પર 5મી આંતરરાષ્ટ્રીય પરિષદનું આયોજન કર્યું હતું. આ બે-દિવસીય પરિષદમાં જળ સંરક્ષણ અને વ્યવસ્થાપનમાં નિર્ણાયક પડકારો અને ઉકેલોની ચર્ચા કરવા માટે અગ્રણી સંશોધકો, નીતિ નિર્માતાઓ અને ઉદ્યોગના નિષ્ણાતોને એકત્રિત કર્યા હતા, જેમાં ઉભરતી ટેકનોલોજીકલ નવીનતાઓ પર ખાસ ધ્યાન કેન્દ્રિત કરવામાં



આવ્યું હતું.પરિષદનું ઉદ્ઘાટન દીવા પ્રગટાવવાની વિધિ સાથે કરવામાં આવ્યું હતું. પરિષદમાં વૈશ્વિક જળ વ્યવસ્થાપનના પડકારોનો સામનો કરવા માટે આંતરરાષ્ટ્રીય સહયોગના મહત્વ પર પ્રોફેસર ફિલિપ્સ ડેવિસ, કો-કન્વેનર ICAWTM-2026, યુનિવર્સિટી ઓફ બર્મિંગહામ, યુકેએ ભાર મૂક્યો હતો.

# નિરોણા ડેમ વિસ્તારમાં મગરમચ્છ દેખાતા સાવચેતી રાખવા અપીલ



જગદીશ દવે| દેશલપર (ગુંતલી)

નખત્રાણા તાલુકાના નિરોણા ગામ નજીક આવેલા નિરોણા ડેમ વિસ્તારમાં છેલ્લા થોડા દિવસોથી જળચર પ્રાણી મગરમચ્છ બહાર આવતા જોવા મળી રહ્યા છે. ઉનાળાની ઋતુ શરૂ થતા પાણીના સ્તર અને હવામાનના ફેરફારને કારણે મગરમચ્છો ડેમના કિનારે અથવા આસપાસના વિસ્તારમાં જોવા મળવાની શક્યતા રહે છે.આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને નિરોણા ગ્રામ પંચાયતના સરપંચ શ્રી એન.ટી. આહીર દ્વારા ગ્રામજનો તથા ડેમ વિસ્તાર તરફ જતા લોકોને ખાસ સાવચેતી રાખવાની અપીલ કરવામાં આવી છે.સરપંચશ્રીએ જણાવ્યું કે ડેમ નજીક અનાવશ્યક ભીડ ન કરવી, પાણીના કિનારે ન જવું, બાળકોને એકલા ડેમ પાસે ન જવા દેવા તેમજ પશુઓને પાણી પીવડાવવા લઈ જતા સમયે પણ તકેદારી રાખવી જરૂરી છે.ગ્રામ પંચાયત દ્વારા લોકોના સુરક્ષાને ધ્યાનમાં રાખીને આ સૂચના આપવામાં આવી છે અને દરેકને સાવચેત રહી સહકાર આપવા વિનંતી કરવામાં આવી છે.

# વેટરનરી કોલેજ, કામધેનુ યુનિવર્સિટી, જૂનાગઢ ખાતે સ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓનો ૧૩મો વેલેડિક્ટરી સમારંભ યોજાયો

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૯ વેટરનરી કોલેજ, કામધેનુ યુનિવર્સિટી, જૂનાગઢ ખાતે બી. વી.એસ.સી. & એ.એચ.નો અભ્યાસ પૂર્ણ કરી ૧૩મી બેચનો વેલીડીક્ટ્રી કાર્યક્રમ યોજાયો હતો,કામધેનુ યુનિવર્સિટી બન્યા બાદની પ્રથમ બેચ કે જેમાં કુલ ૬૬ વિદ્યાર્થીઓએ સફળતાપૂર્વક સાડા પાંચ વર્ષનો અભ્યાસક્રમ પૂર્ણ કરેલ છે. આ કાર્યક્રમમાં અધ્યક્ષ તરીકે ડૉ. બી. કે. અસવાર, પ્રાધ્યાપક અને વડા તથા ઈન્ચાર્જ પ્રિન્સિપાલ, વેટરનરી કોલેજ, જૂનાગઢ, મુખ્ય અતિથી ડૉ.અમિત એન. કાનાણી, રીજીયોનલ જોઈન્ટ ડાયરેક્ટર, પશુપાલન વિભાગ, જૂનાગઢ અને અતિથી વિશેષ ડૉ.આર.પી. ભટ્ટ, પ્રિન્સીપાલ, બહાઉદ્દીન સાયંસ કોલેજ, જૂનાગઢ અને ડૉ.એમ. ડી. ઓડેદરા સંશોધન વૈજ્ઞાનિક પશુ ઉછેર કેન્દ્ર, જૂનાગઢ આમંત્રિત સભ્ય તરીકે કાર્યક્રમમાં હાજર રહ્યા હતા.

# લુણાવાડાના મોટા સોનેલા ખાતે આયોજિત ભરતી મેળામાં યુવાનોને ખાનગી ક્ષેત્રમાં રોજગારીની ઉત્તમ તકો પૂરી પાડવામાં આવી...

જગદીશ ત્રિવેદી | મહીસાગર

મહીસાગર જિલ્લાના શિક્ષિત બેરોજગાર યુવાઓને રોજગારીની તકો ઉપલબ્ધ કરાવવાના ઉમદા હેતુથી જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા આજે લુણાવાડાના મોટા સોનેલા,ડૉ. બાબા સાહેબ આંબેડકર ભવન ખાતે જિલ્લા કક્ષાનો રોજગાર ભરતી મેળો તેમજ 'સ્વરોજગાર માર્ગદર્શન શિબિર'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ ભરતી મેળામાં જિલ્લાના ઉત્સાહી મહિલા અને પુરુષ ઉમેદવારો મોટી સંખ્યામાં જોડાયા હતા.આ રોજગાર મેળાની વિશેષતા એ રહી કે તેમાં વિવિધ ક્ષેત્રના અંદાજે ૧૦ જેટલા પ્રતિષ્ઠિત નોકરીદાતાઓ ઉપસ્થિત રહ્યા હતા. આ એકમો દ્વારા ટેકનિકલ અને નોન-ટેકનિકલ એમ બંને શ્રેણીમાં ૧૩૦૦થી વધુ ખાલી જગ્યાઓ માટે સીધી ઈન્ટરવ્યુ પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. જેમાં ધોરણ ૧૦ અને ૧૨ પાસ, આઈ.ટી.આઈ., ડિપ્લોમા તેમજ ગ્રેજ્યુએટ લાયકાત ધરાવતા ૧૮ થી ૩૫ વર્ષની વય મર્યાદાના અનુભવી અને બિન-અનુભવી ઉમેદવારોને તેમની યોગ્યતા



મુજબ રોજગારીની તક આપવામાં આવી હતી.ભરતી મેળાની સાથે-સાથે આયોજિત માર્ગદર્શન શિબિરમાં નિષ્ણાતો દ્વારા ઉમેદવારોને સરકારની વિવિધ રોજગારલક્ષી અને સ્વરોજગારલક્ષી યોજનાઓ વિશે વિગતવાર માહિતી પૂરી પાડવામાં આવી હતી.

# જૂનાગઢ જિલ્લા કક્ષાનો સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ તા.૨૫ માર્ચ અને તાલુકા કક્ષાનો સ્વાગત કાર્યક્રમ તા.૨૪ માર્ચના યોજાશે

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ,તા.૦૯ નાગરિકોના પડતર પ્રશ્નોના ઉકેલ માટે સ્વાગત ઓનલાઈન ફરિયાદ નિવારણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. જૂનાગઢ જિલ્લામાં તા. ૨૫ માર્ચ ૨૦૨૬ બુધવારના સવારે ૧૧ કલાકે જિલ્લા કક્ષાનો સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ જિલ્લા મથકે યોજાશે. તેમજ તા. ૨૪ માર્ચ ૨૦૨૬ મંગળવારના રોજ સવારે ૧૧ કલાકે દરેક તાલુકા મથકે ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાશે જેમાં સંબંધિત અધિકારીશ્રીઓ તાલુકા મથકે ઉપસ્થિત રહેશે. નાગરિકો તેમના પ્રશ્નો જે-તે ગામના તલાટીને દર મહિનાની તા.૧૦ તારીખ સુધીમાં રજૂ કરી શકશે. જિલ્લા કક્ષાએ નિકાલ કરવા પાત્ર હોય તેવા પડતર પ્રશ્નો જૂનાગઢ જિલ્લા કલેક્ટર કચેરી અને તાલુકા તથા ગ્રામ કક્ષાએ નિકાલ કરવા પાત્ર હોય.

# રાજુલા તાલુકા પંચાયતની ચાલુ ટર્મ ની છેલ્લી સામન્ય સભા મળી



કિશોર આર. સોલંકી | જાફરાબાદ

આજરોજ ચાલુ ટર્મની છેલ્લી સામાન્ય સભા રાજુલા તાલુકા પંચાયત ખાતે યોજાઈ હતી. તાલુકા પંચાયતનો કાર્યકાળ તા. ૧૫ માર્ચે પૂર્ણ થવાનો હોવાથી તાલુકા પંચાયત પ્રમુખ, ઉપપ્રમુખ, કારોબારી ચેરમેન તથા ન્યાય સમિતિ ચેરમેનનું સુંદર કામગીરી બદલ તાલુકા પંચાયતના સદસ્યશ્રીઓ તેમજ આગેવાનો દ્વારા ફૂલહાર થી સન્માન કરવામાં આવ્યું આ બેઠકમાં તાલુકાના સર્વાંગી વિકાસને ધ્યાનમાં રાખીને રૂ. ૧૩૯ કરોડનું વિકાસલક્ષી બજેટ રજૂ કરવામાં આવ્યું હતું, જેને સર્વાનુમતે મંજૂરી આપવામાં આવી તાલુકાના વિકાસ માટે લેવાયેલા આ મહત્વપૂર્ણ નિર્ણયને રાજુલાના લોકપ્રિય ધારાસભ્ય શ્રી હીરાભાઈ સોલંકી દ્વારા આવકારવામાં આવ્યો તેમજ તમામ આગેવાન શ્રીઓ, ટી.ડી.ઓ., તાલુકા પંચાયતના તમામ સ્ટાફ અને સાથી સદસ્યશ્રીઓનો પ્રમુખ પ્રતિનિધિ શ્રી ધીરજભાઈ પુરોહિત અને સદસ્ય પ્રતિનિધિ શ્રી કનુભાઈ ધાખાડા એ અભિનંદન સાથે આભાર માન્યો હતો.

# એસ.ટી. ડેપો વિવાદમાં:-અમુક સેન્ટર પર પરીક્ષા ન હોવા છતા વધારાની બસો દોડાવવી



ડાંગ | ડાંગ જિલ્લાના મુખ્ય મથક આહવા ખાતે એસ.ટી. ડેપોના ગેરવહીવટના ગંભીર આક્ષેપો સામે આવ્યા છે.વિદ્યાર્થીઓની પરીક્ષાના નામે જરૂરિયાત કરતાં વધુ અને પરીક્ષા ન હોય તેવા રૂટ પર પણ બસો દોડાવવામાં આવતા સ્થાનિક મુસાફરોમાં રોષ જોવા મળી રહ્યો છે.આહવા એસ.ટી. ડેપો વિભાગ દ્વારા પરીક્ષા આપતા વિદ્યાર્થીઓ માટે વિશેષ બસોની ફાળવણી કરવામાં આવી હતી.આ વ્યવસ્થા માટે આહવા ડેપોએ અન્ય ડેપોની પણ મદદ લીધી હતી.જોકે સ્થાનિકો દ્વારા એવો આક્ષેપ કરવામાં આવ્યો છે કે,જ્યાં અંદાજે માત્ર 8 બસોની જરૂરિયાત હતી, ત્યાં ડેપો દ્વારા 14 જેટલી બસો દોડાવવામાં આવી હતી. જે કેન્દ્રો પર આજે પરીક્ષા યોજાઈ ન હતી, ત્યાં પણ બસો મોકલવામાં આવતા અનેક બસો ખાલી દોડી હતી.પરીક્ષાના નામે બસોના આડેધડ ફાળવણીને કારણે આહવા અને ડાંગના અંતરિયાળ આદિવાસી વિસ્તારોના સામાન્ય મુસાફરોને બસ સેવા ન મળતા ભારે હાલાકી ભોગવવી પડી હતી.આ સમગ્ર વિવાદ અને ખાલી બસો દોડાવવાના આક્ષેપો અંગે આહવા એસ.ટી. ડેપોના મેનેજર યોગેશભાઈ ગોસ્વામીએ સ્પષ્ટતા કરતા જણાવ્યું હતું કે, 'વિદ્યાર્થીઓનું હિત અમારા માટે પ્રાથમિકતા છે. કદાચ ધોરણ 10નું પેપર ન હોય, તો પણ ધોરણ 12ની પરીક્ષા તો ચાલુ જ હોય છે.

# NFR એ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ પર ગુવાહાટી અને કામાખ્યા સ્ટેશનો પર મહિલા સ્વચ્છતા વેન્ડિંગ મશીનો સ્થાપિત કર્યા

માલીગાંવ | 9



નોર્થઈસ્ટ ફ્રન્ટિયર રેલ્વે (NFR) એ 8 માર્ચ 2026 ના રોજ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી કરી, જેમાં મુખ્ય રેલ્વે સ્ટેશનો પર મલ્ટી-પ્રોડક્ટ મહિલા સ્વચ્છતા વેન્ડિંગ મશીનો સ્થાપિત કરીને જાહેર સ્થળોએ મહિલાઓના સ્વાસ્થ્ય, ગૌરવ અને આરામમાં સુધારો લાવવાનો હેતુ હતો. આ પહેલના ભાગ રૂપે, કુલ છ વેન્ડિંગ મશીનો સ્થાપિત કરવામાં આવ્યા છે, જેમાંથી ચાર ગુવાહાટી રેલ્વે સ્ટેશન પર અને બે કામાખ્યા રેલ્વે સ્ટેશન પર, મહિલા મુસાફરો માટે આવશ્યક સ્વચ્છતા ઉત્પાદનોની સરળ ઍક્સેસ પ્રદાન કરવા માટે. આ મશીનોનું ઉદ્ઘાટન NFRWWO ના પ્રમુખ શ્રીમતી શાલિની શ્રીવાસ્તવ દ્વારા ઓગસ્ટમાં NFR ના જનરલ મેનેજર શ્રી ચેતન કુમાર શ્રીવાસ્તવની હાજરીમાં કરવામાં આવ્યું હતું. ગુવાહાટી અને કામાખ્યા સ્ટેશનો દરરોજ યાત્રાળુઓ, પ્રવાસીઓ અને હજારો મહિલા મુસાફરો માટે મહત્વપૂર્ણ પ્રવેશદ્વાર તરીકે સેવા આપે છે, અને આ મશીનોનું સ્થાપન ભારતીય રેલ્વેની સલામત, સમાવિષ્ટ અને મહિલા-મૈત્રીપૂર્ણ મુસાફરી વાતાવરણ બનાવવા પ્રત્યેની પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે.

આ પહેલ સિરોના (અગ્રણી મહિલા ઘનિષ્ઠ સ્વચ્છતા બ્રાન્ડ) અને પ્રિયા કોમ્યુનિકેશનના સહયોગથી હાથ ધરવામાં આવી છે, જેનો ઉદ્દેશ્ય રેલ્વે પરિસરમાં મહિલા મુસાફરો માટે માસિક સ્રાવ આરોગ્ય અને સ્વચ્છતા સુવિધાઓને મજબૂત બનાવવાનો છે. આ અદ્યતન મશીનો ભારતમાં માસિક સ્રાવ સ્વચ્છતા વેન્ડિંગ માટે આધુનિક, ટેકનોલોજી-સક્ષમ અભિગમ રજૂ કરે છે.

# JSW MG મોટર ઈન્ડિયાએ ભારતની પ્રથમ D+ SUV - MG MAJESTOR માટે એક અનોખો 5-5-5 પ્રોગ્રામ રજૂ કર્યો

ગુડગાંવ | JSW MG Motor India એ ભારતની સૌપ્રથમ D+ SUV - MG MAJESTOR માટે તેના અનોખા 5-5-5 ઓનરશિપ પ્રોગ્રામ દ્વારા ગ્રાહકોને લાંબા ગાળાની ઓનરશિપની ખાતરી આપી છે. એવા સેગમેન્ટમાં જ્યાં ગ્રાહકો પરફોર્મન્સ, કદ અને અદ્યતન ટેક્નોલોજીમાં નોંધપાત્ર રોકાણ કરે છે, ત્યાં 5-5-5 પ્રોગ્રામને મુશ્કેલી-મુક્ત ઓનરશિપનો અનુભવ અને લાંબા ગાળાના ખર્ચની અનુમાનિતતા પ્રદાન કરવા માટે ડિઝાઈન કરવામાં આવ્યો છે, જે શરૂઆતથી જ રનિંગ કોસ્ટ અને દેશભરમાં સપોર્ટની સુવિધા આપે છે.

સ્ટેન્ડઅલોન વોરંટી એક્સટેન્શન અથવા વૈકલ્પિક સર્વિસ પેકેજોથી વિપરીત, 5-5-5 પ્રપોઝિશન MAJESTOR ગ્રાહકો માટે એકીકૃત, પ્રમાણભૂત ઓફર તરીકે 5-વર્ષની અનલિમિટેડ કિલોમીટર વોરંટી, અનલિમિટેડ કિમી માટે મફત 5-વર્ષની રોડસાઈડ આસિસ્ટન્સ અને 5 લેબર-ફ્રી સર્વિસ લાવે છે. ગ્રાહકો માટે, આનો અર્થ એ છે કે વોરંટી કવરેજ પર કોઈ કિલોમીટર મર્યાદા નથી, પાંચ વર્ષ માટે દેશભરમાં બ્રેકડાઉન સપોર્ટ અને માલિકીના શરૂઆતના સૌથી સઘન વર્ષો દરમિયાન સર્વિસના ખર્ચમાં ઘટાડો. વધુ માઈલેજ ધરાવતા યુઝર્સ, લાંબા અંતરના પ્રવાસીઓ અને ઓફ-રોડ ઉત્સાહીઓ માટે, આનો અર્થ માપી શકાય તેવી નાણાકીય ચોકસાઈ અને સંપૂર્ણ માનસિક શાંતિ છે.

# રેમન્ડ રિયલ્ટી લિમિટેડે મુંબઈમાં 7માં જોઇન્ટ ડેવલપમેન્ટ પ્રોજેક્ટની જાહેરાત કરી

મુંબઇ | રેમન્ડ રિયલ્ટી લિમિટેડ ('કંપની')એ જાહેર કર્યું છે કે તેણે મુંબઈના કાંદિવલીના મહત્વપૂર્ણ સ્થાન ઉપર એક પ્રતિષ્ઠિત રહેણાંક પ્રોજેક્ટ વિકસાવવા માટે ચોક્કસ દસ્તાવેજો ઉપર હસ્તાક્ષર કર્યા છે.આ સીમાચિહ્નરૂપ પ્રોજેક્ટનું કુલ ડેવલપમેન્ટ મૂલ્ય આશરે રૂ. 3,000 કરોડ હોવાનો અંદાજ છે, જે મુંબઈના વેસ્ટર્ન સબઅર્બ્સમાં કંપનીનો ત્રીજો પ્રોજેક્ટ છે.આ કંપનીની વ્યૂહાત્મક વિસ્તરણ યોજના મૂજબ મુંબઈ શહેરમાં કંપની દ્વારા હાથ ધરવામાં આવેલ 7મો સંયુક્ત ડેવલપમેન્ટ પ્રોજેક્ટ પણ છે.આ ડેવલપમેન્ટ અંગે રેમન્ડ રિયલ્ટીના સીઈઓ હરમોહન સાહનીએ કહ્યું હતું કે, 'અમે હાઇ-ક્વોલિટી શહેરી વિસ્તારોમાં અમારા પોર્ટફોલિયોનું વિસ્તરણ કરી રહ્યાં છીએ.

# ક્રિકેટ પ્રેમીઓ માટે 'સિક્સર': 12 વિશેષ ટ્રેનો દ્વારા 15,000 પ્રસંશકોને તેમની મંઝિલ સુધી પહોંચાડ્યા



અમદાવાદ | ક્રિકેટના મહાકુંભ અને અમદાવાદ માં આયોજિત વિશ્વ કપ 2026 ના હાઈ-પ્રોફાઈલ ફાઈનલ મેચને ધ્યાનમાં રાખીને પશ્ચિમ રેલવે એ પોતાની કામગીરી ક્ષમતા અને યાત્રી સેવા પ્રત્યેની પ્રતિબદ્ધતાનું ઉત્તમ પ્રદર્શન કર્યું. 08 માર્ચ, 2026ના રોજ રમાયેલા આ ઐતિહાસિક મુકાબલા દરમિયાન દર્શકોની અભૂતપૂર્વ ભીડને ધ્યાનમાં રાખીને રેલવે દ્વારા વ્યૂહાત્મક રીતે 12 વિશેષ ટ્રિપ ટ્રેનોનું સંચાલન કરવામાં આવ્યું. આ ટ્રેનો માત્ર લોજિસ્ટિક્સ દૃષ્ટિએ જ સફળ સાબિત થઈ નથી, પરંતુ આર્થિક રીતે પણ ખૂબ જ લાભદાયક સાબિત થઈ છે. આ વિશેષ ટ્રેનો દ્વારા 15,000થી વધુ યાત્રીઓએ મુસાફરી કરી અને આ ટ્રેનોમાં 100 ટકાથી વધુ ઑક્યુપેન્સિ નોંધાઈ. આ ટ્રેનોના સંચાલનથી 1.50 કરોડથી વધુ આવક પ્રાપ્ત થઈ. સાથે સાથે અમદાવાદ-દિલ્હી આશ્રમ,અમદાવાદ-નવી દિલ્હી સ્વર્ણ જયંતી રાજધાની, અમદાવાદ-મુંબઈ સેન્ટ્રલ વંદે ભારત, ગાંધીનગર કેપિટલ - મુંબઈ સેન્ટ્રલ વંદે ભારત , અમદાવાદ-દાદર ગુજરાત મેલ, અમદાવાદ-બાંદ્રા ટર્મિનસ લોકશક્તિ જેવી પ્રીમિયમ ટ્રેનોમાં પણ 100 ટકાથી વધુ ઑક્યુપેન્સિ રહી. યાત્રીઓની ભારે માંગને ધ્યાનમાં રાખીને પશ્ચિમ રેલવે એ મહારાષ્ટ્ર અને ગુજરાતના મુખ્ય કેન્દ્રોને જોડતા વિશેષ રૂટો પર ટ્રેનોનું સંચાલન કર્યું.

# બીટુબી જ્વેલરી સપ્લાયર સુનિલ ગોલ્ડે આઈપીઓ માટે સેબીમાં ડીઆરએચપી ફાઇલ કર્યું

અમદાવાદ | મુંબઇ સ્થિત સુનિલ ગોલ્ડ ઈન્ડિયા લિમિટેડે તેના સૂચિત આઈપીઓ માટે સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી) માં તેનું ડ્રાફ્ટ રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસ ફાઈલ કર્યું છે. આ ઈશ્યૂમાં 2 કરોડ ઈક્વિટી શેરના ફ્રેશ ઈશ્યૂ અને 65 લાખ ઈક્વિટી શેરની વેચાણ માટેની ઓફરનો સમાવેશ થાય છે, જે સાથે કુલ 2.65 કરોડ ઈક્વિટી શેર છે. અનિલ જૈન અને શ્રેણિક જૈન પ્રમોટર સેલિંગ શેરહોલ્ડર્સ છે.કંપનીએ 2012માં મુંબઈ, મહારાષ્ટ્રથી સોનાના ઝવેરાતના બીટુબી સપ્લાયર તરીકે તેની કામગીરી શરૂ કરી હતી અને ત્યારથી રત્નાકર ગોલ્ડ સાથે ભાગીદારીથી બેંગ્લોરમાં વિસ્તરણ કર્યું છે. તે હસ્તકલાવાળા સોનાના ઝવેરાતની ડિઝાઈન અને સપ્લાયની કામગીરી કરે છે, જે સમકાલીન શૈલીઓ, હેરિટેજ અને ટેમ્પલ પ્રેરિત ઝવેરાત અને અન્ય પરંપરા-પ્રભાવિત ડિઝાઈનમાં વિશેષતા ધરાવે છે. આ જ્વેલરીનું કુશળ થર્ડ પાર્ટી કારીગરો દ્વારા તેમના દેખરેખ અને ગુણવત્તા નિયંત્રણ માળખા હેઠળ ઉત્પાદન કરવામાં આવે છે.80,000 થી વધુ ડિઝાઈનના તેના પોર્ટફોલિયોમાં માંગ-ટિક્કા, કાનની બુટ્ટીઓ, ચેઈન, નેકલેસ, ચોકર્સ, આર્મલેટ્સ, બંગડીઓ, વીંટીઓ, નવવધૂના ઘરેણાં, સંપૂર્ણ લગ્ન સેટ અને અન્ય પ્રસંગોમાં પહેરવા માટેના ઘરેણાંનો સમાવેશ થાય છે.

# "જુનાગઢ ભાજપમાં સંગઠન શક્તિનો નવો ઉર્જાસ્રોત મહિલા મોરચા અને લઘુમતી મોરચાની નવી ટીમની જાહેરાત"

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૯. ભારતીય જનતા પાર્ટી જૂનાગઢ મહાનગર મિડીયા વિભાગ નાં સુરેશ પાનસુરીયાની એક યાદીમા જણાવેલ છે કે, આંતરરાષ્ટ્રીય મહિલા દિવસના પવિત્ર અવસર પર ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશના પ્રમુખશ્રી જગદીશભાઈ વિશ્વકર્મા, જૂનાગઢ મહાનગર પ્રભારી જીજ્ઞાબેન પંડ્યા તેમજ મહાનગર સંગઠન મહામંત્રી અને પ્રદેશ મોવડી મંડળ સાથે પરામર્શ કરીને જુનાગઢ મહાનગર ભાજપના અધ્યક્ષ ગૌરવભાઈ રૂપારેલિયાએ ભારતીય જનતા પાર્ટી જુનાગઢ મહાનગર મહિલા મોરચા અને લઘુમતી મોરચાની નવી ટીમની સત્તાવાર જાહેરાત કરી હતી. આ જાહેરાત સાથે સંગઠનમાં નવી ઊર્જા અને નવી દિશા પ્રાપ્ત થઈ હોવાનું કાર્યકરોમાં ઉત્સાહભેર વાતાવરણ જોવા મળ્યું હતું. મહિલા મોરચા ની નવી ટીમમાં સુનિતાબેન સેવક, કૈલાસબેન વેગડા, ભાવનાબેન માળી, મીનાક્ષીબેન મહેતા અને હિનાબેન મકવાણા ઉપપ્રમુખ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

# ભાયાવદર માં વ્યાજખોરોની ચંગુલ માં ના આવવા પોલીસનું સૂચન લોન મેળાનું આયોજન

વિજય રાડીયા ભાયાવદર

ઉપલેટા તાલુકાના ભાયાવદર રેન્જ આઈ.જી તેમજ એસપી ની સૂચના મુજબ અને મદદનીશ પોલીસ અધિક્ષક સિમરન ભારદ્વાજ ના માર્ગદર્શન હેઠળ ભાયાવદર પોલીસ સ્ટેશન ખાતે લોન મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું.

# રાજપીપળાના ભરચક બજાર માં જ્વેલર્સ ની દુકાન માં ભીષણ આગ

રાજપીપળા | રાજપીપળામાં આવેલી જ્વેલરી શોપમાં અચાનક આગ લાગતા લાખો રૂપિયાનું સોનું અને ચાંદી બળીને ખાખ થઈ જવા પામ્યો છે.જો કે આ ઘટનામાં કોઈ જાન હાનિ થઈ નથી.આ આગમાં જ્વેલરી શોપમાં મૂકેલા લાખો રૂપિયાના સોના ચાંદીના ઘરેણા બળીને ખાખ થઈ જવા પામ્યા છે.

# નખત્રાણા પોલીસ વિસ્તારમાં દારૂ બંધી, જુગાર જેવી ગેર કાનૂની પ્રવુતિ ઉપર રોક લગાવવા ભીમ આર્મી ભારત એકતા મિશન કચ્છ ટીમ દ્વારા પી.એસ.આઈ. આર ડી . બેગડિયા ને લેખિત મૌખિક રજૂઆત કરાઈ

મહેશ એલ.સોની નખત્રાણા

નખત્રાણા તા. ૦૯-૦૩-૨૦૨૬ આજ રોજ ભીમ આર્મી ભારત એકતા મિશન દ્વારા નખત્રાણા પોલીસ સ્ટેશન ખાતે પી એસ આઈ સમક્ષ રજુઆત કરવામાં આવી હતી કે હાલ નખત્રાણા તેમજ નખત્રાણા પોલીસની હદમાં આવતા અનેક ગામોમાં દારૂ નું દુષણ દિવસા દિવસ વધી રહ્યું છે. બુટલેગરો બેફામ થઇ દારૂ વહેંચી રહ્યા છે. તેમજ જુગાર જેવી પણ ગેર કાનૂની પ્રવુતિઓ ચાલી રહી છે.

ત્યારે ખાસ કરીને લોકોના જીવન ઉપર તેની ખરાબ અસર પડી રહી છે. આવા દુષણના કારણે અનેક ઘર પરિવારો બરબાદ થઈ રહ્યા છે. નાની નાની વ્યના યુવાઓ આ કેમિકલ વાળા દેશી દારૂથી બીમાર પડી રહ્યા છે. મહિલાઓ ઉપર તેની ગુહસ્તી પર સીધી અસર પડી રહી છે. ત્યારે ગુજરાતમાં દારૂબંધી છે.

# લુણાવાડાની શ્રી પી.એન. પંડ્યા કોલેજ ખાતે 'બાયોકેમ-2026' રાષ્ટ્રીય કોન્ફરન્સ ભવ્ય રીતે સંપન્ન થઈ

જગદીશ ત્રિવેદી | મહીસાગર



મહીસાગર જિલ્લાના શૈક્ષણિક ક્ષેત્રે અગ્રેસર એવી શ્રી પી.એન. પંડ્યા આર્ટ્સ, એમ.પી. પંડ્યા સાયન્સ અને શ્રીમતી ડી.પી. પંડ્યા કોમર્સ કોલેજ ખાતે 'બાયોકેમ-2026' રાષ્ટ્રીય કોન્ફરન્સનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. આ એક દિવસીય પરિષદનો પ્રારંભ શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર હરિભાઈ કટારિયાના વરદ હસ્તે દીપ પ્રાગટ્ય દ્વારા કરવામાં આવ્યો હતો. ઉદ્ઘાટન પ્રસંગે પ્રાસંગિક ઉદ્બોધન કરતા તેમણે વિદ્યાર્થીઓને આધુનિક યુગમાં વૈજ્ઞાનિક અભિગમ અપનાવવા માટે પ્રેરણા આપી હતી.'એડવાન્સિસ ઇન કેમેસ્ટ્રી એન્ડ લાઈફ સાયન્સીસ' વિષય પર આધારિત આ રાષ્ટ્રીય પરિષદમાં વિજ્ઞાન જગતના આધુનિક પ્રવાહો પર ગહન ચર્ચાઓ અને વૈચારિક આદાન-પ્રદાન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વિશેષ અતિથિ તરીકે ગુજરાત વિદ્યાપીઠના પૂર્વ કુલપતિ અને જાણીતા નિષ્ણાત પ્રો. અનામિક શાહ ઉપસ્થિત રહ્યા હતા, જેમણે પોતાના બહોળા અનુભવ દ્વારા ઉપસ્થિત સંશોધકોને સંશોધન ક્ષેત્રની નવી દિશાઓ અંગે સચોટ માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

# દેવપર - યક્ષ શ્રી સતપંથ સમાજ મહિલા મંડળ દ્વારા વિશ્વ મહિલા દિવસ ઉજવાયો

મહેશ એલ. સોની નખત્રાણા



8 માર્ચ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિતે વિવિધ સમાજની મહિલા મંડળ દ્વારા વિવિધ પ્રકારના આયોજનો કરી ઉજવણી કરવામાં આવતી હોય છે ત્યારે દેવપર યક્ષ શ્રી સતપંથ સમાજ મહિલા મંડળના ઉપક્રમે સ્વાસ્થ્ય આધારિત એક સુંદર મજાનો કાર્યક્રમ યોજાયો હતો.આ અંગે માહિતી આપતા મહિલા મંડળ પ્રમુખ શ્રીમતિ મીનાબેન લીંબાણીએ જણાવ્યું હતું કે મહિલા સ્વાસ્થ્ય સુધાર માટે ડોક્ટર કપિલભાઈ પોકાર - ગાયનેકોલોજિસ્ટ અને ડોક્ટર હીનાબેન પોકાર - ડેન્ટિસ્ટ સાથે ડોક્ટર વિલેશભાઈ ખાસ નિમંત્રણને માન આપી પધાર્યા હતા . તેઓ દ્વારા મહિલાઓના સ્વાસ્થ્યને લગતા ઘણા બધા પ્રશ્નોના ઉકેલ અને ચિકિત્સાકીય માર્ગદર્શન આપવામાં આવ્યું હતું .ગુરૂ વંદનાથી શરૂ કરવામાં આવેલા આ કાર્યક્રમમાં મહિલા મંડળના મંત્રી એવા શ્રીમતિ મધુબેન લીંબાણી દ્વારા પધારેલ મહેમાનોનું શાબ્દિક સ્વાગત કરાયું હતું. તેમજ શ્રીમતિ રેખાબેન લીંબાણી દ્વારા પ્રાસંગિક ઉદબોધન સાથે મહેમાનોનો પરિચય કરાયો હતો.

# ડીસા તાલુકાના ભાચરવા ગામે પશુપાલકો માટે 'સારવાર કરતા માવજત સારી' વિષયક જાગૃતિ પરિસંવાદ યોજાયો



પાલનપુર | સરદાર કૃષિનગર સ્થિત પશુ ચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય, કામધેનુ યુનિવર્સિટી દ્વારા ડીસા તાલુકાના ભાચરવા ગામે પશુપાલકો માટે 'સારવાર કરતા માવજત સારી' વિષય પર એક વિશેષ જાગૃતિ પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું. વેટરનરી ફાર્માકોલોજી અને ટોક્સિકોલોજી વિભાગ તેમજ વેટરનરી માઈક્રોબાયોલોજી વિભાગના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા આ કાર્યક્રમમાં ગામના આશરે ૧૦૦ જેટલા પશુપાલકોએ ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.આ પરિસંવાદનો મુખ્ય ઉદ્દેશ્ય પશુપાલકોમાં એન્ટીબાયોટિક દવાઓના અતિરેક અને અયોગ્ય ઉપયોગથી ઉભી થતી 'એન્ટીબાયોટિક રેઝિસ્ટન્સ'ની ગંભીર સમસ્યા અંગે જાગૃતિ લાવવાનો હતો. યુનિવર્સિટીના નિષ્ણાતોએ પશુપાલકોને સમજાવ્યું હતું કે, પશુઓમાં એન્ટીબાયોટિકનો બિનજરૂરી અને વધુ પડતો ઉપયોગ કરવાથી તેની અસરકારકતા ઘટે છે, જેના કારણે ભવિષ્યમાં ચેપજન્ય રોગોની સારવાર કરવી અત્યંત મુશ્કેલ બની શકે છે.

# પાઈપનો જથ્થો ભરેલ કન્ટેનર ખીણમાં, ચાલક-ક્લીનરનો ચમત્કારિક બચાવ..



ડાંગ | ડાંગ જિલ્લામાં પાણી પુરવઠા યોજનાના લોખંડના પાઈપનો જથ્થો ભરી આહવા તરફ આવી રહેલું કન્ટેનર સુબીરથી કરંજડા વચ્ચે આવેલા વળાંક પાસે અચાનક બ્રેક ફેલ થઈ જતા ખીણમાં ખાબકતા ગંભીર અકસ્માત સર્જાયો હતો.આ અકસ્માત એટલો ભયાનક હતો કે કન્ટેનરનો આગળનો ભાગ ખુરદો થઈ ગયો હતો.પ્રાપ્ત માહિતી મુજબ, ડાંગ પાણી પુરવઠા યોજનામાં ઉપયોગ માટે લોખંડના પાઈપ ભરેલું કન્ટેનર સુબીર તરફથી આહવા તરફ જઈ રહ્યુ હતુ. તે દરમિયાન સુબીર અને કરંજડા વચ્ચેના જોખમી વળાંક પાસે કન્ટેનરની અચાનક બ્રેક ફેલ થઈ જતા ચાલકે વાહન ઉપરનો કાબૂ ગુમાવ્યો હતો. પરિણામે કન્ટેનર માર્ગ પરથી નીચે ખીણમાં ખાબક્યું હતુ.આ અકસ્માત બાદ કન્ટેનરને ભારે નુકસાન થયુ હતુ.અને તેનો આગળનો ભાગ ખુરદો બની ગયો હતો. જોકે આ ભયાનક અકસ્માતમાં કન્ટેનરના ચાલક અને ક્લીનરનો ચમત્કારિક બચાવ થયો હોવાનું જાણવા મળે છે.

# પુરુષોના દિલો દિમાગમાં ક્રિકેટ નો ફીવર જ અલગ જોવા મળશે

કાલનો દિવસ એ "અમદાવાદ" માટે શુભ હતો,કેમ? અરે!! તમે ભૂલી ગયા લાગો છો કાલ વિમેન્સ ડે હતો એટલે..જસ્ટ જોકિંગ કાલ અમદાવાદ ના સ્ટેડિયમ માં ઉપસ્થિત લાખો ક્રિકેટ રસિકો એ નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ભારત ની જીત નો નજરો ૩૫ ડિગ્રી થી ૩૮ ડિગ્રી ગરમી માં શેકાઈ ને જોયો હતો.ખરેખર પુરુષો ના દિલો દિમાગમાં ક્રિકેટ નો ફીવર જ અલગ જોવા મળશે. ટીવી પર રસાકસી ભરી મેચ જોવામાં મગ્ન ગરમા ગરમ ભોજન ના આગ્રહી પતિદેવો ને બેત્રણ દિવસનું વાસી ભોજન પણ હજમ થઈ જતું હોય છે.ક્રિકેટ મેચ અને રૂટિન દિવસો વાત જ અલગ છે..ગરમી.. ગરમી..આ વર્ષે ઉનાળાની શરૂઆત માં જ લોકો પરસેવે રેબઝેબ થઈ જાય છે તો વિચારો મે મહિના માં "તાપની ડિગ્રી" ક્યાં પોહચી હશે?

મોટાભાગે મેદનીય જ્યોતિષીઓ વાતાવરણ અંતર્ગત ભવિષ્ય એ "હોળી ની જ્વાળા અને પવન ની દિશા" પરથી કરતા હોય છે.વર્ષ ૨૦૨૬ માં હોળી ભદ્રા નક્ષત્ર માં પ્રગટાવી છે હોવાથી નકારાત્મ સંદેશ આપે છે.વળી શાસ્ત્રોક્ત દૃષ્ટિ એ હોળી સર્પણી ના મુખ માં હોવાથી વાતાવરણ માં અણધાર્યા પલટા આવી શકે છે. મેદનીય જ્યોતિષ શાસ્ત્રી અંબાલાલ જી એ પણ આગાહી કરી છે કે ૨૦૨૬ નો ઉનાળો આકાશ માંથી આગ વરસાવશે. આમ પણ આંબા લાલજી ની આગાહી મહદંશે સાચી પડતી હોય છે.હોળી ની આગ અને પવન ની દિશા સાથે ગરમ અને શુષ્ક પવન અનુભવી ને આંબા લાલજી એ આગાહી કરી છે કે ઉનાળો ખૂબ આકરો રહેશે માર્ચ માસ ના મધ્ય થી જ ગરમી નો પારો ૪૪ ડિગ્રી સુધી પહોંચી શકે છે. આ વર્ષે હોલી માં ગરમ પવનો નું જોર વધારે હોવાથી માર્ચ એપ્રિલ માસ માં રેકોર્ડ બ્રેક ગરમી પડશે.

ગુજરાત માં કપાસ નું ઉત્પાદન સૌથી વધારે થયું હોવાથી એને કાપડ ઉદ્યોગ નું હબ માનવામાં આવે છે. સમગ્ર ભારત માં ૧૯૪૬ સુતરાઉ કાપડ ની મિલો છે જેમાં મોટી સંખ્યામાં મિલો ગુજરાત અને મહારાષ્ટ્ર માં છે ગુજરાત માં અમદાવાદ,સુરત,ભરૂચ,વડોદરા,રાજકોટ અને પોરબંદર માં સુતરાઉ કાપડ ની મિલો આવેલ છે.આમ તો બજાર માં કુલ ૯૫ પ્રકાર ના સુતરાઉ કાપડ મળે છે પરંતુ ભારત માં બનતા સુતરાઉ કાપડ ની ગુણવતા એ બાકી બધા કરતા શ્રેષ્ઠ હોય છે.

મેદનીય જ્યોતિષ શાસ્ત્રી અંબાલાલ ની ભવિષ્ય વાણી ને સિરિયસલી લઈને ચાલો ત્યારે જલ્દી જલ્દી ગરમી સામેના પ્રબંધો કરવાનું શરૂ કરવું પડશે.:

સુતરાઉ કપડાં:

વર્તમાન સમયમાં ઉનાળા ની ઋતુ ને અનુરૂપ કપડાઓ ની અસંખ્ય વેરાયટીઓ મોલ કે શોપ માં મળી રહેતી હોય છે. મોલ વગેરે માં ગરમી માં પહેરી શકાય એવા કપડાઓ ના મોટાપાયે સેલ લાગતા હોય છે. ગરમીની ઋતુ માં ઘેરા કલર ને બદલે આછા કલર વધારે ઘરની બહાર નીકળતી વખતે પહેરવા જોઈએ.કોટન ના હલકા આછા રંગ ના સુતરાઉ કપડા પહેરવાથી શરીર ને ગરમી ઓછી લાગતી હોય છે. સફેદ,સ્કાય બ્લ્યુ,આછો પીળો કે મહેંદી વગેરે આછા કલર ગરમી ની ઋતુ માટે પરફેક્ટ માનવામાં આવે છે. સુતરાઉ કાપડ એ કપાસ ના છોડ માંથી મળતા રૂ ના કુદરતી રેસાઓ માંથી બનતું હોય છે. જેમાં પરસેવો શોષી લેવો અને કુદરતી ઠંડક આપવાનો ગુણધર્મ રહેલો છે. ભારત માં ગુજરાત અને મહારાષ્ટ્ર માં સૌથી વધારે કપાસ નું ઉત્પાદન થાય છે. વિશ્વ માં ભારત સુતરાઉ કાપડ ઉત્પાદન ના મામલે ચીન પછી ના બીજા ક્રમે આવે છે.



સુતરાઉ કપડ

- રુપાલી દવે

ગરમી ની ઋતુ માં સાડી,ડ્રેસ,શર્ટ વગેરે સુતરાઉ કાપડ ના પરિધાન કરવા જોઈએ.

સુતરાઉ કપડ ના પ્રકાર:

શોમ્બરે : આ એક પ્રકારે ડેનિમ જેવું લાગતું કાપડ છે પરંતુ ડેનિમ કરતા પ્રમાણ માં હળવું કાપડ હોય છે. શોમ્બરે પહેર્યા બાદ શરીર ને ગરમી થી રાહત મળે છે. શોમ્બરે સુતરાઉ કાપડ ના કુર્તા,પાયજામા,સાડી,ડ્રેસ વગેરે સરળતા થી મળી શકે છે.

લિનન: લિનન કાપડ ની ક્વોલિટી ના લીધે એની કિંમત માર્કેટ ઊંચી હોય છે વર્તમાન પેઢીના યુવાનિયાઓ ની લિનન ફેબ્રિક સ્ટાઈલ સ્ટેટમેન્ટ માનવામાં આવે છે. લિનન સુતરાઉ કાપડ એ ઠંડુ કાપડ માનવામાં આવે છે એટલે ગરમી ની ઋતુ માં શરીર માંથી નીકળતા પરસેવા ને શોષી ને શરીર ને ઠંડુ રાખે છે. આમ તો લિનન ના કપડાઓ માં કરચલી જલ્દી પડી જતી હોય છે લિનન ના શર્ટ ને હેંગર માં ટીંગાડી ને સહેજ પાણી નો સહેજ છટકાવ કરવાથી મિનિટ માં સરખું થઈ જાય છે.

રેયોન : આમ તો રેયોન ને મિક્સ ફેબ્રિક કહેવામાં આવે છે જે સુતરાઉ કાપડ,સિલ્ક,લિનન અને કેટલાક ઉન ના ફેબ્રિક મેળવી ને બનાવવામાં આવતું હોય છે. રેયોન આમ તો સિલ્ક જેવું જ લાગે છે પણ સિલ્ક કરતા થોડું હળવું લાગે છે. એકદમ હળવું કાપડ હોવાથી ઉનાળા માં પહેરવું ગમે છે..

શિફોન : શિફોન પણ એક પ્રકાર એ તો હળવું સુતરાઉ કાપડ જ છે બજાર માં આસાની થી મળી રહે છે. શિફોન ની સાડીઓ મહિલાઓની પ્રથમ પસંદગી માનવામાં આવે છે.પહેરવા માં હળવું અને ક્રિસ પડવાની સમસ્યા નથી એકદમ હળવું

યોર્જોટ : શિફોન અને જ્યોર્જોટ બન્ને સુતરાઉ કાપડ મહિલાઓ ની પ્રથમ ચોઈસ હોય છે.આ બન્ને કાપડ એટલા બધા હલવા અને ઠંડા હોય છે ને કે પહેરનાર ને ગરમી માં આરામદાયક અને ફેશન પર ચાર ચાંદ લગાવી શકે છે.

ખાદી: ખાદી એ ગુજરાત નો યુગો જૂનો કાપડ ઉદ્યોગ છે ઘરે ઘરે અનાજ દળવા ની ઘંટી ની જેમ રૂ માંથી તાર વણવા ના રેંટિયા પણ હતા. ખાદી એ હાથ થી વણાયેલ અને હાથ થી કાંતેલું શુદ્ધ સુતરાઉ કાપડ છે. ખાદી એ ગુજરાત ની પરંપરા અને સ્વાભિમાન સમાન સમજો. મારી મમ્મી અને સાસુ બન્ને શિક્ષિકા હતા એના જમાના માં સ્કૂલ માં ખાદી ની સાડી ડ્રેસ ફરજિયાત હતો. ગાંધીજી ના સ્વદેશી આંદોલન નું પ્રતિક ખાદી છે કુદરતી ટકાઉ ફાયબર અને શ્વાસ લઈ શકાય એવું આરામદાયક ફેબ્રિક છે. ગુજરાત માં ગ્રામ ઉદ્યોગ કમિશન અને ખાદી ને સરકાર દ્વારા ખાસ સબસિડી અને રોજગાર દ્વારા પ્રોત્સાહન આપવામાં આવેલ છે. ઉનાળા માં ખાદી ના કપડા પહેરવા થી શરીર ને તાપ થી રક્ષણ અને ઠંડક મળે છે.મોટાભાગ ના રાજનેતા નો પહેરવેશ સફેદ કલર ની ખાદી જ જોવા મળશે. દર વર્ષે ઉનાળા ની ઋતુ આવતા ગાદી ગ્રામ ઉદ્યોગ ના સેન્ટર માં ખાદી ના કપડા પર સારું એવું ડિસ્કાઉન્ટ મળતું હોય છે.

સ્કિન સ્પેશિયલિસ્ટ ડોક્ટરો નું ખાસ કહેવું હોય છે કે સુતરાઉ કપડાં દરેક ઋતુ માં પહેરી શકાય છે પરંતુ ગરમી ની ઋતુ માં સ્કિન પર થતા ફુલસી, ગડ ગુમડા વગેરે ત્રાસદાયી સમસ્યા થી બચવા માટે સુતરાઉ કપડા પહેરવા અત્યંત આવશ્યક સમજો,કેમ? સુતરાઉ કાપડ એ નરમ,શ્વાસ લઈ શકાય તેવું અને પરસેવા ને શોષે છે એટલે કે શરીર માંથી નીકળતા પરસેવા ના રેલા ને સાફ કરવા કે પાણી થી ધોવા જરૂરી છે. જો પરસેવા ને તાત્કાલિક સાફ કરવામાં ન આવે તો સ્કિનમાં ચીકાશ પેદા થઈ જતું હોય છે. સ્કિન ની ચિકાસ જ ત્વચા ના રોગો ને આમંત્રણ આપતી હોય છે આ કારણોસર ઉનાળા ની ઋતુ આવતા જ રૂટિન પહેરવેશ થી લઈને બેડશીટ કુશન કવર,ઓઢવાની ચાદર,હાથ રૂમાલ વગેરે બધુજ સુતરાઉ કાપડ નું હોવું જોઈએ.

મિત્રો,ઉનાળા ની ગરમીથી ખુદ ને સુરક્ષિત રાખવા માટે જેમ રૂટિન જીવન માં પહેરવેશ થી લઈને બેડરૂમ ની બેડશીટ બદલવા ની જરૂર પડે છે એમજ રૂટિન ખાનપાન માં પણ ઋતુ મુજબ બદલાવ અત્યંત જરૂરી હોય છે.



# આલિયાની ફિલ્મ 'આલ્ફા'ની રિલીઝ ડેટ એનાઉન્સ




(એજન્સી) મુંબઈ તા.09

આલિયા ભટ્ટ, શર્વરી વાઘ, અનિલ કપૂર અને બોબી દેઓલ અભિનીત સ્પાય યુનિવર્સ ફિલ્મ 'આલ્ફા' 10 જુલાઈ 2026ના રોજ રિલીઝ થશે. પ્રોડક્શન હાઉસ યશ રાજ ફિલ્મ્સ (YRF) એ સોશિયલ મીડિયા દ્વારા આ વાતની પુષ્ટિ કરી છે. પહેલા આ ફિલ્મ 2025માં આવવાની હતી, પરંતુ બાદમાં તેની તારીખ લંબાવવામાં આવી હતી.
ફિલ્મ 'આલ્ફા' ને લઈને પહેલા એવી ચર્ચા હતી કે તેને સીધી OTT પ્લેટફોર્મ પર રિલીઝ કરી શકાય છે.
મીડિયા રિપોર્ટ્સ અનુસાર, મેકર્સને નેટફ્લિક્સ તરફથી 215 કરોડ રૂપિયાની ડીલની ઓફર મળી હતી. જોકે, આદિત્ય ચોપરા અને તેની ટીમે તેને ઠુકરાવી દીધી.
આ ફિલ્મમાં પહેલીવાર આલિયા ભટ્ટ અને શર્વરી વાઘ લીડ રોલમાં જાસૂસી કરતી જોવા મળશે. ફિલ્મમાં બંનેનો હાઈ-ઓક્ટેન એક્શન સિક્વન્સ જોવા મળશે. તેની સાથે અનિલ કપૂર અને બોબી દેઓલ પણ ફિલ્મમાં મહત્વની ભૂમિકાઓમાં છે. જોકે, મેકર્સે હજુ સુધી તેના પાત્રો વિશે કોઈ માહિતી શેર કરી નથી.
ફિલ્મ 'આલ્ફા'ની જાહેરાત વર્ષ 2024માં કરવામાં આવી હતી. પહેલા તેને 17 એપ્રિલ 2026ના રોજ રિલીઝ કરવાની યોજના હતી, પરંતુ હવે નવી તારીખ 10 જુલાઈ નક્કી કરવામાં આવી છે. ફિલ્મ ફક્ત હિન્દીમાં જ નહીં, પરંતુ તમિલ અને તેલુગુ ભાષામાં પણ રિલીઝ થશે. સ્પાય યુનિવર્સની પહેલી ફીમેલ લીડ ફિલ્મ હોવાને કારણે મેકર્સને તેનાથી ઘણી અપેક્ષાઓ છે.
ફિલ્મ 'આલ્ફા'નું ડિરેક્શન શિવ રવૈલે કર્યું છે અને તેને આદિત્ય ચોપરાએ પ્રોડ્યુસ કરી છે.
બોક્સ ઓફિસ ક્લેશની વાત કરીએ તો હાલમાં 10 જુલાઈની આસપાસ કોઈ મોટી ફિલ્મ રિલીઝ થઈ રહી નથી. આ સુપરસ્ટાર યશની ફિલ્મ 'ટોક્સિક' (4 જૂન)ના લગભગ એક મહિના પછી રિલીઝ થશે.
આવી સ્થિતિમાં ફિલ્મને સિનેમાઘરોમાં સારી સ્ક્રીન મળવાની સંભાવના છે.

# મહેશ માંજરેકરના નાટક 'એનિમલ'નું મુંબઈમાં પ્રીમિયર: સેલેબ્સ પહોંચ્યા...

## જેકલીન ફર્નાન્ડિઝ અને અનુષા દાંડેકર સહિત અનેક સેલેબ્સ પ્લે જોવા પહોંચ્યા

(એજન્સી) મુંબઈ તા.09

એક્ટર મહેશ માંજરેકરના હિન્દી નાટક 'એનિમલ'નું પ્રીમિયર શનિવારે રાત્રે મુંબઈના ટાટા થિયેટરમાં થયું. પ્રીમિયરમાં જેકલીન ફર્નાન્ડિઝ, સિદ્ધાર્થ જાધવ, અનુષા દાંડેકર અને સુમેધ મુદગલકર જેવા સેલેબ્સ હાજર રહ્યા હતા.
મહેશ માંજરેકરની દીકરીઓ સઈ માંજરેકર, ગૌરી ઇંગવાલે અને દીકરો સત્યા માંજરેકર પણ કાર્યક્રમમાં સામેલ થયા હતા. ક્રિકેટર દિલીપ વેંગસરકર તેમની પત્ની મનાલી સાથે પહોંચ્યા હતા. અશ્વિન ગિડવાણી દ્વારા નિર્મિત નાટક 'એનિમલ'ને મહેશ માંજરેકરે લખ્યું, નિર્દેશિત કર્યું અને પ્રસ્તુત કર્યું. 'એનિમલ'નું આગામી મંચન 29 માર્ચે સોફિયા ભાભા ઓડિટોરિયમમાં કરવામાં આવશે.
પ્રસ્તુતિ દરમિયાન મહેશ માંજરેકરે કેટલાક ગીતો પણ ગાયા અને ડાન્સ કર્યો. લગભગ નવ વર્ષની ચર્ચા અને તૈયારી પછી 'એનિમલ'નું મંચન થયું. લગભગ બે કલાકના આ મંચનમાં મહેશ માંજરેકરે એકલા અભિનય કર્યો.
મંચ પર જતા પહેલા મહેશ માંજરેકરે કહ્યું કે દરેક થિયેટર કલાકારની અંદર ગભરાટ હોવો જરૂરી છે અને જરૂરતથી વધારે આત્મવિશ્વાસ વસ્તુઓને બગાડી શકે છે. તેમણે કહ્યું કે તેઓ આ નાટક લાંબા સમયથી કરવા માંગતા હતા અને તેને સફળ બનાવવાની આશા છે. નાટકમાં દત્તુની વાર્તા નાટકનું કેન્દ્ર દત્તુનું પાત્ર છે, જેને મહેશ માંજરેકર ભજવી રહ્યા છે. દત્તુ મહારાષ્ટ્રના પંઢરપુર નજીકના એક નાના કસબામાંથી મુંબઈ આવે છે અને શહેરમાં પોતાની ઓળખ બનાવવાનો પ્રયાસ કરે છે. સમય જતાં તે એવા સંઘર્ષોમાં ફસાઈ જાય છે જે તેના જીવનને અસર કરે છે.



મહેશ માંજરેકરે નાટકને શહેરના જીવન પર એક કાર્ટૂનિસ્ટની નજરથી જોતી વાર્તા ગણાવી. તેમણે કહ્યું કે ઘણા લોકો મુંબઈને સપનાનું શહેર માનીને આવે છે, પરંતુ સફળતા મેળવનારાઓની પાછળ ઘણા એવા લોકો પણ હોય છે જેમના સપના પૂરા નથી થઈ શકતા. નાટકમાં દત્તુની યાત્રા દ્વારા રાજકીય, આર્થિક, ભૂ-રાજકીય અને સામાજિક-સાંસ્કૃતિક પરિસ્થિતિઓ પર પણ ટિપ્પણી કરવામાં આવી છે. વાર્તામાં પોપ કલ્ચર અને ફિલ્મ ઈન્ડસ્ટ્રીને લગતા સંદર્ભો પણ સામેલ છે.

# ફિલ્મ 'માં'નો બીજો ભાગ બને તેવી શક્યતા



મુંબઈ : કાજોલની ગત વર્ષે રીલિઝ થયેલી ફિલ્મ 'માં'નો બીજો ભાગ બની શકે છે. ખુદ કાજોલે ગોળ ગોળ ભાષામાં આ સંકેત આપ્યો છે. એક વાતચીતમાં કાજોલે સ્વીકાર્યું હતું કે અમે 'માં' ફિલ્મનો બીજો ભાગ બનાવવા વિચાર્યું છે. જોકે, આ બાબતે આખરી નિર્ણય અજય દેવગણ લેશે.
બોલિવુડ વર્તુળોમાં ચર્ચા છે કે અજય દેવગણ પણ પોતાનું સુપર નેચરલ યુનિવર્સ ઉભું કરવાની ફિરાકમાં છે. આ માટે કાજોલની 'માં' ફિલ્મના બીજા ભાગમાં અજય દેવગણની 'શૈતાન' ફિલ્મનાં કેટલાંક પાત્રો ઉમેરાય તેવી સંભાવના છે.
જોકે, આ સમગ્ર ચર્ચા બાબતે અજય દેવગણે હજુ સુધી કોઈ ફોડ પાડયો નથી. અજય હાલ તેની 'દ્રશ્યમ થ્રી' ફિલ્મમાં વ્યસ્ત છે.

# લિલિપુટને ફિલ્મ 'ઝીરો' પસંદ નહોતી આવી!: એક્ટરે કહ્યું- શાહરુખને સ્ક્રીપ્ટ પસંદ કરતા નથી આવડતી, જ્યારે આમિર ખાન માસ્ટર છે...



(એજન્સી) મુંબઈ તા.09

એક્ટર લિલિપુટે તાજેતરમાં કહ્યું કે- તેને શાહરુખની ફિલ્મ 'ઝીરો' પસંદ નહોતી આવી. લિલિપુટે એમ પણ કહ્યું કે- શાહરુખ પાસે સ્ક્રિપ્ટ પસંદ કરવાની સાચી સમજ નથી. ફિલ્મ 'ઝીરો'નું નિર્દેશન આનંદ એલ રાયે કર્યું હતું, જેમાં શાહરુખ ખાને એક ઓછી ઊંચાઈવાળા વ્યક્તિની ભૂમિકા ભજવી હતી.
સિદ્ધાર્થ કન્નન સાથેની વાતચીતમાં લિલિપુટે કહ્યું કે ફિલ્મનો વિષય તેને સમજાયો નહીં. તેના મતે, ફિલ્મમાં એક શારીરિક રીતે દિવ્યાંગ છોકરી અને એક સુંદર છોકરી બંને તે છોકરાથી પ્રભાવિત હતી, પરંતુ વાર્તા શું કહેવા માંગતી હતી, તે સ્પષ્ટ નહોતું.
તેણે કહ્યું કે હવે તેને ફિલ્મના બાકીના પ્રસંગો પણ યાદ નથી. જોકે, તેણે શાહરુખ ખાનની મહેનતની પ્રશંસા કરી. લિલિપુટે કહ્યું કે શાહરુખે ફિલ્મમાં પૂરો પ્રયાસ કર્યો અને ઈમાનદારીથી કામ કર્યું, પરંતુ તેમ છતાં તે ફિલ્મમાં પ્રભાવી લાગ્યો નહીં.
શાહરુખની સ્ક્રિપ્ટ પસંદ કરવાની સમજ પર સવાલ ઉઠાવ્યા લિલિપુટે એમ પણ કહ્યું કે શાહરુખની ફિલ્મો જોઈને લાગે છે કે તેની પાસે સ્ક્રિપ્ટની સમજ નથી, જે આમિર ખાન પાસે છે. તેણે કહ્યું કે કોઈનું સફળ થવું એ નથી દર્શાવતું કે તે બિલકુલ ભૂલો નથી કરતા. દરેક માણસમાં કેટલીક ખામીઓ હોય છે, ભલે તે કેટલો પણ મોટો કેમ ન હોય. લિલિપુટે આગળ કહ્યું કે ઘણા લોકોમાં સ્ક્રિપ્ટ ઓળખવાની સમજ હોતી નથી અને શાહરુખ પણ તેમાંથી એક હોઈ શકે છે. તેણે એમ પણ કહ્યું કે આમાં કંઈ ખોટું નથી.
જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે સાચી સ્ક્રિપ્ટ પસંદ કરવાની સમજ ન હોવા છતાં શાહરુખ આટલા મોટા સ્ટાર કેવી રીતે બન્યા, ત્યારે લિલિપુટે કહ્યું કે તેમની મોટાભાગની ફિલ્મો બાહ્ય નિર્માતાઓ સાથે હોય છે, જેમ કે યશ રાજ ફિલ્મ્સ. તેનો મતલબ હતો કે તે ફિલ્મોમાં શાહરુખ પોતે નિર્માતા નહોતા.

**કોણ છે લિલિપુટ?** | લિલિપુટે 1990ના દાયકામાં ટીવીના પ્રખ્યાત શો 'દેખ ભાઈ દેખ', 'જબાન સંભાલકે' અને 'વિક્રમ ઔર બેતાલ'માં કામ કર્યું છે. હોરર સિરીઝ વોમાં પણ તેણે મુખ્ય ભૂમિકા ભજવી હતી. તાજેતરના વર્ષોમાં તે એમેઝોન પ્રાઇમની પ્રખ્યાત વેબ સિરીઝ 'મિર્ઝાપુર'માં બિહારના માફિયા ડોન દદ્દા ત્યાગીના દમદાર પાત્રમાં જોવા મળ્યા હતા. તેણે શો 'ઈન્દ્રધનુષ'ની પટકથા અને ફિલ્મ 'ચમત્કાર' (1992)ના ડાયલોગ લખ્યા હતા.



# સાઉથ ડિરેક્ટર વામસીનો નવો પ્રોજેક્ટ...

## થ્રિલર ફિલ્મમાં સલમાન એક મોટા સિન્ડિકેટ સામે ટકરાશે, દમદાર અને ઈમોશનલ રોલ હશે

મુંબઈ | સલમાન ખાન આ દિવસોમાં પોતાની કારકિર્દીના મહત્વના તબક્કામાંથી પસાર થઈ રહ્યા છે. એક તરફ તેમની આગામી ફિલ્મ 'બેટલ ઓફ ગલવાન' ચર્ચામાં છે, તો બીજી તરફ તેમણે પોતાના આગામી મોટા પ્રોજેક્ટ પર પણ મહોર લગાવી દીધી છે. રિપોર્ટ્સ અનુસાર, સલમાને સાઉથ સિનેમાના જાણીતા નિર્દેશક વામસી પૈદિપલ્લી સાથે એક મોટા બજેટની એક્શન થ્રિલર ફિલ્મ સાઈન કરી છે.
એ. મુરુગાદોસની ફિલ્મ 'સિકંદર' પછી આ સલમાનની વધુ એક મોટી ભાગીદારી માનવામાં આવી રહી છે, જે સાઉથ ઈન્ડિયન ફિલ્મ મેકિંગ સ્ટાઈલથી પ્રભાવિત હશે. છેલ્લા કેટલાક વર્ષોમાં પાન-ઈન્ડિયા ફિલ્મોનો ટ્રેન્ડ ઝડપથી વધ્યો છે અને આ જ ટ્રેન્ડ હેઠળ આ નવી ફિલ્મ પણ તૈયાર કરવામાં આવી રહી છે. માનવામાં આવી રહ્યું છે કે આ પ્રોજેક્ટમાં સલમાન એક દમદાર અને ભાવનાત્મક પાત્રમાં જોવા મળશે. ફિલ્મની થીમ સોશિયલ જસ્ટિસ અને વન મેન આર્મીના કોન્સેપ્ટ પર આધારિત છે. આ પ્રોજેક્ટને સાઉથના મોટા નિર્માતા દિલ રાજુ પ્રોડ્યુસ કરી શકે છે.
ફિલ્મનો પ્લોટ હજુ સત્તાવાર રીતે સામે આવ્યો નથી, પરંતુ ઈન્ડસ્ટ્રીમાં ચર્ચા છે કે આ એક હાઈ-ઓક્ટેન એક્શન થ્રિલર હશે. આમાં સલમાન એક એવા પાત્રમાં જોવા મળી શકે છે જે ઈન્ટરનેશનલ ક્રાઈમ સિન્ડિકેટ સામે એકલો લડે છે અને તેનો સફાયો કરે છે. ફિલ્મની થીમ સોશિયલ જસ્ટિસ અને વન મેન આર્મીના કોન્સેપ્ટ પર આધારિત હોવાનું કહેવાય છે. એવી પણ ખબર છે કે આ પ્રોજેક્ટને સાઉથના મોટા નિર્માતા દિલ રાજુ પ્રોડ્યુસ કરી શકે છે.
વામસીના આ નવા પ્રોજેક્ટમાં ફીમેલ લીડને લઈને પણ ચર્ચા તેજ છે. રિપોર્ટ્સ અનુસાર રશ્મિકા મંદાના, પૂજા હેગડે અને મૃણાલ ઠાકુરના નામ પર વિચાર કરવામાં આવી રહ્યો છે. શૂટિંગ માટે યુરોપ અને દુબઈ જેવી આંતરરાષ્ટ્રીય લોકેશન્સ સાથે હૈદરાબાદના રામોજી ફિલ્મ સિટીને મુખ્ય બેઝ બનાવી શકાય છે. આ દરમિયાન સલમાનની ફિલ્મ 'બેટલ ઓફ ગલવાન'ની રિલીઝ ડેટમાં પણ મોટો ફેરફાર થયો છે. પહેલા તેને ઈદની આસપાસ રિલીઝ કરવાની યોજના હતી, પરંતુ હવે તેને 14 ઓગસ્ટ 2026 માટે શેડ્યૂલ કરવામાં આવી છે જેથી સ્વતંત્રતા દિવસના વીકએન્ડનો લાભ મળી શકે.

## શાહરુખ ખાને ફિલ્મ 'સુબેદાર'ના વખાણ કર્યા...

# અનિલ કપૂરની એક્ટિંગને લઈને કહ્યું- દરેક પાત્રમાં પોતાનો પૂરો દમ લગાવી દે છે

(એજન્સી) મુંબઈ તા.09

બોલિવૂડ એક્ટર શાહરુખ ખાને શનિવારે અનિલ કપૂર અભિનીત ફિલ્મ 'સૂબેદાર' અંગે પ્રતિક્રિયા આપી. ફિલ્મના વખાણ કરતા તેણે અનિલ કપૂરના અભિનયને પ્રભાવશાળી ગણાવ્યો. 'સૂબેદાર' 5 માર્ચે એમેઝોન પ્રાઇમ વીડિયો પર રિલીઝ થઈ છે.
શાહરુખ ખાને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર પોસ્ટ શેર કરતા લખ્યું, "સૂબેદારનો સંપૂર્ણ આનંદ માણ્યો. અનિલ કપૂર પર હંમેશા ભરોસો કરી શકાય છે કે તે દરેક રોલમાં પોતાનો પૂરો દમ લગાવી દે છે. તેનો શાંત પણ પ્રભાવશાળી અભિનય પ્રેરણાદાયક છે અને એક્શન પણ ખૂબ જ શાનદાર છે. આદિત્ય રાવલ, સૌરભ શુક્લા, મોના સિંહ, ફૈઝલ મલિક, રાધિકા મદન, દરેક પાત્રને અલગ-અલગ શૈલીમાં બનાવવામાં આવ્યું છે અને તમે બધાએ શાનદાર કામ કર્યું છે. સુરેશ ત્રિવેણી અને આખી ટીમને ખૂબ ખૂબ અભિનંદન અને ખૂબ પ્રેમ."
ફિલ્મને લઈને ઈન્ડસ્ટ્રીના અન્ય લોકોએ પણ પ્રતિક્રિયા આપી છે. ફિલ્મમેકર અનુરાગ કશ્યપે ઈન્સ્ટાગ્રામ પર પોસ્ટ કરતા લખ્યું કે 'સૂબેદાર' સિનેમાઘરોમાં રિલીઝ થવી જોઈતી હતી. તેના મતે, ફિલ્મને મોટા પડદા માટે એનામોર્ફિક ફોર્મેટમાં શૂટ કરવામાં આવી છે.
તેણે એમ પણ લખ્યું કે ડિરેક્ટર સુરેશ ત્રિવેદીએ બુંદેલખંડ અને ચંબલના વાતાવરણને દર્શાવ્યું છે, જ્યાં પિતૃસત્તા અને સામાજિક માળખાની ઝલક જોવા મળે છે.
'સૂબેદાર'ની વાર્તા નિવૃત્ત સૈનિક અર્જુન મૌર્ય (અનિલ કપૂર)ની આસપાસ ફરે છે. મધ્યપ્રદેશની પૃષ્ઠભૂમિ પર બનેલી આ ફિલ્મમાં દર્શાવવામાં આવ્યું છે કે ઘરે પાછા ફર્યા પછી તે સામાન્ય જીવનમાં ઢળવાનો પ્રયાસ કરે છે. આ સાથે તે પોતાના વિસ્તારમાં ભ્રષ્ટાચાર સામે લડાઈ પણ લડે છે.
ફિલ્મમાં અર્જુન મૌર્યની દીકરી શ્યામાનું પાત્ર રાધિકા મદને ભજવ્યું છે. વાર્તામાં અર્જુન પોતાની મિલિટરી ટ્રેનિંગનો ઉપયોગ કરીને પરિવારનું રક્ષણ કરે છે. અનિલ કપૂર અને રાધિકા મદન ઉપરાંત ફિલ્મમાં ખુશબુ સુંદર, સૌરભ શુક્લા, આદિત્ય રાવલ, મોના સિંહ અને ફૈઝલ મલિક પણ મહત્વની ભૂમિકાઓમાં છે.



# શાહિદ કપૂરે 'ફર્ઝી 2'નું શૂટિંગ શરૂ કર્યું



મુંબઈ | શાહિદ કપૂરની વેબ સિરીઝ 'ફર્ઝી'ના બીજા સીઝનનું શૂટિંગ શરૂ થઈ ગયું છે. એક્ટરે શનિવારે ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર પહેલા દિવસના શૂટિંગની તસવીર શેર કરી. આ સાથે તેણે પોતાના પાત્રનો લુક પણ બતાવ્યો.
ફેબ્રુઆરીમાં શાહિદ કપૂરે સત્તાવાર રીતે પુષ્ટિ કરી હતી કે 'ફર્ઝી'ની બીજી સીઝન બની રહી છે. તેણે ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર સિરીઝના ક્રિએટર્સ રાજ નિદિમોરુ અને કૃષ્ણા ડી.કે. સાથે એક તસવીર શેર કરી હતી અને લખ્યું હતું- "ધ ફર્જીઝ આર બેક એટ ઈટ."
રાજ અને ડી.કે.એ પણ પોતાના ઈન્સ્ટાગ્રામ પર નોટોના બંડલોની તસવીર શેર કરી હતી. આ સાથે કેપ્શન લખ્યું, "રાઉન્ડ 2 ચાલી રહ્યો છે," જેનાથી સિરીઝની વાપસીનો સંકેત મળ્યો હતો. આ પહેલા શાહિદ કપૂરે જણાવ્યું હતું કે 'ફર્ઝી' સીઝન 2 ને આવવામાં સમય લાગશે.

## એક્સપ્રેસ સ્પોર્ટ્સ હાઈલાઈટ

# NBA બાસ્કેટબોલ અપડેટ્સ: ફિનિક્સની જીતની કૂચ અટકાવી

● લેબ્રોન વગર લેકર્સની જીત થી ચાહકોમાં ઉત્સાહ



(એજન્સી) ફિનિક્સ । તા. 9

NBAની વર્તમાન સીઝનમાં રવિવારે એક મોટો ઉલટફેર જોવા મળ્યો હતો. શાનદાર ફોર્મમાં ચાલી રહેલી શાર્લોટ હોર્નેટ્સની ટીમનો વિજયી રથ આખરે ફિનિક્સ સન્સે અટકાવ્યો છે. ફિનિક્સ સન્સે હોર્નેટ્સને ૧૧૧-૯૯ થી હરાવીને તેમની સતત ૧૦ મેચોની વિજયી કૂચનો અંત આણ્યો હતો. આ જીત સાથે ફિનિક્સ સન્સે પશ્ચિમી કોન્ફરન્સમાં પોતાની સ્થિતિ વધુ મજબૂત કરી છે. બીજી તરફ, સ્ટાર ખેલાડી લેબ્રોન જેમ્સની ગેરહાજરી છતાં લોસ એન્જલસ લેકર્સે ન્યૂયોર્ક નિક્સ સામે શાનદાર જીત મેળવી સૌને આશ્ચર્યચકિત કર્યા છે.

ફિનિક્સની આ જીતના હીરો ડેવિન બુકર રહ્યા હતા. ફિનિક્સ સન્સનો વિજય અને ડેવિન બુકર ના પ્રદર્શન વિશે વાત કરીએ તો, બુકરે ૩૦ પોઈન્ટ્સ અને ૧૦ આસિસ્ટ સાથે ટીમને જીત તરફ દોરી હતી. ખાસ કરીને ફ્રી-થ્રો લાઈન પરથી તેણે ૧૫ માંથી ૧૫ સફળ પ્રયાસો કરીને સીઝનનો નવો રેકોર્ડ બનાવ્યો હતો. જેલન ગ્રીન અને કોલિન ગિલેસ્પીએ પણ ૨૪-૨૪ પોઈન્ટ્સનું યોગદાન આપીને હોર્નેટ્સના સંરક્ષણને તોડી પાડ્યું હતું. હોર્નેટ્સ તરફથી લામેલો બોલે ૨૨ પોઈન્ટ્સ બનાવ્યા હતા, પરંતુ તે પોતાની ટીમને હારથી બચાવી શક્યા નહોતા.

## સ્વિસ ઓપન બેડમિન્ટન માં એચએસ પ્રણોય અને શ્રીકાંત સંભાળશે ભારતની કમાન

બેસલ । મંગળવારથી શરૂ થઈ રહેલી ૨,૫૦,૦૦૦ ડોલરની ઈનામી રકમ ધરાવતી સ્વિસ ઓપન બેડમિન્ટન ૨૦૨૬ ટુર્નામેન્ટમાં ભારતનો પડકાર એચએસ પ્રણોય અને કિદામ્બી શ્રીકાંતના ખભા પર રહેશે. જોકે, ભારતીય બેડમિન્ટન ચાહકો માટે માઠા સમાચાર એ છે કે બે વખતની ઓલિમ્પિક મેડલિસ્ટ પીવી સિંધુ આ ટુર્નામેન્ટમાં ભાગ લેશે નહીં. દુબઈ એરપોર્ટ પર સર્જાયેલી ત્રણ દિવસની કપરી પરિસ્થિતિ અને માનસિક તણાવમાંથી બહાર આવવા માટે સિંધુએ આરામ કરવાનો નિર્ણય લીધો છે. ઈરાન અને ઈઝરાયેલ વચ્ચેના યુદ્ધને કારણે હવાઈ પ્રતિબંધો લાગતા પીવી સિંધુ દુબઈમાં ત્રણ દિવસ સુધી ફસાઈ ગઈ હતી. આ ઘટનાને કારણે તે ઓલ ઈંગ્લેન્ડ ચેમ્પિયનશીપમાં પણ ભાગ લઈ શકી નહોતી. મીડિયા અહેવાલ મુજબ, બેડમિન્ટન એસોસિએશન ઓફ ઈન્ડિયા (BAI) ના સેક્રેટરી સંજય મિશ્રાએ પુષ્ટિ કરી છે કે સિંધુ અત્યારે શારીરિક અને માનસિક રિકવરી પર ધ્યાન આપી રહી છે.

## મોહમ્મદ આમિર અને ભારતની જીત પર પાકિસ્તાની બોલરનો પિત્તો ગયો

નવી દિલ્હી/ઇસ્લામાબાદ | અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ભારતીય ટીમે ન્યૂઝીલેન્ડને ૯૬ રને હરાવીને ત્રીજી વખત વિશ્વ વિજેતાનો તાજ પહેર્યો છે. ભારતની આ ઐતિહાસિક સફળતાની ઉજવણી આખા વિશ્વમાં થઈ રહી છે, પરંતુ પાકિસ્તાનના કેટલાક પૂર્વ ખેલાડીઓ આ જીતને હજુ પણ પચાવી શકતા નથી. ખાસ કરીને પાકિસ્તાની ફાસ્ટ બોલર મોહમ્મદ આમિર અને ભારતની જીત વચ્ચેનો વિવાદ અત્યારે સોશિયલ મીડિયા પર ચર્ચાનો વિષય બન્યો છે. ભારતની જીત બાદ આમિરે એક ટીવી શો દરમિયાન અત્યંત ઉદ્ધત અને અકળાઈને જવાબ આપતા ભારતીય ચાહકોમાં રોષ જોવા મળી રહ્યો છે. પાકિસ્તાનના લોકપ્રિય શો 'હસના મના હૈ'માં જ્યારે ભારતની જીત વિશે પ્રશ્ન પૂછવામાં આવ્યો ત્યારે આમિર લાલઘૂમ થઈ ગયો હતો. તેણે કટાક્ષમાં કહ્યું હતું કે, "જીતી ગયા છે, બસ ઠીક છે. કપ પોતાના ઘરે લઈ જશે, મારા ઘરે થોડી લાવશે?" આમિરનો આ નેગેટિવ અંદાજ તેની હતાશા છતી કરી રહ્યો હતો. હકીકતમાં, આમિરે ટુર્નામેન્ટની શરૂઆતથી જ પાકિસ્તાની ક્રિકેટરોની ખોટી ભવિષ્યવાણી ની યાદીમાં પોતાનું નામ ટોચ પર રાખ્યું હતું. તેણે દાવો કર્યો હતો કે ભારત સેમિફાઈનલ સુધી પણ નહીં પહોંચી શકે, જે વાત સદંતર ખોટી સાબિત થઈ છે.



## ફેરારી ટીમનું પ્રદર્શન અને લેક્લર્ક અત્યારે ચર્ચામાં, મર્સિડીઝ અને ફેરારી વચ્ચે ટક્કર થી રોમાંચ પરાકાષ્ઠાએ

# મેલબોર્ન રેસમાં લેક્લર્કનું શાનદાર પ્રદર્શન જોવા મળ્યું

(એજન્સી) મેલબોર્ન । તા. 9

વર્ષ ૨૦૨૬ની ફોર્મ્યુલા વન સીઝનનો પ્રારંભ ઓસ્ટ્રેલિયાના મેલબોર્ન ખાતે અત્યંત રોમાંચક રીતે થયો છે. સીઝનની પ્રથમ રેસમાં ફેરારીના સ્ટાર ડ્રાઈવર ચાર્લ્સ લેક્લર્કે ત્રીજું સ્થાન મેળવીને સૌને ચોંકાવી દીધા છે. જોકે, મર્સિડીઝની ગતિ સામે ફેરારી હજુ પાછળ હોવાનું લેક્લર્કે સ્વીકાર્યું છે, તેમ છતાં ટીમના સુધારેલા પ્રદર્શનથી તે "સકારાત્મક રીતે આશ્ચર્યચકિત" થયો છે. રેસના પ્રારંભમાં ચોથા સ્થાનેથી શરૂઆત કરનાર લેક્લર્કે વીજળીક ઝડપે મર્સિડીઝના જ્યોર્જ રસેલ અને કિમી એન્ટોનેલીને પાછળ છોડી દીધા હતા, જેણે મેદાનમાં રોમાંચ ભરી દીધો હતો.



રેસ દરમિયાન મર્સિડીઝ અને ફેરારી વચ્ચે ટક્કર પરાકાષ્ઠાએ હતી. રેસના મધ્ય ભાગમાં જ્યારે વર્ચ્યુઅલ સેફ્ટી કારનો તબક્કો આવ્યો, ત્યારે મર્સિડીઝના બંને ડ્રાઈવરોએ પીટ-સ્ટોપ લેવાનો નિર્ણય કર્યો, જ્યારે ફેરારીએ પોતાના ડ્રાઈવરોને મેદાન પર જ રાખ્યા હતા. આ એક જુગાર હતો, જે અંતે મર્સિડીઝની તરફેણમાં રહ્યો. ફેરારીના અન્ય ડ્રાઈવર લુઈસ હેમિલ્ટન ચોથા ક્રમે રહ્યા હતા. લેક્લર્કે જણાવ્યું હતું કે ક્વોલિફાઈંગ રાઉન્ડની સરખામણીએ રેસમાં કારની સ્પીડ ઘણી સારી હતી, પરંતુ મર્સિડીઝ સુધી પહોંચવા માટે હજુ ઘણું કામ બાકી છે.

લેક્લર્કના મતે, આ વખતની ચેમ્પિયનશીપમાં જે ટીમ પોતાની કારમાં સતત અપગ્રેડ અને ફેરફાર કરશે તે જ વિજેતા બનશે. ફેરારી પાસે આગામી રેસ માટે ઘણી નવી યોજનાઓ તૈયાર છે. મીડિયા અહેવાલ મુજબ, ફેરારીની ગાડીમાં ગત વર્ષ કરતા સ્થિરતા વધી છે, જે લાંબા ગાળાની રેસ માટે ફાયદાકારક સાબિત થઈ શકે છે. સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે કે ટીમ હવે એરોડાયનેમિક્સ અને ટાયર મેનેજમેન્ટ પર વધુ ધ્યાન કેન્દ્રિત કરી રહી છે. મેલબોર્નનો આલ્બર્ટ પાર્ક ટ્રેક ચાહકોથી ખીચોખીચ ભરેલો હતો.

# ઈન્ડિયન વેલ્સ માસ્ટર્સમાં સબાલેન્કા અને ઓસાકા વચ્ચે જંગ જામશે

(એજન્સી) ઈન્ડિયન વેલ્સ । તા. 9

ટેનિસ જગતની સૌથી પ્રતિષ્ઠિત ટુર્નામેન્ટ પૈકીની એક ઈન્ડિયન વેલ્સ માસ્ટર્સ ૨૦૨૬ અત્યારે રોમાંચક તબક્કામાં પહોંચી છે. રવિવારે રમાયેલી મેચોમાં વિશ્વની પ્રથમ ક્રમાંકિત આર્યના સબાલેન્કા અને જાપાનની સ્ટાર ખેલાડી નાઓમી ઓસાકાએ પોતપોતાની મેચ જીતીને પ્રી- ક્વાર્ટર ફાઈનલમાં એકબીજા સામેની ટક્કર નક્કી કરી છે. જોકે, આ દરમિયાન ચોથી ક્રમાંકિત અમેરિકન સ્ટાર કોકો ગોફ ડાબા હાથની ઈજાને કારણે ટુર્નામેન્ટમાંથી બહાર થઈ ગઈ છે, જે આ ટૂર્નામેન્ટ માટે એક મોટો આંચકો માનવામાં આવે છે.



આર્યના સબાલેન્કાએ રોમાનિયાની જેકલીન ક્રિસ્ટિયનને ૬-૪, ૬-૧ થી હરાવીને પોતાના ઈરાદા સ્પષ્ટ કરી દીધા છે. બીજી તરફ, ભૂતપૂર્વ ચેમ્પિયન નાઓમી ઓસાકાએ કોલંબિયાની કેમિલા ઓસોરિયો સામે ૬-૧, ૩-૬, ૬-૧ થી સંઘર્ષપૂર્ણ જીત મેળવી હતી. હવે સબાલેન્કા અને ઓસાકા વચ્ચે ટક્કર થવા જઈ રહી છે, જે આ વર્ષની સૌથી હાઈ-પ્રોફાઈલ મેચોમાંની એક હશે. સબાલેન્કાએ આ મેચને ગત વર્ષોની હારનો બદલો લેવાની તક ગણાવી છે.

અમેરિકાની ફેવરિટ ખેલાડી કોકો ગોફ માટે આ દિવસ કમનસીબ રહ્યો હતો. ફિલિપાઈન્સની ઉભરતી ખેલાડી એલેક્ઝાન્ડ્રા ઈલા સામેની મેચ દરમિયાન ગોફને ડાબા હાથમાં અસહ્ય દુખાવો ઉપડ્યો હતો. ગોફે જણાવ્યું કે તેને એવું લાગ્યું જાણે તેના હાથની અંદર "ફટાકડા ફૂટ્યા હોય" અને આખો હાથ બળતો હોય તેવું અનુભવાતું હતું. જ્યારે સ્કોર ૨-૬, ૦-૨ હતો ત્યારે ગોફે રમત છોડવાનો નિર્ણય લીધો હતો. આ સાથે જ એલેક્ઝાન્ડ્રા ઈલા પ્રથમ વખત આ ટુર્નામેન્ટના ચોથા રાઉન્ડમાં પહોંચી છે.અ ન્ય મેચોમાં, છઠ્ઠી ક્રમાંકિત અમાન્ડા અનિસિમોવાએ બ્રિટનની એમ્મા રાડુકાનુને ૬-૧, ૬-૧ થી હરાવીને બહાર કરી દીધી છે. જ્યારે સાતમી ક્રમાંકિત ઈટાલીની જાસ્મિન પાઓલિનીએ પણ ચોથા રાઉન્ડમાં પ્રવેશ મેળવી લીધો છે.



# ભારતનો વિજય થતા ધોનીએ બે વર્ષ બાદ કરી પોસ્ટ

(એજન્સી) અમદાવાદ । તા. 9

અમદાવાદનું નરેન્દ્ર મોદી સ્ટેડિયમ રવિવારે રાત્રે ભારતની ભવ્ય જીતનું સાક્ષી બન્યું છે. T20 વર્લ્ડ કપ 2026 માં ભારતનો વિજય થતા સમગ્ર દેશ જશ્નમાં ડૂબ્યો છે. ફાઈનલ મેચમાં ન્યૂઝીલેન્ડને ૯૬ રનથી કચડીને ટીમ ઈન્ડિયાએ ત્રીજી વખત વિશ્વ વિજેતાનો તાજ પહેર્યો છે. આ ઐતિહાસિક ક્ષણ બાદ સોશિયલ મીડિયા પર પૂર્વ કેપ્ટન મહેન્દ્ર સિંહ ધોનીની એક પોસ્ટે ખળભળાટ મચાવ્યો છે. લગભગ બે વર્ષના લાંબા અંતરાલ બાદ માહીએ સોશિયલ મીડિયા પર પુનરાગમન કરી વર્લ્ડ ચેમ્પિયન ટીમને અભિનંદન પાઠવ્યા છે.

ધોનીએ પોતાની પોસ્ટમાં હેડ કોચ ગૌતમ ગંભીર પર મજાકિયા અંદાજમાં ટિપ્પણી કરતા લખ્યું કે, 'કોચ સાહેબ, તમારા ચહેરા પર સ્મિત ખૂબ જ સુંદર લાગે છે.' હંમેશા ગંભીર રહેતા ગૌતમ ગંભીર માટે ધોનીનો આ મેસેજ સોશિયલ મીડિયા પર ફેન્સને ખૂબ પસંદ આવી રહ્યો છે. આ ઉપરાંત, માહીએ ઘાતક બોલિંગ કરનાર જસપ્રીત બુમરાહને 'અસલી ચેમ્પિયન' ગણાવ્યો હતો. જસપ્રીત બુમરાહ અને ગૌતમ ગંભીરના વખાણ કરતી ધોનીની આ પોસ્ટે બંને દિગ્ગજો વચ્ચેના મનભેદની અફવાઓને પણ કાયમી ધોરણે શાંત કરી દીધી છે.

### વિશ્વભરમાં ટીમ ઈન્ડિયાનો ડંકો

ભારતની આ જીત બાદ દેશભરમાં કરોડો રૂપિયાના ઈનામોની વરસાદ થઈ રહ્યો છે. ધોનીએ આ જીતને ભારત માટે ગૌરવની ક્ષણ ગણાવી હતી. માહીની આ એક પોસ્ટે સાબિત કરી દીધું છે કે ભલે તે મેદાન પર ન હોય, પરંતુ ટીમ ઈન્ડિયાની દરેક સફળતામાં તેનો સાથ હંમેશા રહે છે. અત્યારે ઈન્ટરનેટ પર ફેન્સ ધોનીની આ પોસ્ટને શેર કરીને ભારતીય ટીમની સફળતાની ઉજવણી કરી રહ્યા છે.

## બુમરાહનો જાદુ અને ભારતનો રેકોર્ડ સ્કોર

મેચની વાત કરીએ તો, ભારતે પ્રથમ બેટિંગ કરતા ૨૫૫ રનનો વિશાળ સ્કોર ખડક્યો હતો. તેના જવાબમાં કીવી ટીમ માત્ર ૧૫૯ રન પર જ ધરાશાયી થઈ ગઈ હતી. જસપ્રીત બુમરાહે માત્ર ૧૫ રન આપીને ૪ વિકેટ ઝડપી ન્યૂઝીલેન્ડની કમર તોડી નાખી હતી. એમએસ ધોનીની ઈન્સ્ટાગ્રામ પોસ્ટ માં પણ આ વાતનો ઉલ્લેખ હતો કે બુમરાહ જેવો બોલર દુનિયામાં બીજો કોઈ નથી. ધોની પોતે અમદાવાદમાં સ્ટેડિયમમાં હાજર રહીને રોહિત શર્મા સાથે ટીમનો

# ગૌતમ ગંભીર અને સો.મીડિયા ટ્રોલિંગ સામે વર્લ્ડ ચેમ્પિયન કોચનો હુમલો

(એજન્સી) અમદાવાદ । તા. 9

ટીમ ઈન્ડિયાએ અમદાવાદના મેદાન પર ન્યૂઝીલેન્ડને ૯૬ રનથી હરાવીને ૨૦૨૬નો T20 વર્લ્ડ કપ જીતીને ઈતિહાસ રચી દીધો છે. આ ઐતિહાસિક સફળતા બાદ હેડ કોચ ગૌતમ ગંભીર પોતાના અસલી મિજાજમાં જોવા મળ્યા હતા. પ્રેસ કોન્ફરન્સ દરમિયાન તેમણે ટીકાકારોને આડે હાથ લેતા સ્પષ્ટ કર્યું કે ગૌતમ ગંભીર અને સોશિયલ મીડિયા ટ્રોલિંગ વચ્ચે કોઈ સબંધ નથી, કારણ કે તેઓ બહારની વાતો પર ધ્યાન આપતા નથી. ગંભીરે નીડરતાથી કહ્યું કે તેમની જવાબદારી માત્ર ડ્રેસિંગ રૂમમાં બેઠેલા ૩૦ લોકો પ્રત્યે જ છે.

### માઈલસ્ટોન નહીં, ટ્રોફી જ લક્ષ્ય

ગૌતમ ગંભીરે ભારતીય ક્રિકેટમાં રહેલી 'વ્યક્તિગત રેકોર્ડ'ની માનસિકતા પર પ્રહાર કરતા જણાવ્યું કે હવે આપણે વ્યક્તિગત સિદ્ધિઓનો જશ્ન મનાવવાનું છોડીને ટ્રોફીને પ્રાથમિકતા આપવી પડશે. તેમણે ઉમેર્યું કે, "આપણે લાંબા સમય સુધી માત્ર માઈલસ્ટોન પાછળ ભાગ્યા છીએ, પરંતુ સાચી સફળતા ટ્રોફીમાં છે." ગંભીરે આ ભારતની વર્લ્ડ કપ જીત ૨૦૨૬ નો શ્રેય ખેલાડીઓને આપતા કહ્યું કે ખેલાડીઓ જ કોચને સફળ બનાવે છે. સંજુ સેમસન (૮૯ રન), અભિષેક શર્મા અને ઈશાન કિશનની આક્રમક બેટિંગને તેમણે ટીમની જીતનો પાયો ગણાવ્યો હતો.



પોતાની આક્રમકતા વચ્ચે ગંભીરે ઉદારતા બતાવતા આ વિશ્વ વિજય ભૂતપૂર્વ કોચ રાહુલ દ્રવિડ અને વીવીએસ લક્ષ્મણને સમર્પિત કર્યો હતો. ગંભીરે કહ્યું કે, "રાહુલ દ્રવિડ અને લક્ષ્મણને જીત સમર્પિત કરવાનું કારણ એ છે કે તેમણે ભારતીય ક્રિકેટના માળખાને જે મજબૂતી આપી છે તેના કારણે જ આજે અમે અહીં ઊભા છીએ." ખાસ કરીને લક્ષ્મણે સેન્ટર ઓફ એક્સેલન્સમાં કરેલી કામગીરીની તેમણે મુક્ત મને પ્રશંસા કરી હતી.

### હારનો ડર છોડવાની સલાહ

કેપ્ટન સૂર્યકુમાર યાદવ સાથેના પોતાના તાલમેલ વિશે વાત કરતા ગંભીરે જણાવ્યું કે તેમની વચ્ચે ક્યારેય વિવાદ થયો નથી કારણ કે બંનેનું લક્ષ્ય ટીમની જીત છે. ગંભીરે ભારતીય ટીમને સંદેશ આપ્યો કે જો વિશ્વ વિજેતા બનવું હોય તો હારનો ડર છોડીને નીડરતાથી રમવું પડશે. સેમિફાઈનલ અને ફાઈનલમાં ૨૫૦થી વધુ રનનો સ્કોર એ ભારતીય ટીમની આ નવી અને સાહસી રણનીતિનો જ પુરાવો છે.

# ઈન્ડિયન ઓપન થ્રો સ્પર્ધામાં શિવમ લોહકરેએ સુવર્ણ મેડલ જીત્યો

## શિવમ લોહકરે ગોલ્ડ મેડલ વિજેતા બની ચમક્યો

(એજન્સી) પટિયાલા । તા. 9

પટિયાલાના નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ સ્પોર્ટ્સ ખાતે યોજાયેલી પાંચમી ઈન્ડિયન ઓપન થ્રો સ્પર્ધા ૨૦૨૬ ના અંતિમ દિવસે યુવા ભાલા ફેંક ખેલાડીઓએ મેદાન ગજવ્યું હતું. આ પ્રતિષ્ઠિત સ્પર્ધામાં મહારાષ્ટ્રના ઉભરતા સ્ટાર શિવમ લોહકરેએ શાનદાર પ્રદર્શન કરતા પુરુષોની જેવલિન થ્રો ઈવેન્ટમાં સુવર્ણ ચંદ્રક પોતાના નામે કર્યો છે. શિવમે તેના પ્રથમ પ્રયાસમાં જ ૮૧.૦૮ મીટર દૂર ભાલો ફેંકીને વિરોધીઓને સ્તબ્ધ કરી દીધા હતા. જોકે, રસપ્રદ વાત એ રહી કે પ્રથમ થ્રો બાદ તેના બાકીના પાંચ પ્રયાસો નિષ્ફળ રહ્યા હતા, તેમ છતાં તેની પ્રથમ લીડ તેને ચેમ્પિયન બનાવવા માટે પૂરતી હતી.

### પરત ફરેલા જેનાએ જીત્યો બ્રોન્ઝ

એશિયન ગેમ્સના સિલ્વર મેડલ વિજેતા અને અનુભવી ખેલાડી કિશોર કુમાર જેના માટે આ સ્પર્ધા ભાવનાત્મક રહી હતી. પગની ઈજાને કારણે લાંબા સમય સુધી રમતથી દૂર રહ્યા બાદ પરત ફરેલા જેનાએ ૭૪.૭૫ મીટરના અંતર સાથે કિશોર કુમાર જેના બ્રોન્ઝ મેડલ જીતવામાં સફળ રહ્યા હતા. મીડિયા અહેવાલ મુજબ, જેનાએ જણાવ્યું હતું કે તેઓ અત્યારે પોતાની જૂની ફોર્મ મેળવવા પર ધ્યાન આપી રહ્યા છે અને સપ્ટેમ્બરમાં યોજાનારી એશિયન ગેમ્સ માટે ક્વોલિફાય થવાની આશા રાખે છે.

આ સ્પર્ધામાં સિલ્વર મેડલ એસએસસીબીના આનંદ સિંહના ફાળે ગયો હતો, જેમણે ૭૬.૯૪ મીટર દૂર ભાલો ફેંક્યો હતો. બીજી તરફ, અંડર-૧૮ ડિસ્કસ થ્રો સ્પર્ધામાં નિશ્ચયે ઉત્કૃષ્ટ દેખાવ કર્યો હતો. તેણે ૬૩.૯૦ મીટરનું અંતર કાપ્યું હતું, જોકે તે માત્ર ૧૯ સેન્ટીમીટરથી વર્ષ ૨૦૧૦માં અર્જુન દ્વારા બનાવવામાં આવેલો ૬૪.૦૯ મીટરનો નેશનલ રેકોર્ડ તોડવામાં ચૂકી ગયો હતો.

### આગામી લક્ષ્ય એશિયન ગેમ્સ

ભારતીય એથ્લેટિક્સ માટે આ સ્પર્ધા અત્યંત મહત્વની સાબિત થઈ રહી છે, કારણ કે શિવમ લોહકરે ગોલ્ડ મેડલ વિજેતા બનીને સાબિત કર્યું છે કે ભારત પાસે જેવલિન થ્રોમાં પ્રતિભાની કોઈ કમી નથી. નિષ્ણાતોના મતે, નીરજ ચોપરાના શાનદાર પ્રદર્શન બાદ ભારતના યુવાઓમાં ભાલા ફેંક પ્રત્યે ભારે આકર્ષણ વધ્યું છે.



## પ્રારંભ // ભારત વિરુદ્ધ ઉરુગ્વે હોકી મેચ સ્કોર 4-0થી ઐતિહાસિક

# ભારતીય મહિલા હોકી ટીમ વર્લ્ડ કપ ક્વોલિફાયર જીત સાથે પ્રારંભ

(એજન્સી) હૈદરાબાદ । તા. 9

ભારતીય મહિલા હોકી ટીમે ઘરઆંગણે રમાઈ રહેલી એફઆઈએચ મહિલા હોકી વર્લ્ડ કપ ક્વોલિફાયર ટુર્નામેન્ટમાં વિજયી શંખનાદ કર્યો છે. રવિવારે હૈદરાબાદના જી.એમ.સી. બાલયોગી હોકી સ્ટેડિયમ ખાતે રમાયેલી રોમાંચક મેચમાં ભારતીય સિંહણોએ ઉરુગ્વેને ૪-૦ના અંતરથી હરાવીને ટૂર્નામેન્ટમાં દબદબાભરી શરૂઆત કરી છે. મેચની શરૂઆતમાં ઉરુગ્વેએ થોડો પ્રતિકાર જરૂર કર્યો હતો, પરંતુ ભારતની આક્રમક રણનીતિ સામે મહેમાન ટીમ લાંબો સમય ટકી શકી નહોતી. આ શાનદાર જીત સાથે ભારતે પૂલ-બીના પોઈન્ટ ટેબલમાં પ્રથમ સ્થાન હાંસલ કરી લીધું છે.



મેચના પ્રારંભથી જ ભારતીય મહિલા હોકી ટીમ વર્લ્ડ કપ ક્વોલિફાયર જીતના મક્કમ ઈરાદા સાથે મેદાનમાં ઉતરી હતી. ભારતે ૫૯ ટકા બોલ પઝેશન જાળવી રાખીને ઉરુગ્વે પર સતત દબાણ બનાવ્યું હતું. પ્રથમ ક્વાર્ટરમાં ઉદિતાએ ડાબી બાજુથી શાનદાર મૂવ બનાવીને ગોલ કર્યો હતો, પરંતુ રેફરીએ તે ગોલને અમાન્ય જાહેર કર્યો હતો. જોકે, બીજા ક્વાર્ટરમાં ભારતે વ્યૂહરચના બદલી અને જમણી બાજુથી આક્રમણ તેજ કર્યું. નવનીત કૌરે પેનલ્ટી કોર્નર મેળવ્યો હતો, જેમાં નવોદિત ખેલાડી અન્નુની ડ્રેગ ફ્લિક સુનેલિતા ટોપ્પોની સ્ટિકને અડીને સીધી ગોલ પોસ્ટમાં ગઈ હતી. આ સાથે ભારતને ૧-૦ની મહત્વની લીડ મળી હતી.

ભારત વિરુદ્ધ ઉરુગ્વે હોકી મેચ સ્કોર વધારવા માટે ભારતીય ખેલાડીઓએ બીજા હાફમાં વધુ જોમ બતાવ્યું હતું. ૪૦મી મિનિટે ઈશિકાના પ્રહારને રોકવામાં ઉરુગ્વેની ડિફેન્ડર અગસ્ટિના ડિયાઝ નિષ્ફળ રહી અને ભારતની લીડ ૨-૦ થઈ ગઈ. અંતિમ ક્વાર્ટરમાં ભારતે રમત પર સંપૂર્ણ પકડ જમાવી લીધી હતી. રુતુજા પિસાલના સચોટ પાસ પર લાલરેમ્સિયામીએ ત્રીજો ગોલ ફટકારીને સ્ટેડિયમમાં બેઠેલા હજારો દર્શકોને ઝૂમવા પર મજબૂર કરી દીધા હતા. મેચ પૂરી થવાની માત્ર બે મિનિટ બાકી હતી ત્યારે રુતુજા પિસાલ પોતે એકલી ઉરુગ્વેના સર્કલમાં ઘૂસી ગઈ અને ચોથો ગોલ કરીને જીત પર અંતિમ મહોર મારી દીધી હતી.

ભારતીય ટીમના શાનદાર દેખાવને જોઈને મુખ્ય કોચ સજોર્ડ મેરીન પણ ગદગદિત થઈ ગયા હતા. રુતુજા પિસાલનો છેલ્લો ગોલ એટલો અચાનક અને તાકાતવર હતો કે કોચ પણ એક ક્ષણ માટે સ્તબ્ધ થઈ ગયા હતા. મીડિયા અહેવાલ મુજબ, કોચ મેરીને ટીમની ડિફેન્સ લાઈનની પણ પ્રશંસા કરી હતી, ખાસ કરીને સુશીલા ચાનુ દ્વારા હાફ-ટાઈમ પહેલા કરવામાં આવેલી નિર્ણાયક ઈન્ટરસેપ્શન, જેણે ઉરુગ્વેને બરાબરી કરતા અટકાવ્યું હતું. ટીમની એકતા અને પાસિંગ ગેમ આ જીતનું મુખ્ય પાસું રહ્યું હતું.

## ફૂટબોલ મેચોના સ્થળ અને સમય ની વિગતો જાહેર

# ફિફા વર્લ્ડ કપ 2026 શેડ્યૂલ જાહેર થતા ફૂટબોલ ચાહકોમાં ભારે ઉન્માદ

(એજન્સી) ચેન્નાઈ । તા. 9

વિશ્વની સૌથી લોકપ્રિય રમત ફૂટબોલના સૌથી મોટા મહોત્સવ એટલે કે ૨૩માં ફિફા વર્લ્ડ કપ માટેનું કાઉન્ટડાઉન શરૂ થઈ ગયું છે. અમેરિકા, કેનેડા અને મેક્સિકોના સંયુક્ત યજમાનપદે યોજાનાર આ ટૂર્નામેન્ટનો પ્રારંભ ૧૧ જૂન, ૨૦૨૬થી થવા જઈ રહ્યો છે. ફિફા વર્લ્ડ કપ ૨૦૨૬ શેડ્યૂલ મુજબ, આ વખતે ઈતિહાસમાં પ્રથમ વખત ૩૨ને બદલે ૪૮ ટીમો ભાગ લેશે, જે આ સ્પર્ધાને અત્યાર સુધીની સૌથી મોટી અને ભવ્ય બનાવશે. સમગ્ર વિશ્વના ફૂટબોલ પ્રેમીઓ આ રોમાંચક સ્પર્ધાની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે.



આ ટૂર્નામેન્ટ ઉત્તર અમેરિકાના ૧૬ જુદા જુદા શહેરોમાં રમાશે. મીડિયા અહેવાલ મુજબ, મેક્સિકો સિટીના ઐતિહાસિક એઝટેકા સ્ટેડિયમમાં ઉદઘાટન મેચ રમાશે, જ્યારે અંતિમ મહાજંગ એટલે કે ફાઈનલ મેચ ૧૯ જુલાઈના રોજ ન્યુ જર્સીના મેટલાઈફ સ્ટેડિયમમાં રમાશે. આયોજકો દ્વારા ફૂટબોલ મેચોના સ્થળ અને સમય એવી રીતે ગોઠવવામાં આવ્યા છે કે પ્રશંસકો વધુમાં વધુ મેચોનો આનંદ માણી શકે. ૪૮ ટીમોને કારણે મેચોની સંખ્યામાં પણ ધરખમ વધારો થયો છે, જેનાથી સ્પર્ધા વધુ રસાકસીભરી બનશે.

આ વખતે ૪૮ ટીમો વચ્ચેનો મહાજંગ હોવાથી ફિફાએ ગ્રુપ સ્ટેજની ફોર્મેટમાં પણ ફેરફાર કર્યો છે. ટીમોને વિવિધ જૂથોમાં વહેંચવામાં આવશે, જેમાંથી શ્રેષ્ઠ પ્રદર્શન કરનારી ટીમો નોક-આઉટ સ્ટેજમાં પ્રવેશ મેળવશે. સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે કે સુરક્ષા અને લોજિસ્ટિક્સને ધ્યાનમાં રાખીને ત્રણેય યજમાન દેશોએ અત્યારથી જ પૂર્વતૈયારીઓ તેજ કરી દીધી છે.

પ્રવાસન અને આર્થિક દૃષ્ટિએ પણ આ વર્લ્ડ કપ ઉત્તર અમેરિકા માટે વરદાન સાબિત થઈ શકે છે. ટિકિટોના વેચાણ અને પ્રસારણ અધિકારો માટેની પ્રક્રિયા પહેલેથી જ શરૂ થઈ ચૂકી છે.

## પશ્ચિમ એશિયા યુદ્ધ ભીષણ સંઘર્ષ વધુ વકર્યો, ઈરાન ઈઝરાયલ મિસાઈલ હુમલો અપડેટથી ફફડાટ

# ઈરાન નવા સુપ્રીમ લીડર મોજતબા ખામેનેઈની તાજપોશી થઈ

(એજન્સી) તેહરાન । તા. 09

પશ્ચિમ એશિયાના રણમેદાનમાં ફરી એકવાર લોહીયાળ જંગના એંધાણ વર્તાઈ રહ્યા છે. ઈરાનમાં ચાલી રહેલી લાંબી રાજકીય અનિશ્ચિતતાનો અંત આવ્યો છે અને સત્તાના સર્વોચ્ચ શિખર પર નવા ચહેરાની સત્તાવાર વરણી કરી દેવામાં આવી છે. પૂર્વ સુપ્રીમ લીડર આયતુલ્લા અલી ખામેનેઈના નિધન બાદ ખાલી પડેલી જગ્યા પર તેમના ૫૬ વર્ષીય પુત્ર મોજતબા ખામેનેઈને ઈરાનના નવા અને સૌથી શક્તિશાળી 'સુપ્રીમ લીડર' તરીકે જાહેર કરવામાં આવ્યા છે. નવાઈની વાત એ છે કે, આ પદ સંભાળવાની ગણતરીની મિનિટોમાં જ મોજતબાએ આક્રમક તેવર બતાવતા ઈઝરાયલ વિરુદ્ધ યુદ્ધનું બ્યુગલ ફૂંકી દીધું છે.

સ્થાનિક સૂત્રો દ્વારા મળતા અહેવાલો અનુસાર, આયતુલ્લા સૈયદ મોજતબા ખામેનેઈની નિમણૂક પર મહોર વાગતાની સાથે જ ઈરાન એક્શન મોડમાં આવી ગયું છે. નવા નેતાના આદેશથી ઈરાની સેનાએ ઈઝરાયલ પર મિસાઈલોની પ્રથમ લહેર છોડી દીધી છે. મીડિયા અહેવાલ મુજબ, આ હુમલામાં ઈઝરાયલના કબજા હેઠળના મહત્વના વિસ્તારોને નિશાન બનાવવામાં આવ્યા છે. મોજતબા ખામેનેઈએ પદ ગ્રહણ કરતાની સાથે જ સ્પષ્ટ સંકેત આપ્યો છે કે તેમની નીતિઓ પૂર્વગામી નેતાઓ કરતા પણ વધુ આક્રમક અને જડબાતોડ હશે. આ હુમલા બાદ સમગ્ર મધ્ય પૂર્વમાં તણાવ ચરમસીમાએ પહોંચ્યો છે.

### પરિવારવાદના વિરોધ છતાં મોજતબા પર પસંદગીની મહોર

ઈરાનની ધાર્મિક અને રાજકીય વિચારધારા સામાન્ય રીતે વંશપરંપરાગત શાસનની વિરુદ્ધ રહી છે, તેમ છતાં મોજતબા ખામેનેઈની પસંદગી પાછળ મજબૂત કારણો જવાબદાર છે. શક્તિશાળી રિવોલ્યુશનરી ગાર્ડ્સ (IRGC) અને પૂર્વ સુપ્રીમ લીડરના કાર્યાલયના અતૂટ સમર્થનને કારણે તેમને આ જવાબદારી સોંપાઈ છે. ગત



૨૮ ફેબ્રુઆરીએ અલી ખામેનેઈની હત્યા બાદ દેશની કમાન ત્રણ સભ્યોની અંતિમ કાઉન્સિલ સંભાળી રહી હતી, જેમાં અલીરેઝા અરાફી, રાષ્ટ્રપતિ મસૂદ પેઝેશ્કિયન અને ચીફ જસ્ટિસ એજેઈ સામેલ હતા. પરંતુ વર્તમાન યુદ્ધ જેવી કટોકટીમાં મજબૂત અને પ્રભાવશાળી નેતૃત્વની જરૂરિયાત ઊભી થતા અંતે મોજતબાના નામ પર આખરી મહોર મારવામાં આવી છે.

### ડોનાલ્ડ ટ્રમ્પ અને બેન્જામિન નેતન્યાહુની સીધી ધમકી

ઈરાનના આ નેતૃત્વ પરિવર્તન સામે અમેરિકા અને ઈઝરાયલે પહેલેથી જ લાલ આંખ કરી હતી. અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે આ નિમણૂક પહેલા જ દાવો કર્યો હતો કે ઈરાનનો નવો નેતા તેમની મંજૂરી વિના વધારે દિવસ સત્તા પર ટકી શકશે નહીં. ટ્રમ્પે અગાઉ મોજતબાને નબળા નેતા ગણાવ્યા હતા અને ચેતવણી આપી હતી કે જો તે જૂની કટ્ટરપંથી નીતિઓ ચાલુ રાખશે તો અમેરિકા ફરીથી યુદ્ધની સ્થિતિમાં આવી શકે છે. બીજી તરફ, ઈઝરાયેલી સેનાએ પણ ગંભીર પરિણામોની ધમકી આપતા કહ્યું હતું કે જે કોઈ પણ ખામેનેઈના ઉત્તરાધિકારી બનશે, તેનો પીછો કરીને તેને ખતમ કરવામાં આવશે.

---

**સ્ટ્રેટ ઓફ હોર્મુઝની વર્તમાન સ્થિતિ અત્યંત સ્ફોટક**

# ભારત પર તોળાતું આર્થિક મહામંદીનું જોખમ

(એજન્સી) નવી દિલ્હી । તા. 09

ઈરાન અને અમેરિકા-ઈઝરાયેલ વચ્ચે ફાટી નીકળેલા ભીષણ જંગની જ્વાળાઓ હવે વિશ્વના અર્થતંત્રને દઝાડવા લાગી છે. પશ્ચિમ એશિયામાં સર્જાયેલી યુદ્ધ જેવી સ્થિતિને કારણે આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલના ભાવ પર અસહ્ય દબાણ જોવા મળી રહ્યું છે. ગણતરીના દિવસોમાં જ તેલની કિંમત પ્રતિ બેરલ ૧૨૦ ડૉલરની સપાટી વટાવી ગઈ છે, જે ૧૯૭૩ના ઐતિહાસિક તેલ સંકટની કડવી યાદો તાજી કરાવી રહી છે. જો આ સંઘર્ષ લાંબો ખેંચાશે, તો વિશ્વ અનિવાર્યપણે મોટી આર્થિક મહામંદીના ખાઈમાં ધકેલાઈ શકે છે તેવી ભીતિ સેવાઈ રહી છે. આ સમગ્ર વિવાદનું મુખ્ય કેન્દ્ર 'સ્ટ્રેટ ઓફ હોર્મુઝ' નામનો સમુદ્રી માર્ગ છે. આ એક એવો ચેકપોઈન્ટ છે જ્યાંથી વિશ્વના કુલ વપરાશનું ૨૦ ટકા એટલે કે અંદાજે ૨૦ મિલિયન બેરલ તેલ દરરોજ પસાર થાય છે. નિષ્ણાતોના મતે, જો આ માર્ગ બંધ કરવામાં આવે, તો તે ઈતિહાસની સૌથી મોટી તેલબંધી સાબિત થશે. આ માર્ગ ખોરવાવાથી ખાસ કરીને ભારત, ચીન અને જાપાન જેવા એશિયાઈ દેશોને સૌથી મોટો ફટકો પડશે.

**ભારત માટે પડકારજનક સ્થિતિ**

ભારત પોતાની જરૂરિયાતનું ૮૫ ટકા તેલ આયાત કરે છે, જે તેને આ સંકટ સામે અત્યંત સંવેદનશીલ બનાવે છે. ૧૯૭૦ના દાયકાના સંકટ સમયે તેલની જરૂરિયાત ઓછી હતી, પરંતુ આજે આધુનિક યુગમાં ૨૦ મિલિયન બેરલની ખોટ ભરપાઈ કરવી અશક્ય જેવી છે. સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે કે ભારત સરકાર આ વ્યૂહાત્મક સ્થિતિ પર સતત નજર રાખી રહી છે. જોકે, સાઉદી અરેબિયા અને સંયુક્ત આરબ અમીરાત પાસે વૈકલ્પિક રસ્તાઓ ઉપલબ્ધ છે, પરંતુ તેનાથી પરિવહન ખર્ચમાં તોતિંગ વધારો થવાની પૂરેપૂરી શક્યતા છે.

---

## ન્યૂઝ બ્રીફ

### ચીની હથિયારોનો પાક.માં વેપલો વધતા દક્ષિણ એશિયામાં જોખમ વધ્યું



નવી દિલ્હી | દક્ષિણ એશિયાના સૈન્ય સંતુલનને હલાવી દે તેવો ચોંકાવનારો ઘટસ્ફોટ આંતરરાષ્ટ્રીય સંસ્થા 'સિપ્રી' (SIPRI) દ્વારા કરવામાં આવ્યો છે. તાજેતરના અહેવાલ મુજબ, પાકિસ્તાન હવે ચીન માટે હથિયારોનું સૌથી મોટું બજાર બની ગયું છે. પાકિસ્તાન તેની જરૂરિયાતના ૮૦ ટકા સૈન્ય સાધનો માત્ર બેઈજિંગ પાસેથી ખરીદી રહ્યું છે. આટલું જ નહીં, ચીન વિશ્વમાં જેટલા પણ હથિયારોની નિકાસ કરે છે, તેનો ૬૧ ટકા હિસ્સો એકલું પાકિસ્તાન હસ્તગત કરી રહ્યું છે. ચીની હથિયારોનો પાકિસ્તાનમાં વેપલો જે રીતે વધી રહ્યો છે, તે ભારતની સુરક્ષા માટે આવનારા સમયમાં મોટો પડકાર બની શકે છે.

### અમેરિકા અને ઈઝરાયેલ વચ્ચે તિરાડ પડતા મધ્ય-પૂર્વના જંગમાં નવો વળાંક

તેહરાન | ઈરાન અને ઈઝરાયેલ વચ્ચે ખેલાઈ રહેલા વિનાશક જંગમાં અત્યાર સુધી ઈઝરાયેલની મજબૂત ઢાલ બનીને ઉભેલું અમેરિકા હવે રોષે ભરાયું છે. ઈરાનની લાઈફલાઈન ગણાતી ઓઈલ રિફાઈનરીઓ અને તેલના ભંડારો પર ઈઝરાયેલ દ્વારા કરવામાં આવેલા ભીષણ હુમલા બાદ અમેરિકા અને ઈઝરાયેલ વચ્ચે તિરાડ પડ્યાના સત્તાવાર અહેવાલો પ્રાપ્ત થઈ રહ્યા છે. વ્હાઈટ હાઉસના સૂત્રો મુજબ, ઈઝરાયેલની આ આક્રમકતા હવે અસ્વીકાર્ય સ્તરે પહોંચી ગઈ છે, જે સમગ્ર વિશ્વને આર્થિક અને પર્યાવરણીય વિનાશ તરફ ધકેલી રહી છે. ગત ૨૮ ફેબ્રુઆરીથી ચાલી રહેલા સંયુક્ત સૈન્ય ઓપરેશનમાં અત્યાર સુધી બંને દેશો સાથે હતા. જોકે, ઈઝરાયેલે અમેરિકાને અંધારામાં રાખીને ઈરાનના મુખ્ય ઓઈલ ડેપોને નિશાન બનાવતા વોશિંગ્ટન ચોંકી ગયું છે. મીડિયા અહેવાલ મુજબ, જ્યારે અમેરિકી અધિકારીઓને આ પ્રચંડ હુમલાની જાણ થઈ ત્યારે તેમણે

### બલૂચ કાર્યકરો પર અત્યાચાર વધતા ક્વેટા અદાલતે 12ને ગુનેગાર ઠેરવ્યા



ક્વેટા [બલૂચિસ્તાન] | બલૂચિસ્તાનમાં પોતાના હકો માટે અવાજ ઉઠાવતા સામાજિક કાર્યકરો પર પાકિસ્તાન સરકારનો સકંજો વધુ મજબૂત બની રહ્યો છે. ક્વેટાની એક આતંકવાદ વિરોધી અદાલતે તાજેતરમાં ૧૨ પ્રમુખ બલૂચ કાર્યકરોને 'નૌધારા ગુનેગાર' (પ્રોક્લેઈમ્ડ ઓફેન્ડર્સ) જાહેર કર્યા છે. જેમાં જાણીતા કાર્યકર સબીહા બલૂચ, ગુલઝાર દોસ્ત બલૂચ અને શાલી બલૂચનો સમાવેશ થાય છે. આ કાર્યવાહીને માનવાધિકાર સંગઠનો બલૂચ કાર્યકરો પર અત્યાચાર અને લોકશાહી ઢબે અવાજ ઉઠાવનારાઓને ડરાવવાના પ્રયાસ તરીકે જોઈ રહ્યા છે.

---

## ઉત્તર કોરિયા કિમ જોંગ ઉન પ્રતિક્રિયા પર વિશ્વની નજર

# અમેરિકા દ.કોરિયા ફ્રીડમ શીલ્ડ યુદ્ધાભ્યાસ શરૂ થયો છે, કોરિયન દ્વીપકલ્પ પરમાણુ તણાવ વધ્યો હોવાના સંકેત

સિઓલ:

મધ્ય પૂર્વના દેશોમાં ચાલી રહેલા ભીષણ રક્તપાત અને અનિશ્ચિતતા વચ્ચે હવે પૂર્વ એશિયામાં પણ યુદ્ધના નગારા વાગવા લાગ્યા છે. કોરિયન દ્વીપકલ્પ પર ફરી એકવાર સત્તાના સમીકરણો બદલાતા દેખાઈ રહ્યા છે. સોમવારથી યુનાઈટેડ સ્ટેટ્સ અને દક્ષિણ કોરિયાએ સંયુક્ત રીતે અત્યંત મોટા પાયે સૈન્ય અભ્યાસ 'ફ્રીડમ શીલ્ડ'નો પ્રારંભ કર્યો છે. આ આક્રમક યુદ્ધાભ્યાસમાં હજારોની સંખ્યામાં સશસ્ત્ર સૈનિકો અને અત્યાધુનિક યુદ્ધ વિમાનો ભાગ લઈ રહ્યા છે. ૧૯ માર્ચ સુધી ચાલનારા આ ઓપરેશનને કારણે ઉત્તર કોરિયાના સરમુખત્યાર કિમ જોંગ ઉન રોષે ભરાયા છે અને સરહદ પર ભારે સૈન્ય જમાવડો શરૂ થઈ ગયો છે.

અમેરિકા દક્ષિણ કોરિયા ફ્રીડમ શીલ્ડ યુદ્ધાભ્યાસ અંતર્ગત આ વખતે દક્ષિણ કોરિયાના અંદાજે ૧૮,૦૦૦ જેટલા પ્રશિક્ષિત સૈનિકો મેદાનમાં ઉતારવામાં આવ્યા છે. જોકે, સુરક્ષાના કારણોસર યુએસ ફોર્સિસ કોરિયા દ્વારા અમેરિકન સૈનિકોની સચોટ સંખ્યા ગુપ્ત રાખવામાં આવી છે. આ અભ્યાસનો મુખ્ય ઉદ્દેશ્ય ઉત્તર કોરિયા તરફથી આવતા કોઈપણ સંભવિત ખતરાને નિષ્ફળ બનાવવાનો અને દક્ષિણ કોરિયાની સંરક્ષણ પાંખને મજબૂત કરવાનો છે. આકાશમાં ગુંજતા ફાઈટર જેટ્સ અને સમુદ્રમાં તૈનાત નૌકાદળના કાફલાએ પ્યોંગયાંગની ઉંઘ હરામ કરી દીધી છે.

આ યુદ્ધાભ્યાસ એવા સમયે થઈ રહ્યો છે જ્યારે પશ્ચિમી મીડિયામાં એવી ચર્ચા જોર પકડી રહી છે કે વોશિંગ્ટન દક્ષિણ કોરિયામાંથી કેટલાક મહત્વના સૈન્ય સંસાધનો હટાવી રહ્યું છે. સૂત્રો દ્વારા એવા સંકેત મળી રહ્યા છે કે ઈરાન સામેના સંઘર્ષમાં આ હથિયારોનો ઉપયોગ થઈ શકે છે. ખાસ કરીને પેટ્રિયોટ એન્ટી-મિસાઈલ સિસ્ટમને મધ્ય પૂર્વમાં ખસેડવામાં આવી હોવાના અહેવાલો છે, જોકે સત્તાવાર રીતે સૈન્ય અધિકારીઓએ આ બાબતે મૌન સેવ્યું છે. દક્ષિણ કોરિયાના સંરક્ષણ મંત્રાલયે ખાતરી આપી છે કે આ હિલચાલથી તેમની સંયુક્ત સુરક્ષા વ્યૂહરચનામાં કોઈ નબળાઈ નહીં આવે.

ઉત્તર કોરિયા કિમ જોંગ ઉન પ્રતિક્રિયા હંમેશા આક્રમક જ રહી છે. પ્યોંગયાંગ દ્વારા આ 'ફ્રીડમ શીલ્ડ'ને તેમના દેશ પર



આક્રમણ કરવાના પૂર્વાભ્યાસ તરીકે જોવામાં આવે છે. તાજેતરમાં એક સંમેલન દરમિયાન કિમ જોંગ ઉને દક્ષિણ કોરિયાને પોતાનો કાયમી શત્રુ ગણાવીને કડક ચેતવણી આપી હતી. એટલું જ નહીં, ઉત્તર કોરિયાએ રશિયા સાથેના સૈન્ય સંબંધોને નવી ઊંચાઈ પર પહોંચાડ્યા છે. મીડિયા અહેવાલ મુજબ, કિમ જોંગ ઉન યુક્રેન યુદ્ધમાં રશિયાને હથિયારો અને સૈનિકોની મદદ મોકલી રહ્યા છે, જેના બદલામાં તેમને રશિયા પાસેથી અત્યાધુનિક પરમાણુ ટેકનોલોજી મળવાની આશા છે.

### પરમાણુ વાટાઘાટોમાં સર્જાયેલો ગતિરોધ

વર્ષ ૨૦૧૯માં તત્કાલીન અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને કિમ જોંગ ઉન વચ્ચેની ઐતિહાસિક મુલાકાત નિષ્ફળ ગયા બાદ બંને દેશો વચ્ચેના રાજદ્વારી સંબંધો તળિયે બેસી ગયા છે. ઉત્તર કોરિયાએ તમામ પ્રકારની વાતચીત બંધ કરી દીધી છે અને તેમની સ્પષ્ટ માંગ છે કે અમેરિકા પહેલા પરમાણુ નિશસ્ત્રીકરણની શરત હટાવે. કોરિયન દ્વીપકલ્પ પરમાણુ તણાવ વધ્યો હોવાનું બીજું કારણ એ પણ છે કે ઉત્તર કોરિયા સતત ટૂંકા અને લાંબા અંતરની બેલેસ્ટિક મિસાઈલોનું પરીક્ષણ કરી રહ્યું છે, જે સીધું અમેરિકાના મેઈનલેન્ડ સુધી પહોંચવા સક્ષમ છે.

### રાજદ્વારી ઉકેલની આશા હજુ જીવંત

તણાવ વચ્ચે પણ કેટલાક આશાસ્પદ સંકેતો મળી રહ્યા છે. દક્ષિણ કોરિયાના રાષ્ટ્રપતિ લી જે-મ્યુંગે સંઘર્ષને બદલે સંવાદનો માર્ગ અપનાવવાની ઈચ્છા વ્યક્ત કરી છે. એવી અટકળો છે કે સહયોગી દેશો ઉત્તર કોરિયા સાથે વાતચીત માટે અનુકૂળ વાતાવરણ બનાવવાના હેતુથી આ વખતે ફિલ્ડ અભ્યાસની સંખ્યામાં ઘટાડો કરી રહ્યા છે. વધુમાં, માર્ચના અંતમાં અથવા એપ્રિલમાં ટ્રમ્પની ચીન મુલાકાત વખતે પ્યોંગયાંગ સાથે વાતચીતનો કોઈ નવો માર્ગ ખુલે તેવી શક્યતા રાજકીય વિશ્લેષકો વ્યક્ત કરી રહ્યા છે.

આંતરરાષ્ટ્રીય સ્તરે અત્યારે જે પ્રકારે શક્તિ પ્રદર્શન થઈ રહ્યું છે, તે જોતા સ્પષ્ટ છે કે શાંતિ સ્થાપવા માટે માત્ર સૈન્ય અભ્યાસ પૂરતો નથી.

---

**રશિયાએ બોલાવી P-5 બેઠક થી પશ્ચિમી દેશોમાં ફફડાટ**

# આં.રા.કાયદો અને રશિયાનું વલણ યુદ્ધની ચેતવણી સમાન



(એજન્સી) મોસ્કો । તા. 09

પશ્ચિમ એશિયામાં અમેરિકા અને ઈઝરાયેલ દ્વારા ઈરાન પર કરવામાં આવેલા મિસાઈલ હુમલાઓએ વિશ્વને ત્રીજા વિશ્વયુદ્ધના ઉંબરે લાવીને ઊભું કરી દીધું છે. આ ગંભીર પરિસ્થિતિ વચ્ચે રશિયાએ અત્યંત આક્રમક વલણ અપનાવતા જાહેરાત કરી છે કે હવે 'આંતરરાષ્ટ્રીય કાયદો' માત્ર કાગળ પરનો દસ્તાવેજ બનીને રહી ગયો છે. ક્રેમલિનના પ્રવક્તાએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું છે કે પશ્ચિમી દેશોની મનમાનીને કારણે વૈશ્વિક નિયમોનું અસ્તિત્વ ખતમ થઈ ગયું છે. આ અરાજકતા રોકવા માટે રશિયાએ હવે સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદના પાંચ કાયમી સભ્યોની તાકીદની બેઠક બોલાવવાની માંગ કરી છે.

રશિયાની સરકારી ટીવી ચેનલ પર વાત કરતા દિમિત્રી પેસકોવે ગંભીર સવાલ ઉઠાવ્યો હતો કે જ્યારે કાયદો પોતે જ અસ્તિત્વમાં નથી, તો તેના પાલનનો આગ્રહ કેવી રીતે રાખી શકાય? તેમણે વાસ્તવિકતા અને કાયદા વચ્ચેના તફાવતને સમજાવતા કહ્યું કે, 'ડી જ્યુર' એટલે કે કાયદાકીય રીતે આંતરરાષ્ટ્રીય નિયમો પુસ્તકોમાં હોઈ શકે છે, પરંતુ 'ડી ફેક્ટો' એટલે કે જમીની હકીકતમાં તેનું કોઈ જ નામોનિશાન બચ્યું નથી. અમેરિકાની જોહુકમીએ વિશ્વની સ્થિરતાને જોખમમાં મૂકી છે.

વર્તમાન સંકટને ટાળવા માટે રશિયાએ રાષ્ટ્રપ્રમુખ વ્લાદિમીર પુતિનના એ જૂના પ્રસ્તાવને ફરીથી સપાટી પર લાવ્યો છે, જે કોરોના મહામારી પહેલા રજૂ કરવામાં આવ્યો હતો. આ પ્રસ્તાવ મુજબ, રશિયા, અમેરિકા, ચીન, ફ્રાન્સ અને બ્રિટન જેવા પાંચ શક્તિશાળી દેશોએ એક ટેબલ પર બેસીને વૈશ્વિક સુરક્ષાનું નવું માળખું તૈયાર કરવું જોઈએ. રશિયાનું માનવું છે કે જો આ મહાસત્તાઓ સહમત નહીં થાય, તો વિશ્વ આર્થિક મહામંદી અને વિનાશક સૈન્ય સંઘર્ષ તરફ ધકેલાઈ જશે.

---

# સંયુક્ત સૈન્ય અભ્યાસ લામિતિયે માટે ભારતીય સૈન્ય સેશેલ્સ પહોંચ્યું

(એજન્સી) વિક્ટોરિયા [સેશેલ્સ] । તા. 09

ભારત અને સેશેલ્સ વચ્ચેના દ્વિપક્ષીય સુરક્ષા સંબંધોને વધુ મજબૂત કરવાના ઉદ્દેશ્ય સાથે ભારતીય સશસ્ત્ર દળોની ટુકડી આજે સેશેલ્સ પહોંચી છે. સંયુક્ત સૈન્ય અભ્યાસ 'લામિતિયે ૨૦૨૬' ની ૧૧મી આવૃત્તિમાં ભાગ લેવા માટે ભારતીય સેનાના ત્રણેય અંગો - આર્મી, નેવી અને એરફોર્સના જવાનો સજ્જ બન્યા છે. ક્રેઓલ ભાષામાં 'લામિતિયે' શબ્દનો અર્થ 'મિત્રતા' થાય છે, જે વર્ષ ૨૦૦૧થી બંને દેશો વચ્ચેની અવિરત દોસ્તીનું પ્રતીક રહ્યો છે. આ કવાયત સેશેલ્સ ડિફેન્સ એકેડમી ખાતે ૯ થી ૨૦ માર્ચ ૨૦૨૬ દરમિયાન યોજાશે.

આ વર્ષની વિશેષતા એ છે કે તેમાં ભારતીય સૈન્યની ત્રણેય પાંખો સહભાગી થઈ રહી છે. મીડિયા અહેવાલ મુજબ, આ ટુકડીમાં ભારતીય ભૂમિસેનાની ખ્યાતનામ આસામ રેજિમેન્ટના



જવાનો મુખ્ય ભૂમિકા ભજવશે. આ ઉપરાંત, ભારતીય નૌસેનાનું યુદ્ધ જહાજ આઈએનએસ ત્રિકંડ અને વાયુસેનાનું સી-૧૩૦ વિમાન પણ આ અભ્યાસમાં સામેલ છે. ૧૨ દિવસ સુધી ચાલનારી આ કવાયતનો મુખ્ય ઉદ્દેશ્ય અર્ધ-શહેરી વિસ્તારોમાં સંભવિત આતંકવાદી જોખમો સામે લડવાની રણનીતિ ઘડવાનો અને પરસ્પર સહયોગ વધારવાનો છે.

---

## ઈઝરાયેલ લેબેનોન યુદ્ધ રણનીતિ હવે ગાઝા જેવી જ ભયાનક બનશે

બૈરુત | ગાઝામાં હમાસના નેટવર્કને તોડી પાડ્યા બાદ હવે ઈઝરાયેલે પોતાનું પૂરું ધ્યાન લેબેનોન સરહદ પર કેન્દ્રિત કર્યું છે. સૈન્ય વિશ્લેષકોના મતે, ઈઝરાયેલ અત્યારે લેબેનોનમાં પણ 'ગાઝા મોડલ' અપનાવી રહ્યું છે. આ રણનીતિ હેઠળ હિઝબુલ્લાહના લડવૈયાઓને એક ખૂણામાં ધકેલી, તેમના કમાન્ડ સ્ટ્રક્ચરનો નાશ કરી અને અંતે નિર્ણાયક પ્રહાર કરવાની યોજના છે. ઈઝરાયેલનો મુખ્ય ઉદ્દેશ્ય દક્ષિણ લેબેનોનમાં એક અભેદ્ય 'સિક્યોરિટી બફર ઝોન' બનાવવાનો છે, જેથી ઉત્તર ઈઝરાયેલના શહેરો પર થતા રોકેટ હુમલાઓને કાયમી ધોરણે રોકી શકાય. ઈઝરાયેલની સેના હાલમાં સરહદથી ૪ થી ૫ કિલોમીટરના વિસ્તારમાં સુરક્ષા કવચ બનાવી રહી છે, જેને ભવિષ્યમાં ૩૦ કિલોમીટર સુધી લંબાવીને લિતાની નદી સુધી લઈ જવામાં આવશે.

---

# હોર્મુઝની સમુદ્રધુનિ અને ખાદ્ય સંકટથી દુબઈમાં હાહાકાર મચ્યો છે

**દુબઈમાં ખાદ્યાન્નની ભારે અછત સર્જાતા ફાળ પડી**

(એજન્સી) દુબઈ । તા. 09

વિશ્વની સૌથી ભવ્ય ગણાતી ઈમારત બુર્ઝ-એ-ખલીફાના દેશ સંયુક્ત આરબ અમીરાત (UAE) પર અત્યારે કુદરતી નહીં પણ માનવસર્જિત આપત્તિના વાદળો ઘેરાયા છે. ઈરાન અને અમેરિકા વચ્ચે લાંબા સમયથી ચાલી રહેલા યુદ્ધે હવે ખતરનાક વળાંક લીધો છે. ઈરાને વ્યૂહાત્મક રીતે મહત્વની ગણાતી હોર્મુઝની સમુદ્રધુનિ (સ્ટ્રેટ ઓફ હોર્મુઝ) બંધ કરી દેતા દુબઈ સહિતના ગલ્ફ દેશોમાં જીવનજરૂરી ખાદ્ય સામગ્રીની ભારે કટોકટી ઊભી થઈ છે. મીડિયા અહેવાલ મુજબ, દુબઈ પાસે હવે માત્ર આઠ દિવસ ચાલે તેટલો જ ખાદ્ય પુરવઠો બચ્યો છે.

અત્યારે પવિત્ર રમઝાન માસ ચાલી રહ્યો છે, જેમાં મુસ્લિમ બિરાદરો આખો દિવસ રોજા રાખી સાંજે ફળો અને તાજા શાકભાજીથી ઈફ્તાર કરતા હોય છે. જોકે, આયાત બંધ થવાને કારણે બજારમાં તાજાં ફળો અને શાકભાજીની ભારે ખેંચ જોવા મળી રહી છે. પરંપરાગત રીતે રોજા ખોલવા માટે જે ફળોની જરૂર હોય છે, તે હવે સોનાના ભાવે પણ મળવા મુશ્કેલ બન્યા છે. આ પરિસ્થિતિએ સ્થાનિક રહેવાસીઓમાં ભારે ચિંતા જન્માવી છે. સંયુક્ત આરબ અમીરાત, કતાર, બહેરિન અને કુવૈત જેવા દેશો તેમની જરૂરિયાતના ૮૦ થી ૯૦ ટકા ખાદ્ય પદાર્થો વિદેશથી મંગાવે છે. ચા, કોફી અને અનાજ જેવા પાયાના ખાદ્ય પદાર્થો માટે પણ તેઓ સમુદ્રી માર્ગ પર નિર્ભર છે. હોર્મુઝની સમુદ્રધુનિ બંધ થતાં માત્ર સી-કાર્ગો જ નહીં, પરંતુ એર-કાર્ગો સેવાઓ પર પણ માઠી અસર પડી છે. યુદ્ધગ્રસ્ત વિસ્તાર હોવાથી વિમાનોનું આવાગમન પણ જોખમી બન્યું છે.

---

**કટોકટી** **પીએલએ જનરલ્સ ભ્રષ્ટાચાર કૌભાંડ વિગતોથી ખળભળાટ**

# શી જિનપિંગ ચીની સેના કમાન્ડ કટોકટીમાં બરાબરના ફસાયા

(એજન્સી) સિંગાપુર । તા. 09

વિશ્વ આખું અત્યારે ચીનની સૈન્ય શક્તિથી ફફડી રહ્યું છે, પરંતુ વાસ્તવિકતા કંઈક અલગ જ હોવાનું બહાર આવ્યું છે. ચીનના સર્વેસર્વા અને કમ્યુનિસ્ટ પાર્ટીના શક્તિશાળી નેતા શી જિનપિંગ અત્યારે પોતાના જ લશ્કરના માળખાને લઈને ભારે વિમાસણમાં મુકાયા છે. લાંબા સમયથી ચાલી રહેલા સફાયા અભિયાનમાં તેમણે પોતાની જ સેનાના ટોચના જનરલ્સને પદભ્રષ્ટ કરી દીધા છે, જેના કારણે ચીની સેના (PLA) માં નેતૃત્વનું મોટું શૂન્યાવકાશ સર્જાયું છે. શનિવારે ચીનની સંસદમાં રજૂ કરેલા નિવેદનમાં જિનપિંગે સૈન્ય અધિકારીઓની 'પ્રતિબદ્ધતા' અને 'નિષ્ઠા' સામે ગંભીર સવાલો ઉઠાવતા સ્વીકાર્યું છે કે સેનામાં અત્યારે વિશ્વાસની ભારે અછત પ્રવર્તી રહી છે.

પીએલએ જનરલ્સ ભ્રષ્ટાચાર કૌભાંડ વિગતો જે રીતે બહાર આવી રહી છે તે જોતા ચીની સેનાનો ભીતરનો દેહ ઘણો ખોખલો દેખાઈ રહ્યો છે. આર્થિક ગેરરીતિઓ ઉપરાંત, ચીનના અનેક ટોચના સૈન્ય



અધિકારીઓ વિદેશી એજન્સીઓના 'હની ટ્રેપ'માં ફસાયા હોવાના ચોંકાવનારા અહેવાલો છે. મીડિયા અહેવાલ મુજબ, પશ્ચિમી દેશોને સેનાની ગુપ્ત માહિતી વેચવા અને સંરક્ષણ સોદાઓમાં અબજો રૂપિયાની કિકબેક લેવાના આરોપમાં અત્યાર સુધીમાં ડઝનબંધ ઉચ્ચ અધિકારીઓને જેલભેગા કરવામાં આવ્યા છે. શી જિનપિંગ માટે હવે સૌથી મોટો પડકાર આ ખાલી પડેલી જગ્યાઓ પર વિશ્વાસુ અને કાબેલ અધિકારીઓની નિમણૂક કરવાનો છે.

ચીન અમેરિકા સૈન્ય સંઘર્ષ પડકારની વાતો ભલે કરતું હોય, પરંતુ જમીની સ્તરે તેની સેનાનો રેકોર્ડ નબળો રહ્યો છે. સૈન્ય વિશ્લેષકો લડાખના ગલવાન યુદ્ધનો દાખલો આપતા જણાવે છે કે તે સમયે ચીને ત્રણ વખત પોતાના ઓફિસર કમાન્ડિંગ બદલવા પડ્યા હતા. ડૉકલામ અને અરુણાચલ પ્રદેશમાં પણ ભારતીય સેના સામે ચીનની 'દુર્ધર્ષ' ગણાતી પીએલએને કારમી પછડાટ મળી હતી. આ ઘટનાઓ સાબિત કરે છે કે બહારથી આધુનિક હથિયારોથી સજ્જ દેખાતું ચીની લશ્કર વ્યૂહાત્મક નેતૃત્વના સ્તરે અત્યંત નબળું છે. જ્યારે સૈનિકોનો નૈતિક જુસ્સો જ ડગમગતો હોય ત્યારે અમેરિકા જેવી મહાસત્તા સામે ટક્કર લેવી એ ચીન માટે દિવાસ્વપ્ન સમાન છે.

શી જિનપિંગ ચીની સેના કમાન્ડ કટોકટી એવા સમયે સર્જાઈ છે જ્યારે ચીન તાઈવાનને બળજબરીથી પોતાની તળભૂમિ સાથે જોડવા માટે થનગની રહ્યું છે. તાઈવાન મામલે અમેરિકાએ પહેલેથી જ સ્પષ્ટ કર્યું છે કે તે લોકશાહી દેશની પડખે ઉભું રહેશે.

---

# ઈરાન ઈઝરાયેલ યુદ્ધના સમાચાર હવે વધુ ભયાનક અને લોહિયાળ બન્યા

(એજન્સી) દુબઈ । તા. 09

મધ્ય-પૂર્વના આંગણે ખેલાઈ રહેલું મહાયુદ્ધ નવમા દિવસે અત્યંત વિનાશક તબક્કામાં પ્રવેશ્યું છે. અમેરિકા અને ઈઝરાયેલે હવે રણનીતિ બદલીને ઈરાનની આર્થિક કરોડરજ્જુ ગણાતી 'લાઈફલાઈન' પર પ્રહાર કરવાનું શરૂ કર્યું છે. વોટર પ્લાન્ટ્સ બાદ હવે ઈરાનની વિશાળ તેલ રિફાઈનરીઓ અને ઓઈલ ડેપોને નિશાન બનાવવામાં આવ્યા છે. આ મિસાઈલ હુમલાઓને કારણે તહેરાન સહિતના વિસ્તારોમાં આકાશ કાળા ધુમાડાથી ભરાઈ ગયું છે, જેના પગલે પર્યાવરણીય કટોકટી સર્જાઈ છે.

દક્ષિણ તહેરાન અને ઉત્તર-પશ્ચિમના શહરાન ઓઈલ ડેપો પર થયેલા ભીષણ હુમલા બાદ આકાશમાં ધુમાડાના એવા ગોટા ઉઠ્યા છે કે મધ્યાહ્ને પણ સૂર્ય ગાયબ થઈ ગયો હોય તેવા દ્રશ્યો સર્જાયા છે. મીડિયા અહેવાલ મુજબ, તેલના ભંડારો સળગવાથી હવામાં ભયાનક ઝેરી તત્વો ભળી ગયા છે. ઈરાનની પર્યાવરણ એજન્સીએ ગંભીર ચેતવણી જાહેર કરતા જણાવ્યું છે કે આ પ્રદૂષણને કારણે રાજ્યમાં એસિડ વરસાદ થઈ શકે છે, જે માનવ સ્વાસ્થ્ય અને ખેતી માટે ઘાતક સાબિત થશે. યુદ્ધમાં અત્યાર સુધીમાં હજારો લોકોએ જીવ ગુમાવ્યા છે. મળતી માહિતી મુજબ, ઈરાનમાં ૨૦૦ બાળકો અને ૨૦૦ મહિલાઓ સહિત કુલ ૧૩૦૦થી વધુ લોકોના મોત નીપજ્યા છે. બીજી તરફ, લેબેનોનમાં પણ ઈઝરાયેલી હુમલામાં ૪૦૦થી વધુ લોકોના મોત થયાના અહેવાલ છે. ઈરાને વળતો પ્રહાર કરતા બહરીનમાં અમેરિકાના સૈન્ય બેઝ પર હુમલો કર્યો છે, જેમાં ૨૧ સૈનિકોના મોત થયા હોવાનો દાવો કરવામાં આવ્યો છે. આ લોહિયાળ જંગ હવે માત્ર સૈન્ય મથકો પૂરતો મર્યાદિત ન રહીને નાગરિક વસાહતો સુધી પહોંચી ગયો છે.

## ૬૭ હજાર ભારતીયો સ્વદેશ પરત ફર્યા | ઉર્જા ક્ષેત્રની સ્થિતિ પર સતત નજર

# ભારતીયોની સુરક્ષા માટે સરકાર કટિબદ્ધ છે

(એજન્સી) નવી દિલ્હી | તા 09

બજેટ સત્રના બીજા તબક્કાના પ્રારંભે જ વિદેશ મંત્રી એસ. જયશંકરે મિડલ ઈસ્ટ (પશ્ચિમ એશિયા) માં ચાલી રહેલા ભીષણ યુદ્ધ અંગે સંસદના બંને ગૃહોમાં મહત્વનું નિવેદન આપ્યું છે. વિદેશ મંત્રીએ સ્પષ્ટપણે જણાવ્યું હતું કે, ગલ્ફ રિજનમાં વસતા એક કરોડથી વધુ ભારતીયોની સુરક્ષા ભારત સરકાર માટે સર્વોપરી પ્રાથમિકતા છે. તેમણે માહિતી આપી હતી કે અત્યાર સુધીમાં અંદાજે ૬૭,૦૦૦ ભારતીયોને વિશેષ કોમર્શિયલ ફ્લાઈટ્સ દ્વારા સુરક્ષિત રીતે સ્વદેશ પરત લાવવામાં આવ્યા છે અને બાકીના લોકોને પણ બહાર કાઢવાની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે.

વિદેશ મંત્રીએ જણાવ્યું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પોતે UAE, કતાર, સાઉદી અરેબિયા અને ઈઝરાયલ સહિતના ખાડી દેશોના વડાઓ સાથે ટેલિફોનિક વાતચીત કરી છે. ભારત આ વિસ્તારમાં શાંતિ અને સાર્વભૌમત્વનો પક્ષધર છે અને સમસ્યાનો ઉકેલ વાતચીત દ્વારા લાવવા માંગે છે. સરકાર દ્વારા જાન્યુઆરી મહિનામાં જ એડવાઈઝરી જાહેર કરીને ભારતીય નાગરિકોને તેહરાન અને અન્ય સંઘર્ષગ્રસ્ત વિસ્તારોમાંથી વહેલી તકે નીકળી જવાની સલાહ આપવામાં આવી હતી. હાલમાં તેહરાન અને દુબઈ સ્થિત ભારતીય




દૂતાવાસો ૨૪ કલાક કાર્યરત રહીને ભારતીય સમુદાયને મદદ કરી રહ્યા છે.

યુદ્ધને કારણે વૈશ્વિક સપ્લાય ચેઈન પ્રભાવિત થઈ છે, જેની સીધી અસર ઉર્જાના ભાવો પર પડી રહી છે. વિદેશ મંત્રીએ ખાતરી આપી હતી કે સરકાર આંતરરાષ્ટ્રીય બજારમાં તેલ અને ગેસના ભાવો પર ચાંપતી નજર રાખી રહી છે. ભારતીય ગ્રાહકોના હિતોને સુરક્ષિત રાખવા માટે સરકાર સતર્ક છે. પશ્ચિમ એશિયાના તણાવની ભારતની ઉર્જા જરૂરિયાતો પર ન્યૂનતમ અસર થાય તે માટે તમામ સ્તરે પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. સરકાર અન્ય વૈકલ્પિક માર્ગો અને સ્ત્રોતો દ્વારા ઉર્જા પુરવઠો જાળવી રાખવા માટે કટિબદ્ધ છે.

જ્યારે વિદેશ મંત્રી આ અત્યંત ગંભીર મુદ્દે સરકારનો પક્ષ રજૂ કરી રહ્યા હતા, ત્યારે વિપક્ષી સાંસદો દ્વારા ગૃહમાં જોરદાર હોબાળો કરવામાં આવ્યો હતો. સ્પીકર ઓમ બિરલાને પદ પરથી હટાવવાના પ્રસ્તાવ અને અન્ય મુદ્દાઓને લઈને વિપક્ષી સભ્યોએ સૂત્રોચ્ચાર કર્યા હતા. હોબાળા વચ્ચે પણ જયશંકરે પોતાનું સંબોધન ચાલુ રાખીને દેશને ભરોસો અપાવ્યો હતો કે સરકાર કોઈપણ સંજોગોમાં પોતાના નાગરિકોને એકલા નહીં છોડે. મીડિયા અહેવાલ મુજબ, ખાડી દેશોમાં ફસાયેલા બાકીના ભારતીયોને લાવવા માટે આગામી દિવસોમાં વધુ ફ્લાઈટ્સનું આયોજન કરવામાં આવી શકે છે.

## દિલ્હી એક્સાઈઝ પોલિસી કેસમાં સીબીઆઈને મોટી રાહત

નવી દિલ્હી: દિલ્હી એક્સાઈઝ પોલિસી કેસમાં તપાસ એજન્સી સીબીઆઈ (CBI) ને આજે દિલ્હી હાઈકોર્ટ તરફથી મોટી રાહત મળી છે. હાઈકોર્ટે ટ્રાયલ કોર્ટના એ આદેશ પર સ્ટે આપ્યો છે જેમાં તમામ ૨૩ આરોપીઓને નિર્દોષ જાહેર કરવામાં આવ્યા હતા. આ સાથે જ કોર્ટે તપાસ એજન્સી અને તપાસ અધિકારી વિરુદ્ધ કરવામાં આવેલી પ્રતિકૂળ ટિપ્પણીઓના અમલીકરણ પર પણ રોક લગાવી દીધી છે. જસ્ટિસ સ્વર્ણકાંત શર્માએ આ આદેશ આપતા ટ્રાયલ કોર્ટને સંબંધિત મની લોન્ડરિંગ (PMLA) કેસની કાર્યવાહી પણ હાલ પૂરતી સ્થગિત રાખવા જણાવ્યું છે. સીબીઆઈ તરફથી હાજર રહેલા સોલિસિટર જનરલ તુષાર મહેતાએ દલીલ કરી હતી કે ટ્રાયલ કોર્ટનો નિર્ણય 'ટ્રાયલ વગરની મુક્તિ' સમાન છે. તેમણે રજૂઆત કરી હતી કે તપાસ એજન્સીએ હવાલા ચેનલ દ્વારા અપાયેલી લાંચ અને ષડયંત્રના નક્કર પુરાવા એકત્ર કર્યા છે. ટ્રાયલ કોર્ટે પુરાવાઓની એવી રીતે તપાસ કરી જાણે તે અંતિમ ચુકાદો આપી રહી હોય, જે કાયદાકીય રીતે યોગ્ય નથી. ૨૭ ફેબ્રુઆરીએ રાઉઝ એવન્યુ કોર્ટના સ્પેશિયલ જજ જિતેન્દ્ર સિંહે પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ અને મનીષ સિસોદિયા સહિતના તમામ આરોપીઓને પુરાવાના અભાવે નિર્દોષ છોડી દીધા હતા.

## News Brief

### ઝાંસીમાં ૫૨૪ ભરેલા LPG સિલિન્ડર ભરેલી ટ્રકની ચોરી

ઝાંસી: ઉત્તર પ્રદેશના ઝાંસી જિલ્લામાં તસ્કરોએ એક મોટી ચોરીની ઘટનાને અંજામ આપતા ગેસ એજન્સી અને પોલીસ તંત્રમાં દોડધામ મચી ગઈ છે. સીપરી બજાર પોલીસ સ્ટેશન વિસ્તારમાં ભારત પેટ્રોલિયમ ડેપો સાથે સંકળાયેલી એક ટ્રકમાંથી ૫૨૪ ભરેલા એલપીજી સિલિન્ડરની ચોરી થઈ હોવાની ફરિયાદ નોંધાઈ છે. આ ઘટના ત્યારે બની જ્યારે ટ્રકનો ડ્રાઈવર હોળીના તહેવારની રજાઓ માણીને પરત ફર્યો હતો. પોલીસે આ મામલે અજાણ્યા શખ્સો વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.પોલીસના જણાવ્યા અનુસાર, રાયગંજ નિવાસી નીરજ અગ્રવાલની આ ટ્રક કરારી સ્થિત ભારત પેટ્રોલિયમ ડેપોમાં કાર્યરત હતી. ગત ૨ માર્ચના રોજ ડ્રાઈવર રાજકુમારે ૫૨૪ ભરેલા સિલિન્ડર સાથેનો ટ્રક ડેપોની બહાર સુરક્ષિત રીતે પાર્ક કર્યો હતો અને પોતે હોળીની રજાઓમાં ઘરે ગયો હતો. જ્યારે તે ૬ માર્ચે ફરજ પર પરત ફર્યો ત્યારે તેને પાર્કિંગની જગ્યાએ ટ્રક જોવા મળ્યો ન હતો. આ અંગે ત્વરિત પોલીસને જાણ કરવામાં આવતા તપાસના ચક્રો ગતિમાન કરાયા હતા. સીપરી બજાર સ્ટેશન હાઉસ ઓફિસર (SHO) જયપ્રકાશ ચૌબેએ જણાવ્યું હતું કે, ટેકનિકલ સર્વેલન્સ અને સ્થાનિક બાતમીદારોની મદદથી તપાસ કરતા આ ટ્રક બરાગાવ વિસ્તારમાંથી મળી આવ્યો હતો. જોકે, તપાસ દરમિયાન પોલીસને મોટો આંચકો લાગ્યો હતો કારણ કે ટ્રકમાં એક પણ સિલિન્ડર હાજર ન હતો. તસ્કરોએ ટ્રક ચોરી કર્યા બાદ તમામ ૫૨૪ ભરેલા સિલિન્ડર ઉતારી લીધા હતા અને ત્યારબાદ વાહનને બિનવારસી હાલતમાં તરછોડી દીધું હતું.

### મલેશિયાના શખ્સના મોંમાં ૪૨ દાંત: ગિનીસ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન

કુઆલાલમ્પુર: સામાન્ય રીતે કોઈ પણ પુખ્ત માનવીના મોંમાં ૩૨ દાંત હોય છે, પરંતુ મલેશિયાના ૩૩ વર્ષીય એક એન્જિનિયરના કિસ્સામાં કુદરતનો અનોખો કરિશ્મો જોવા મળ્યો છે. મલેશિયામાં તેલ અને ગેસ ઉદ્યોગમાં એન્જિનિયર તરીકે કાર્યરત પ્રથાબ મુનિયાંડીના મોંમાં કુલ ૪૨ દાંત છે, જે સામાન્ય માનવી કરતા ૧૦ વધારે છે. આ અસાધારણ વિશેષતાને કારણે તેમનું નામ સત્તાવાર રીતે 'ગિનીસ વર્લ્ડ રેકોર્ડ' માં નોંધવામાં આવ્યું છે. ૨૮ ડિસેમ્બર, ૨૦૨૩ના રોજ ડૉક્ટરોની પેનલ દ્વારા તપાસ બાદ આ રેકોર્ડને સત્તાવાર માન્યતા આપવામાં આવી હતી. રથાબને આ વધારાના દાંત અંગેની જાણકારી અકસ્માતે વર્ષ ૨૦૨૧માં થઈ હતી. એક કૌટુંબિક ચા સમારંભ દરમિયાન વાતચીતમાં તેમણે શંકા વ્યક્ત કરી હતી કે તેમના મોંમાં કદાચ સામાન્ય કરતા વધુ દાંત છે. જ્યારે પરિવારના સભ્યોએ દાંતની ગણતરી કરી ત્યારે ૩૮ દાંત જોવા મળ્યા હતા. ત્યારબાદ ડૉક્ટરો પાસે એક્સ-રે તપાસ કરાવતા જાણવા મળ્યું કે હજુ ચાર દાંત ફૂટી રહ્યા છે. વર્ષ ૨૦૨૩ની શરૂઆત સુધીમાં પ્રથાબના મોંમાં કુલ ૪૨ દાંત સંપૂર્ણપણે બહાર આવી ગયા હતા.તાજેતરમાં ગિનીસ વર્લ્ડ રેકોર્ડે તેમના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર પ્રથાબ મુનિયાંડીનો વીડિયો અને વિગતો શેર કરી હતી, જે જોતજોતામાં ઈન્ટરનેટ પર વાયરલ થઈ ગઈ છે. પ્રથાબે મીડિયાને જણાવ્યું હતું કે, "સામાન્ય રીતે પ્રથમ નજરે કોઈને ખબર પડતી નથી કે મારા મોંમાં વધારાના દાંત છે, પરંતુ જ્યારે હું તેમને ગણતરી કરીને બતાવું છું ત્યારે લોકો આશ્ચર્યચકિત થઈ જાય છે." ડૉક્ટરોના મતે, આ સ્થિતિને તબીબી ભાષામાં 'હાયપરડોંશિયા' (Hyperdontia) કહેવામાં આવે છે.

### ઈંટ કે સિમેન્ટની જરૂર નહીં પડે! ૧.૫ લાખમાં બની જશે તમારું ઘર

નવી દિલ્હી: આજના મોંઘવારીના જમાનામાં પોતાનું ઘર બનાવવાનું સપનું જોતા મધ્યમ અને ગરીબ વર્ગના પરિવારો માટે નેશનલ થર્મલ પાવર કોર્પોરેશન (NTPC) એક ક્રાંતિકારી ટેકનોલોજી લઈને આવ્યું છે. NTPC દ્વારા વિકસાવવામાં આવેલી આ નવી પદ્ધતિમાં પરંપરાગત ઈંટ, રેતી કે સિમેન્ટના ઉપયોગ વગર માત્ર ૧.૫ લાખ રૂપિયાના બજેટમાં મજબૂત ઘર તૈયાર કરી શકાય છે. 'સુખ' (Sukh) નામ હેઠળ રજૂ કરવામાં આવેલું આ આવાસ મોડેલ કોલસાની રાખ એટલે કે 'ફ્લાય એશ' માંથી બનાવવામાં આવ્યું છે, જે મજબૂતીની સાથે સાથે આર્થિક રીતે પણ અત્યંત પરવડે તેવું છે.પાવર પ્લાન્ટમાં કોલસો સળગાવવાથી જે રાખ નીકળે છે તેને અત્યાર સુધી કચરો માનવામાં આવતો હતો. પરંતુ હવે આ રાખમાં ચૂનો અને જીપ્સમ ભેળવીને અત્યંત મજબૂત બ્લોક્સ તૈયાર કરવામાં આવ્યા છે.

## કુલ ૧૫,૧૩૦ પદો પર ભરતી થશે

# સ્ટાફ સિલેક્શન કમિશને CGL 2025ની જગ્યાઓમાં વધારો કર્યો છે

નવી દિલ્હી: સરકારી નોકરી મેળવવાની આશા રાખતા યુવાનો માટે સ્ટાફ સિલેક્શન કમિશન (SSC) દ્વારા એક મહત્વપૂર્ણ અને ખુશીના સમાચાર આપવામાં આવ્યા છે. કમ્બાઈન્ડ ગ્રેજ્યુએટ લેવલ (CGL) ૨૦૨૫ ની ભરતી પ્રક્રિયા અંતર્ગત પદોની સંખ્યામાં નોંધપાત્ર વધારો કરવામાં આવ્યો છે. કમિશન દ્વારા બહાર પાડવામાં આવેલી નવી યાદી મુજબ, હવે ૧૪,૫૮૨ ને બદલે કુલ ૧૫,૧૩૦ પદો પર ભરતી કરવામાં આવશે. આ ફેરફારને કારણે સ્પર્ધાત્મક પરીક્ષા આપનારા હજારો ઉમેદવારોને પસંદગી પામવાની વધુ તક મળશે.આ ભરતી પ્રક્રિયા દ્વારા કેન્દ્ર સરકારના વિવિધ ૫૮ પ્રકારના ગ્રુપ-બી અને ગ્રુપ-સી પદો પર નિમણૂક કરવામાં આવશે. પસંદગી પામેલા ઉમેદવારોને પે-લેવલ ૪ થી ૭ મુજબ આકર્ષક પગાર મળવાપાત્ર થશે, જે ૨૫,૫૦૦ રૂપિયાથી શરૂ કરીને ૧,૪૨,૪૦૦ રૂપિયા સુધી પહોંચી શકે છે. વિવિધ વિભાગોમાં આસિસ્ટન્ટ સેક્શન ઓફિસર, ઈન્સ્પેક્ટર અને ટેક્સ આસિસ્ટન્ટ જેવા મહત્વના પદોનો આ ભરતીમાં સમાવેશ થાય છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગતો મુજબ, અંતિમ પરિણામ જાહેર થાય તે પહેલા કમિશને આ વધારો કરીને ઉમેદવારોને મોટી રાહત આપી છે. જે ઉમેદવારોએ જાન્યુઆરી ૨૦૨૬ માં યોજાયેલી ટિયર-૨ ની પરીક્ષા આપી છે, તેમના માટે 'ઓપ્શન-કમ-પ્રેફરન્સ' ફોર્મ ભરવાની પ્રક્રિયા આજથી એટલે કે ૯ માર્ચથી શરૂ થઈ ગઈ છે. ઉમેદવારો ૧૨ માર્ચની સાંજ સુધી ઓફિશિયલ વેબસાઈટ ssc.gov.in પર જઈને પોતાની પસંદગીના વિભાગો અને પદોની પ્રાથમિકતા આપી શકશે. ખાસ નોંધનીય છે કે, જો કોઈ ઉમેદવાર આ પ્રેફરન્સ ફોર્મ ભરવાનું ચૂકી જશે, તો તેનું પરિણામ ગણતરીમાં લેવામાં આવશે નહીં અને તેને બીજી કોઈ તક આપવામાં આવશે નહીં. નવી જાહેર કરાયેલી ૧૫,૧૩૦ જગ્યાઓમાં કેટેગરી મુજબ પણ સ્પષ્ટતા કરવામાં આવી છે. જેમાં બિન-અનામત (UR) વર્ગ માટે ૬,૪૬૪, ઓબીસી (OBC) માટે ૩,૮૩૪, એસસી (SC) માટે ૨,૨૨૩, એસટી (ST) માટે ૧,૧૩૪ અને આર્થિક રીતે નબળા વર્ગ (EWS) માટે ૧,૪૭૫ જગ્યાઓ અનામત રાખવામાં આવી છે.

## વિપક્ષી ગઠબંધન 'INDIA' ના ૧૧૮ સાંસદોનું સમર્થન

# લોકસભા સ્પીકર ઓમ બિરલા વિરુદ્ધ અવિશ્વાસ પ્રસ્તાવ રજૂ થશે

નવી દિલ્હી: ભારતીય સંસદના બજેટ સત્રનો બીજો તબક્કો આજથી ભારે ધમાકેદાર રીતે શરૂ થઈ રહ્યો છે. વિપક્ષી ગઠબંધન 'INDIA' દ્વારા લોકસભા સ્પીકર ઓમ બિરલા વિરુદ્ધ લાવવામાં આવેલો અવિશ્વાસ પ્રસ્તાવ આજે ગૃહમાં રજૂ કરવામાં આવશે. કોંગ્રેસ, ટીએમસી અને અન્ય વિપક્ષી દળોએ સ્પીકર પર પક્ષપાત કરવાનો અને વિપક્ષનો અવાજ દબાવવાનો ગંભીર આરોપ લગાવ્યો છે. જોકે, આંકડાકીય સમીકરણો જોતા આ પ્રસ્તાવ સફળ થવાની શક્યતા નહિવત જણાઈ રહી છે, કારણ કે સત્તાધારી એનડીએ ગઠબંધન પાસે બહુમતી કરતા વધુ સાંસદોનું સમર્થન છે.સ્પીકરને પદ પરથી હટાવવા માટે ગૃહના કુલ સભ્યોની બહુમતી એટલે કે ઓછામાં ઓછા ૨૭૨ મતોની જરૂર પડે છે. હાલમાં ભાજપની આગેવાની હેઠળના એનડીએ પાસે ૨૯૩ સાંસદોનું મજબૂત સંખ્યાબળ છે, જ્યારે વિપક્ષી ગઠબંધન પાસે માત્ર ૨૩૮ સાંસદો છે. આમ, વિપક્ષ પાસે જરૂરી આંકડો ન હોવા છતાં, તેઓ સ્પીકર વિરુદ્ધ મોરચો માંડીને સરકારને ઘેરવાનો પ્રયાસ કરી રહ્યા છે. મહત્વની વાત એ છે કે, શરૂઆતમાં ખચકાટ અનુભવ્યા બાદ હવે મમતા બેનર્જીની પાર્ટી ટીએમસીએ પણ આ પ્રસ્તાવને સત્તાવાર ટેકો જાહેર કર્યો છે.

ભારતીય બંધારણની કલમ ૯૪(સી) મુજબ, સ્પીકર વિરુદ્ધ



પ્રસ્તાવ લાવતા પહેલા ૧૪ દિવસની નોટિસ આપવી અનિવાર્ય છે, જે પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી છે. પ્રસ્તાવ પર ચર્ચા દરમિયાન નિયમ મુજબ ઓમ બિરલા સ્પીકરની ખુરશી પર બેસી શકશે નહીં, પરંતુ તેઓ ગૃહની કાર્યવાહીમાં ભાગ લઈ શકશે અને મતદાન પણ કરી શકશે. નોંધનીય છે કે ભારતીય સંસદના ઈતિહાસમાં અત્યાર સુધી ત્રણ વખત સ્પીકર વિરુદ્ધ આવા પ્રસ્તાવ આવ્યા છે, પરંતુ ક્યારેય કોઈ સ્પીકરને આ રીતે હટાવી શકાયા નથી.અવિશ્વાસ પ્રસ્તાવની સાથે સાથે આજે સંસદમાં પશ્ચિમ અશિયાની યુદ્ધની સ્થિતિ અને રશિયા પાસેથી ઓઈલ ખરીદી પર અમેરિકાની છૂટછાટ અંગે વિદેશ મંત્રી એસ. જયશંકર પણ નિવેદન આપવાના છે.

## મુખ્યમંત્રી પદ છોડવાના અહેવાલોથી કાર્યકરો નારાજ

# જદયુમાં વિવાદ: નિતિશ કુમાર અને લલ્લનસિંહના સમર્થકો વચ્ચે મારામારી

પટણા: બિહારના રાજકારણમાં અત્યારે ભારે ગરમાવો જોવા મળી રહ્યો છે. મુખ્યમંત્રી નિતિશ કુમાર ટૂંક સમયમાં મુખ્યમંત્રી પદ છોડીને રાજ્યસભામાં જાય તેવી પ્રબળ શક્યતાઓ વચ્ચે જનતા દળ (યુનાઈટેડ) માં આંતરિક કલહ સપાટી પર આવ્યો છે. રવિવારે પટણા સ્થિત પક્ષના મુખ્ય કાર્યાલય ખાતે નિતિશ કુમાર અને વરિષ્ઠ નેતા લલ્લનસિંહના સમર્થકો વચ્ચે ઉગ્ર દલીલો બાદ છૂટાહાથની મારામારી થઈ હતી. કાર્યકરોએ પક્ષ કાર્યાલયમાં તોડફોડ કરી હતી અને લલ્લનસિંહ વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યા હતા, જેના કારણે બિહારના સત્તાધારી પક્ષમાં જૂથવાદ ચરમસીમાએ હોવાનું જણાય છે.આ હંગામા વચ્ચે એક મહત્વની ઘટનાક્રમમાં નિતિશ કુમારના પુત્ર નિશાંત કુમાર સત્તાવાર રીતે જદયુમાં જોડાયા હતા. પટણામાં યોજાયેલા એક કાર્યક્રમમાં તેમણે પક્ષનું સભ્યપદ ગ્રહણ કર્યું હતું. નિશાંતે જણાવ્યું હતું કે, તેમના પિતાનો રાજ્યસભામાં જવાનો નિર્ણય વ્યક્તિગત છે અને તેઓ પક્ષના સંગઠનને મજબૂત કરવા માટે કાર્ય કરશે. જોકે, પુત્રના આ મહત્વના રાજકીય પદાર્પણ પ્રસંગે નિતિશ કુમાર પોતે હાજર રહ્યા નહોતા, જે અનેક તર્ક-વિતર્ક



જન્માવે છે. નિશાંતે લલ્લનસિંહના આશીર્વાદ લીધા હતા, પરંતુ કાર્યકરોમાં લલ્લનસિંહ પ્રત્યે ભારે રોષ જોવા મળી રહ્યો છે. પક્ષના કાર્યાલયમાં ત્યારે તંગદીલી સર્જાઈ જ્યારે કેટલાક કાર્યકરોએ લલ્લનસિંહને 'ભાજપના માણસ' ગણાવી તેમની વિરુદ્ધ 'મુર્દાબાદ' ના નારા લગાવ્યા હતા. આ સાંભળીને લલ્લનસિંહના સમર્થકો ઉશ્કેરાઈ ગયા હતા અને બંને જૂથો વચ્ચે સામસામે લાફાવાળી થઈ હતી. સ્થિતિ એટલી હદે વણસી હતી કે પોલીસે વચ્ચે પડીને કાર્યકરોને અલગ પાડવા પડ્યા હતા.

# પશ્ચિમ એશિયાના સંઘર્ષ મુદ્દે રાહુલ ગાંધી અને ખડગેના નેતૃત્વમાં વિપક્ષનો હોબાળો

નવી દિલ્હી: સંસદના બજેટ સત્રના બીજા તબક્કાના પ્રથમ દિવસે જ પશ્ચિમ એશિયા (મિડલ ઈસ્ટ) માં ચાલી રહેલા ભીષણ યુદ્ધની અસર જોવા મળી હતી. સોમવારે વિપક્ષી ગઠબંધન 'INDIA' ના સાંસદોએ લોકસભામાં વિપક્ષી નેતા રાહુલ ગાંધી અને રાજ્યસભાના વિપક્ષી નેતા મલ્લિકાર્જુન ખડગેના નેતૃત્વમાં સંસદના મકર દ્વાર પાસે ઉગ્ર વિરોધ પ્રદર્શન કર્યું હતું. વિપક્ષે "ખાડી દેશો સળગી રહ્યા છે, તેલના ભાવમાં આંચકો લાગ્યો છે અને ભારતીયો ફસાયેલા છે - ભારતને નેતૃત્વની જરૂર છે, મૌનની નહીં" તેવા લખાણવાળા બેનરો સાથે કેન્દ્ર સરકાર વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યા હતા. વિદેશ મંત્રી એસ. જયશંકરે પશ્ચિમ એશિયાની સ્થિતિ અંગે રાજ્યસભામાં સુઓ મોટો (પોતાની મેળે) નિવેદન આપ્યું હતું. જોકે, કોંગ્રેસના સાંસદ જયરામ રમેશે આક્ષેપ કર્યો હતો કે વિદેશ મંત્રીના નિવેદન પર વિપક્ષને કોઈ પ્રશ્ન પૂછવાની કે સ્પષ્ટતા માંગવાની મંજૂરી આપવામાં આવી ન હતી. વિપક્ષે પશ્ચિમ એશિયાની સ્થિતિ પર તાત્કાલિક ચર્ચાની માંગ કરી હતી, પરંતુ મંજૂરી ન મળતા સમગ્ર વિપક્ષે ગૃહમાંથી વોકઆઉટ કર્યો હતો. વિપક્ષનો આરોપ છે કે સરકાર ગંભીર મુદ્દાઓ પર ચર્ચા કરવાથી ભાગી રહી છે.મલ્લિકાર્જુન ખડગેએ રાજ્યસભામાં ભારતની ઉર્જા સુરક્ષા અંગે ટૂંકા ગાળાની ચર્ચાની માંગણી કરી હતી. તેમણે જણાવ્યું હતું કે પશ્ચિમ એશિયાના સંઘર્ષને કારણે રસોઈ ગેસના ભાવમાં વધારો થયો છે અને ભારતની આર્થિક સ્થિરતા જોખમમાં છે. ખડગેએ ભારપૂર્વક કહ્યું કે આ યુદ્ધ માત્ર પશ્ચિમ એશિયા પૂરતું મર્યાદિત નથી, પરંતુ તેની સીધી અસર ભારતની છબી અને અર્થતંત્ર પર પડી રહી છે. ૨૮ ફેબ્રુઆરીએ ઈરાન પર થયેલા હુમલા અને ત્યારબાદ તેલના ડેપો પર થયેલા હુમલાઓએ વૈશ્વિક બજારમાં તેલની સપ્લાય ચેઈનને ખોરવી નાખી છે.બીજી તરફ, વિદેશ મંત્રી એસ. જયશંકરે વિપક્ષના હોબાળા વચ્ચે જણાવ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પોતે સ્થિતિનું નિરીક્ષણ કરી રહ્યા છે અને તમામ મંત્રાલયો સંકલન સાધી રહ્યા છે.

# દિલ્હીમાં ૩૫.૬ ડિગ્રી સાથે ૫૦ વર્ષનો રેકોર્ડ તૂટ્યો, અનેક રાજ્યોમાં તાપમાનમાં 6 થી 10 ડિગ્રીનો વધારો થયો

નવી દિલ્હી: દેશના અનેક રાજ્યોમાં માર્ચ મહિનાના પ્રારંભે જ કાળઝાળ ગરમીની શરૂઆત થઈ ગઈ છે. હવામાન વિભાગના અહેવાલ મુજબ, ઉત્તર અને પશ્ચિમ ભારતના અનેક ભાગોમાં તાપમાનમાં અચાનક ૬ થી ૧૦ ડિગ્રીનો જંગી ઉછાળો જોવા મળ્યો છે. ખાસ કરીને રાજધાની દિલ્હીમાં રવિવારે મહત્તમ તાપમાન ૩૫.૬ ડિગ્રી નોંધાયું હતું, જે છેલ્લા ૫૦ વર્ષમાં માર્ચના પ્રથમ સપ્તાહનો સૌથી ગરમ દિવસ સાબિત થયો છે. સામાન્ય રીતે આ સમયે રહેતા તાપમાન કરતા આ આંકડો સાત ડિગ્રી વધુ હોવાથી દિલ્હીવાસીઓએ વહેલી હીટવેવનો સામનો કરવો પડ્યો છે. સામાન્ય રીતે ઠંડા ગણાતા પર્યટન સ્થળો હિમાચલ પ્રદેશ અને કાશ્મીરમાં પણ આ વખતે ગરમીએ માઝા મૂકી છે. ધર્મશાળા સહિતના વિસ્તારોમાં હીટવેવ ફૂંકાઈ રહી છે, જ્યારે શ્રીનગરમાં તાપમાન ૨૪.૩ ડિગ્રી નોંધાયું હતું, જે સામાન્ય કરતા ૯.૬ ડિગ્રી વધુ છે. પર્યટકોના માનીતા સ્થળ પહલગામમાં પણ પારો ૨૦ ડિગ્રીએ પહોંચ્યો હતો. સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગતો મુજબ, હિમાચલના કાંગરા, મંડી અને કુલ્લુ જિલ્લાઓમાં હવામાન વિભાગ દ્વારા 'યલો એલર્ટ' જાહેર કરવામાં આવ્યું છે, જે બદલાતા હવામાનની ગંભીરતા દર્શાવે છે.રણ પ્રદેશ રાજસ્થાનમાં ગરમીનું જોર સૌથી વધુ જોવા મળી રહ્યું છે. ઝુંઝુનુના પિલાનીમાં મહત્તમ તાપમાન ૪૦.૨ ડિગ્રી અને બાડમેરમાં ૪૦ ડિગ્રી નોંધાયું છે. હરિયાણાના હિસારમાં પણ પારો ૩૭.૫ ડિગ્રી સુધી પહોંચી ગયો છે, જે સામાન્ય કરતા ૬ ડિગ્રી વધારે છે. નિષ્ણાતોના મતે, આગામી કેટલાક દિવસો સુધી રાજસ્થાનમાં તાપમાનમાં હજુ પણ વધારો થવાની શક્યતા છે.


AVAILABLE FOR SALE

| MAKE | MODEL | REG NO |
|---|---|---|
| MAHINDRA/ZOR GRAND DV PLUS | 2023 | GJ-01-TH-4817 |
| MAHINDRA/ZOR GRAND DV PLUS | 2023 | GJ-01-TH-4882 |
| MAHINDRA/ZOR GRAND DV PLUS | 2023 | GJ-01-TH-4756 |
| MAHINDRA/ZOR GRAND DV PLUS | 2023 | GJ-01-TH-4750 |
| MAHINDRA/ZOR GRAND DV PLUS | 2023 | GJ-01-TH-4562 |
| MAHINDRA/ZOR GRAND DV PLUS | 2023 | GJ-01-TH-4525 |
| MAHINDRA/ZOR GRAND DV PLUS | 2023 | GJ-01-TH-4876 |
| MAHINDRA/ZOR GRAND DV PLUS | 2023 | GJ-01-TH-4698 |
| LEYLAND/ECOMET 1615 | 2023 | GJ-27-TD-4415 |
| MARUTI/DZIRE VXI | 2024 | GJ-01-LT-1784 |

IN " AS IS WHERE IS CONDITION"
CONTACT: - SUNDARAM FINANCE LTD.
212- 214, B WING, SUND WEST BANK BUILDING,
OPP VALLBH SADAN, ASHRAM ROAD AHMEDABAD 380009
WITHIN 3 DAYS PH: 9824091977 / 9723708989

પશ્ચિમ રેલવે – રાજકોટ ડિવિઝન

રેલવે હોસ્પિટલ ખાતે વિવિધ સુવિધાઓની સુધારણા, વિવિધ ઈલેક્ટ્રિકલ પમ્પ્સ નું સમારકામ અને જાળવણી કામ

| અનું. નં. | કામનું નામ | અંદાજીત પડતર | ઈએમડી પડતર |
|---|---|---|---|
| ટેન્ડર નં. ડીઆરએમ/આરજેટી/ઈએલ/૨૦૨૫-૨૦૨૬/૫૦ | | | |
| ૧. | (a) રાજકોટ ડિવિઝન :- રેલવે હોસ્પિટલ રાજકોટ ખાતે વિવિધ સુવિધાઓની સુધારણા અને મોડ્યુલર ઓપરેશન થિયેટરનો વિકાસ અને (b) રાજકોટ ડિવિઝન – RDSA ગ્રાઉન્ડના વિકાસના સંબંધમાં ઈલેક્ટ્રિકલ કામ. | ૫૦,૮૨,૫૩૭.૦૯/- | ૧,૦૧,૭૦૦/- |
| ટેન્ડર નં. ડીઆરએમ/આરજેટી/ઈએલ/૨૦૨૫-૨૦૨૬/૫૧ | | | |
| ૨. | રાજકોટ ડિવિઝન :- રાજકોટ ડિવિઝન પર ૩ વર્ષના સમયગાળા માટે વિવિધ ઈલેક્ટ્રિકલ પમ્પ્સ નું સમારકામ અને જાળવણી કરવાનું કામ. | ૭૧,૮૪,૪૬૫.૫૦/- | ૧,૪૩,૭૦૦/- |

**ઓનલાઈન અરજી કરવાની તારીખ અને સમય: તા. ૩૦-૦૩-૨૦૨૬** ના ૧૫:૦૦ કલાક સુધી, **ઓફિસનું સરનામુ :** ડિવિઝનલ રેલવે મેનેજર (ઈલેક્ટ્રિકલ), પશ્ચિમ રેલવે, કોઠી કમ્પાઉન્ડ૫ રાજકોટ-૩૬૦૦૦૧. **વેબસાઈટ વિગત :** www.ireps.gov.in
RJT-209
અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly

Punjab & Sind Bank
(A Govt. of India Undertaking)
Where service is a way of life
ઝોનલ ઓફિસ : ગાંધીનગર
યુનિટ નં. ૪, ત્રીજા માળે, ગીફ્ટ ટાવર વન
ગીફ્ટ સીટી, ગાંધીનગર-૩૮૨૩૫૫
ફોન નં. ૦૭૯-૬૬૭૪૦૨૦૬/૦૮/૦૯
ઈમેલ આઈડી-Zo.gandhinagar@psb.co.in

જગ્યાઓ જોઈએ

પંજાબ અને સિંધ બેંક ગાંધીનગર બે બિડ (ટેકનિકલ + ફાઈનાન્શિયલ) સિસ્ટમ હેઠળ, યોગ્ય જગ્યા બનાવવા માટે તૈયાર અને કાર્પેટ એરિયા (એટીએમ માટેની જગ્યા સહિત) ધરાવતી સારી રીતે બાંધેલી હોલ પ્રકારની ઈમારત માટે, ઓછામાં ઓછા ૧૫ વર્ષના સમયગાળા માટે લીઝ ધોરણે ઓફર આમંત્રિત કરે છે. જગ્યાઓ નીચે દર્શાવેલ સ્થળોએ ગ્રાઉન્ડ ફલોર પર હોવી જોઈએ:

| ક્રમ | શાખાનું નામ | જિલ્લો | સૂચિત સ્થળો | વિસ્તાર (ચો.ફુટ) |
|---|---|---|---|---|
| ૧ | એમજી રોડ સુરત (S0305) | સુરત | વીઆઈપી રોડ, વેસુ | ૧૮૦૦-૨૦૦૦ |

ઓફર કરાયેલ જગ્યાઓ પાસે કાનૂની સત્તાવાળાઓ તરફથી તમામ ક્લિયરન્સ પ્રમાણપત્રો હોવા જોઈએ. ઈચ્છિત વિસ્તારમાં આવા જગ્યાઓના રસ ધરાવતા માલિકો/રજિસ્ટર્ડ પાવર ઓફ એટર્ની ધારકો કે જેઓ ૧૫ વર્ષ કે તેથી વધુ સમય માટે લાંબા ગાળાના લીઝ ધોરણે તેમની સરળતાથી ઉપલબ્ધ જગ્યા ભાડે આપવા તૈયાર છે, તેઓ બેંકની વેબસાઈટ www.punjabandsind.bank.in પર ઉપલબ્ધ નિર્ધારિત ફોર્મેટમાં તેમની ઓફર મોકલી શકે છે અથવા તે **પંજાબ એન્ડ સિંધ બેંક ઝોનલ ઓફિસ-ગાંધીનગર, યુનિટ નં. ૪, ત્રીજો માળ, ગિફ્ટ ટાવર વન, ગિફ્ટ સિટી, ગાંધીનગર પરથી ઓફિસ સમય દરમિયાન** મેળવી શકાય છે. સંપૂર્ણ ઓફર યોગ્ય રીતે સીલબંધ અને સહી થયેલ છે અને **૨૩-૦૩-૨૦૨૬ ના રોજ અથવા તે પહેલાં સાંજે ૫:૦૦** વાગ્યા સુધીમાં **પંજાબ એન્ડ સિંધ બેંક ઝોનલ ઓફિસ-ગાંધીનગર, યુનિટ નં. ૪, ત્રીજો માળ, ગિફ્ટ ટાવર વન, ગિફ્ટ સિટી, ગાંધીનગર** ખાતે પહોંચવી જોઈએ.

બેંક દ્વારા કોઈ દલાલી ચૂકવવામાં આવશે નહીં. બેંક કોઈપણ કારણ આપ્યા વિના કોઈપણ અથવા બધી ઓફરોને પોતાની સંપૂર્ણ વિવેકબુદ્ધિથી સ્વીકારવા અથવા નકારવાનો અધિકાર અનામત રાખે છે.

તારીખ : ૦૯-૦૩-૨૦૨૬ — ઝોનલ મેનેજર

Punjab & Sind Bank
(A Govt. of India Undertaking)
Where service is a way of life
ઝોનલ ઓફિસ : ગાંધીનગર
યુનિટ નં. ૪, ત્રીજા માળે, ગીફ્ટ ટાવર વન
ગીફ્ટ સીટી, ગાંધીનગર-૩૮૨૩૫૫
ફોન નં. ૦૭૯-૬૬૭૪૦૨૦૬/૦૮/૦૯
ઈમેલ આઈડી-Zo.gandhinagar@psb.co.in

જગ્યાઓ જોઈએ

પંજાબ અને સિંધ બેંક ગાંધીનગર બે બિડ (ટેકનિકલ + ફાઈનાન્શિયલ) સિસ્ટમ હેઠળ, યોગ્ય જગ્યા બનાવવા માટે તૈયાર અને કાર્પેટ એરિયા (એટીએમ માટેની જગ્યા સહિત) ધરાવતી સારી રીતે બાંધેલી હોલ પ્રકારની ઈમારત માટે, ઓછામાં ઓછા ૧૫ વર્ષના સમયગાળા માટે લીઝ ધોરણે ઓફર આમંત્રિત કરે છે. જગ્યાઓ નીચે દર્શાવેલ સ્થળોએ ગ્રાઉન્ડ ફલોર પર હોવી જોઈએ:

| ક્રમ | જિલ્લો વિસ્તાર | સ્થળો | વિસ્તાર (ચો.ફુટ) |
|---|---|---|---|
| ૧ | અમદાવાદ | આંબાવાડી | ૧૩૦૦-૧૫૦૦ |
| ૨ | અમદાવાદ | બોપલ આંબલી રોડ | ૧૩૦૦-૧૫૦૦ |
| ૩ | બોટાદ | બોટાદ | ૧૦૦૦-૧૨૦૦ |
| ૪ | મહેસાણા | ઊંઝા | ૧૦૦૦-૧૨૦૦ |

ઓફર કરાયેલ જગ્યાઓ પાસે કાનૂની સત્તાવાળાઓ તરફથી તમામ ક્લિયરન્સ પ્રમાણપત્રો હોવા જોઈએ. ઈચ્છિત વિસ્તારમાં આવા જગ્યાઓના રસ ધરાવતા માલિકો/રજિસ્ટર્ડ પાવર ઓફ એટર્ની ધારકો કે જેઓ ૧૫ વર્ષ કે તેથી વધુ સમય માટે લાંબા ગાળાના લીઝ ધોરણે તેમની સરળતાથી ઉપલબ્ધ જગ્યા ભાડે આપવા તૈયાર છે, તેઓ બેંકની વેબસાઈટ www.punjabandsind.bank.in પર ઉપલબ્ધ નિર્ધારિત ફોર્મેટમાં તેમની ઓફર મોકલી શકે છે અથવા તે **પંજાબ એન્ડ સિંધ બેંક ઝોનલ ઓફિસ-ગાંધીનગર, યુનિટ નં. ૪, ત્રીજો માળ, ગિફ્ટ ટાવર વન, ગિફ્ટ સિટી, ગાંધીનગર પરથી ઓફિસ સમય દરમિયાન** મેળવી શકાય છે. સંપૂર્ણ ઓફર યોગ્ય રીતે સીલબંધ અને સહી થયેલ છે અને **૩૦-૦૩-૨૦૨૬ ના રોજ અથવા તે પહેલાં સાંજે ૫:૦૦** વાગ્યા સુધીમાં **પંજાબ એન્ડ સિંધ બેંક ઝોનલ ઓફિસ-ગાંધીનગર, યુનિટ નં. ૪, ત્રીજો માળ, ગિફ્ટ ટાવર વન, ગિફ્ટ સિટી, ગાંધીનગર** ખાતે પહોંચવી જોઈએ.

બેંક દ્વારા કોઈ દલાલી ચૂકવવામાં આવશે નહીં. બેંક કોઈપણ કારણ આપ્યા વિના કોઈપણ અથવા બધી ઓફરોને પોતાની સંપૂર્ણ વિવેકબુદ્ધિથી સ્વીકારવા અથવા નકારવાનો અધિકાર અનામત રાખે છે.

તારીખ : ૦૯-૦૩-૨૦૨૬ — ઝોનલ મેનેજર

સિટી એક્સપ્રેસ

## અમદાવાદમાં રૂ.58.77 કરોડના વિકાસ પ્રકલ્પોનું ઈ-લોકાર્પણ

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ | અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેર વિકાસને વેગ આપતા રૂ.58.77 કરોડના વિવિધ વિકાસ પ્રકલ્પોના ઈ-લોકાર્પણ, ઈ-ખાતમુહૂર્ત તથા સ્થળોના નામાભિધાન કાર્યક્રમ યોજાયો. મેયર પ્રતિભાબેન જૈનના હસ્તે યોજાયેલા આ કાર્યક્રમમાં રૂ.53.64 કરોડના 37 વિકાસ કાર્યોનું ઈ-લોકાર્પણ તથા રૂ.5.13 કરોડના બે કામોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું. આ પ્રસંગે મેયર પ્રતિભાબેન જૈને જણાવ્યું કે શહેરના સર્વાંગી વિકાસ માટે ઈન્ફ્રાસ્ટ્રક્ચર, આરોગ્ય, શિક્ષણ અને રમત-ગમત ક્ષેત્રે સતત વિકાસ કાર્યો અમલમાં મુકાઈ રહ્યા છે.

## ધોળકામાં નશીલા પદાર્થ સાથે એક આરોપીની ધરપકડ

ગાંધીનગર સંવાદદાતા: વિજયવીર યાદવ | અમદાવાદ ગ્રામ્ય એસ.ઓ.જી. પોલીસે ધોળકા તાલુકાના ચલોડા ગામમાં દરોડા પાડી નશાકારક વનસ્પતિજન્ય માદક પદાર્થ ઓપીએટસ (પોસડોડા) સાથે એક આરોપીની ધરપકડ કરી છે. પોલીસે આરોપી પાસેથી કુલ 5.329 કિલોગ્રામ પોસડોડા તેમજ મોબાઈલ ફોન મળી કુલ અંદાજે રૂ.80,435નો મુદ્દામાલ કબજે કર્યો છે. મળતી માહિતી મુજબ પોલીસ મહાનિરીક્ષક વિધી ચૌધરી અને અમદાવાદ ગ્રામ્યના પોલીસ અધિક્ષક ઓમપ્રકાશ જાટના માર્ગદર્શન હેઠળ નશીલા પદાર્થોના વેપાર પર રોક લગાવવા માટે એસ.ઓ.જી. ટીમ સક્રિય કામગીરી કરી રહી હતી.

### હોસ્પિટલ,શૈક્ષણિક સંકુલ,અદાલતની 100 મી.ની આસપાસ માઈક સિસ્ટમ પર પ્રતિબંધ

# ધાર્મિક સંકુલ બહાર માઈક સિસ્ટમનો અવાજ ન જવો જોઈએ : કાનના પડદા ફાડી નાખે તેવા અવાજથી DJ નહીં વગાડી શકાય; અમદાવાદ પોલીસ કમિશનરનું જાહેરનામું

અમદાવાદ | અમદાવાદમાં નાગરિકોની સુરક્ષા-સલામતી તેમજ કાયદો-વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તેના માટે પોલીસ કમિશનર જી. એસ.મલિક દ્વારા કેટલાક જાહેરનામા બહાર પાડવામાં આવે છે. કેટલાક અસામાજિક તત્વો બહારના રાજ્યોમાંથી આવીને આતંકી પ્રવૃત્તિઓ અને ગુનાખોરી કરતા હોય છે ત્યારે કાયદો-વ્યવસ્થા જાળવવા પોલીસ દ્વારા ગેરેજ, સ્પા, ઔદ્યોગિક એકમોમાં કામ કરતા લોકોની અને મકાન તેમજ દુકાન ભાડે આપવા અંગેની પોલીસમાં નોંધણી કરાવવી ફરજિયાત છે. પોલીસ દ્વારા કાયદો-વ્યવસ્થાની પરિસ્થિતિ શહેરમાં જળવાઈ રહે તેના માટે પોલીસ સ્ટેશનમાં વિગતો જમા કરાવવાની રહેશે.

સાથે જ ધાર્મિક સંકુલ બહાર માઈક સિસ્ટમનો અવાજ ન જવો જોઈએ અને કાનના પડદા ફાડી નાખે તેવા અવાજથી DJ નહીં વગાડી શકાય જેવા અનેક નિયંત્રણો અમદાવાદ પોલીસ કમિશનરના જાહેરનામામાં છે.

શહેરમાં ખૂબ મોટા અવાજથી ડીજે વગાડવા અને માઈક સિસ્ટમનો ઉપયોગ કરવામાં આવતો હોય છે જેથી ધ્વનિ પ્રદૂષણને અટકાવવા પણ પોલીસ કમિશનર દ્વારા જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. જાહેરમાં કોઈપણ માઈક સિસ્ટમ લગાવી ઉપયોગ કરતા પહેલા પોલીસની મંજૂરી લેવાની રહેશે. નીતિ નિયમ મુજબના ડેસિબલ અવાજ સુધી જ શહેરમાં



માઈક સિસ્ટમનો ઉપયોગ થઈ શકશે. વરઘોડા, સરઘસ, રેલી વગેરે જ્યારે કાઢવામાં આવે ત્યારે નક્કી કરેલા અવાજ મુજબ જ ડીજે અથવા અન્ય માઈક સિસ્ટમ વગાડી શકાશે. જો વધારે અવાજમાં વગાડવામાં આવશે તો માઈક સિસ્ટમ અને ડીજે જપ્ત કરી પોલીસ કમિશનરના જાહેરનામા ભંગ બદલ ગુનો નોંધવામાં આવશે. પોલીસ કમિશનર દ્વારા ધ્વનિ પ્રદૂષણ અંગે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે જે અંતર્ગત મંદિરો, મસ્જિદો અને ચર્ચમાં માઈક સિસ્ટમનો અવાજ સંકુલની બહાર નહીં તે પ્રમાણે મર્યાદિત કરેલો હોવો જોઈએ. માઈક સિસ્ટમનો ઉપયોગ કરનારા વ્યક્તિ દ્વારા આસપાસના રહેવાસીઓ તેમજ રાહદારીઓને અડચણરૂપ અગવડતા તેમજ ભય ઊભો થાય તેવી સ્થિતિ હશે તો ઉપયોગ કરવા પર પોલીસ મનાઈ કરી શકશે. રાત્રે 10 વાગ્યાથી સવારે 6 વાગ્યા સુધી માઈક સિસ્ટમ વગાડી ન શકાય તેના માટે પરવાનગી આપવામાં આવશે નહીં. માત્ર સવારે 6થી રાત્રે 10 સુધી માઈક સિસ્ટમનો ઉપયોગ થઈ શકશે. ઉશ્કેરણીજનક ગીતો કે ઉચ્ચારણો માઈક સિસ્ટમ મારફતે કરવા પર પણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

હોસ્પિટલો, શૈક્ષણિક સંકુલો, અદાલતો અને ધાર્મિક સ્થળોની 100 મીટરની આસપાસ શાંત વિસ્તાર હોવાથી આવા વિસ્તારો તેમજ જાહેરમાં રહેણાંક, પાર્ટી પ્લોટ વિસ્તારની આજુબાજુ ખુલ્લી જગ્યામાં પણ માઈક સિસ્ટમના ઉપયોગ પર પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે. જોકે આ સ્થળ ઉપર માઈક સિસ્ટમના ઉપયોગ માટે પોલીસની પરવાનગી લેવાની રહેશે. પોલીસ દ્વારા તેની મંજૂરી આપવામાં આવશે જેમાં નક્કી કરેલા અવાજના ડેસીબલ મુજબ જ માઈક સિસ્ટમનો ઉપયોગ કરી શકાશે.

### સ્પા સેન્ટરની તમામ વિગત પોલીસ સ્ટેશનમાં જમા કરાવી પડશે

શહેરમાં દિન પ્રતિદિન રહેણાક વિસ્તારો અને કોમર્શિયલ કોમ્પ્લેક્સોમાં મોટા પાયે સ્પા મસાજ પાર્લરના નામે દુકાનો અને સ્પા સેન્ટરો ઉભા કરી દેવામાં આવે છે. સ્પા સેન્ટરોની આડમાં ડ્રગ્સ અને ગાંજો જેવા નશીલા પદાર્થોનું સેવન તેમજ વેચાણ અને દેહ વ્યાપાર કરવામાં આવતો હોવાનું સામે આવ્યું છે. કેટલાક અસામાજિક તત્વો આવી ગેરકાયદેસર પ્રવૃત્તિઓ કરતા હોવાના પગલે શહેર પોલીસ દ્વારા જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. અલગ અલગ વિસ્તારોમાં આવેલા સ્પા સેન્ટરોની તમામ વિગતો સ્થાનિક પોલીસ સ્ટેશનમાં જમા કરાવવાની રહેશે.

સ્પા સેન્ટરના માલિક અને સંચાલકનું નામ સરનામું અને નંબર આપવાનો રહેશે.

## ચોર પોલીસના સકંજામાં : ડેકી તોડી લાખોની ચોરી કરનાર રીઢો તસ્કર પકડાયો

ગાંધીનગર | ગાંધીનગરના સેક્ટર-7 વિસ્તારમાં 1 મહિના પહેલા પાર્ક કરેલા એક્ટિવા માંથી 1,40,000 રૂપિયાની ચોરી થઈ હતી. ગાંધીનગર એલ.સી.બી. ની ટીમે બાતમીના આધારે તપાસ કરીને અમદાવાદના એક શખ્સને રોકડ રકમ અને વાહન સાથે પકડી પાડી આ ચોરીનો ભેદ ઉકેલી નાખ્યો છે. ગાંધીનગર શહેરમાં ચોરીના બનાવો અટકાવવા માટે પોલીસ વિભાગ દ્વારા ખાસ સૂચના આપવામાં આવી હતી. આ સૂચનાના આધારે એલ.સી.બી. ની ટીમ પેટ્રોલિંગમાં હતી. તે દરમિયાન સેક્ટર-11 સેન્ટ્રલ વિસ્ટા ગાર્ડન પાસે બેંક ઓફ બરોડા સામેના સર્વિસ રોડ પર એક શખ્સ શંકાસ્પદ હાલતમાં મળી આવ્યો હતો. પોલીસે તેની પૂછપરછ કરી અને તપાસ લેતા તેની પાસેથી કાળા કલરની કોથળીમાં 500 રૂપિયાની નોટના 2 બંડલ મળી આવ્યા હતા. જેની કુલ કિંમત 1,00,000 રૂપિયા હતી. ઝડપાયેલા શખ્સનું નામ મહમદ નોફિલ નુરમહમદ મુંડવાવાલા છે, જે અમદાવાદના જમાલપુર વિસ્તારનો રહેવાસી છે અને તેની ઉંમર 30 વર્ષ છે. તેની કડકાઈથી પૂછપરછ કરતા તેણે સ્વીકાર્યું હતું કે, 1 મહિના પહેલા તેણે ઘ-4 ગાર્ડન પાસે પાર્ક કરેલા એક એક્ટિવાની ડિક્કીમાંથી આ પૈસા ચોર્યા હતા. આ મામલે સેક્ટર-7 પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. પોલીસે તેની પાસેથી 1,00,000 રૂપિયાની રોકડ અને 40,000 ની કિંમતનું એક્ટિવા મળી કુલ 1,40,000 નો મુદ્દામાલ કબજે કર્યો છે. પકડાયેલ આરોપી ગુનાહિત ઈતિહાસ ધરાવે છે.

### નારીશક્તિ જાગૃત થાય ત્યારે સમાજ અને રાષ્ટ્રમાં સકારાત્મક પરિવર્તન સર્જાય

# મહિલા દિવસ નિમિત્તે 'નારી ગૌરવ સંવાદ' અને માતા યશોદા એવોર્ડ વિતરણ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા "નારી ગૌરવ સંવાદ અને માતા યશોદા એવોર્ડ વિતરણ" કાર્યક્રમ યોજાયો. કાર્યક્રમમાં મહિલા અને બાળ વિકાસ મંત્રી ડૉ. મનીષાબેન વકીલ સહિત વિવિધ ક્ષેત્રોની અગ્રણી મહિલાઓ ઉપસ્થિત રહી હતી. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે રાજ્ય અને દેશના સર્વાંગી વિકાસમાં મહિલાઓનું અમૂલ્ય યોગદાન છે. નારીશક્તિ જાગૃત થાય ત્યારે સમાજ અને રાષ્ટ્રમાં સકારાત્મક પરિવર્તન સર્જાય છે. આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ વિવિધ ક્ષેત્રોની પ્રતિભાશાળી મહિલાઓ સાથે પ્રત્યક્ષ સંવાદ કરીને મહિલા ઉત્કર્ષ માટે રાજ્ય સરકારની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. કાર્યક્રમ દરમિયાન મહિલા કલ્યાણ ક્ષેત્રે ઉત્તમ કામગીરી બદલ એક શ્રેષ્ઠ સ્વૈચ્છિક સંસ્થા અને એક મહિલા કાર્યકરને "ગુજરાત મહિલા વિકાસ પુરસ્કાર"થી સન્માનિત કરવામાં આવ્યા. ઉપરાંત રાજ્યના ચાર ઝોનમાં શ્રેષ્ઠ કામગીરી કરનાર મુખ્ય સેવિકા, આંગણવાડી કાર્યકર અને તેડાગર બહેનોને "માતા યશોદા એવોર્ડ" એનાયત કરવામાં આવ્યા.



મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે ગુજરાતમાં હાલ ૨.૭૦ લાખથી વધુ સખીમંડળો કાર્યરત છે, જેના માધ્યમથી લાખો મહિલાઓને કૌશલ્યવર્ધન તાલીમ અને રોજગારી સાથે જોડવામાં આવી છે. ઉપરાંત દીકરીઓને શિક્ષણમાં પ્રોત્સાહન આપવા 'નમો લક્ષ્મી' અને 'નમો સરસ્વતી' જેવી યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે. મહિલા અને બાળ વિકાસ મંત્રી ડૉ. મનીષાબેન વકીલે જણાવ્યું કે રાજ્ય સરકાર મહિલાઓના શિક્ષણ, સુરક્ષા અને સ્વાસ્થ્ય માટે પ્રતિબદ્ધ છે અને આવા કાર્યક્રમો દ્વારા મહિલાઓના પ્રશ્નો અને સૂચનો સીધા સરકાર સુધી પહોંચે તે માટે પ્રયત્નશીલ છે.

## હાઈકોર્ટ અને અમદાવાદ ગ્રામ્ય કોર્ટને ઉડાવવાની ધમકી



### પોલીસ અને ડોગ સ્કવોડ દ્વારા તપાસ, વકીલ અને પક્ષકારોને બહાર મોકલી ચૂસ્ત બંદોબસ્ત ગોઠવાયો

(એજન્સી) અમદાવાદ | તા.09

ગુજરાત હાઈકોર્ટ, ગ્રાહક કોર્ટ, તથા નવરંગપુરામાં આવેલી ગ્રામ્ય કોર્ટને ઉડાવવાની ધમકી મળી છે.ઈ-મેલ મારફતે કોર્ટને બોમ્બથી ઉડાવવાની ધમકી આપવામાં આવી છે.ધમકી મળતા નવરંગપુરા પોલીસ અને બોમ્બ ડોગ સ્કવોડ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી હતી.

કોર્ટના તમામ ગેટ પર પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવાયો હતો. કોઈ પણ વ્યક્તિને કોર્ટમાં પ્રવેશ આપવામાં આવ્યો નહોતો. તેમજ કોર્ટ પરિસરમાંથી તમામ વકીલ અને પક્ષકારોને બહાર મોકલી દેવામાં આવ્યા હતા.

પાકિસ્તાન, ISIએ અન્ય રાજ્યની કોર્ટ અને ન્યાયિક કચેરીઓમાં વિસ્ફોટ કરી તમિલનાડુ મુદ્દે ધ્યાન હટાવવાનું નક્કી કર્યું છે. અજમલ કસાબ આતંકવાદી હતો. પરંતુ તમિલનાડુમાં અજિત કુમારે ખોટી રીતે ચોરીના કેસમાં માર મારી હત્યા કરી, જેનો બદલો લેવાનો આ ઈ-મેલમાં ઉલ્લેખ છે.

એડવોકેટ રોનક શાહે જણાવ્યું કે, સરકારે AIના આ જમાનામાં પગલાં લેવા જોઈએ. પગલાં લેવામાં આવે છે પણ કોઈ પકડાતું નથી. આ ધમકી કોણ આપે છે તે જાણવું જોઈએ.

આ ઉપરાંત અમરેલી જિલ્લા કોર્ટને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળતા તંત્રમાં હડકંપ મચી ગયો હતો. મેઈલ દ્વારા આ ધમકી મળતા જ પોલીસ તંત્ર સક્રિય બન્યું હતું અને તાત્કાલિક કોર્ટ પરિસર ખાલી કરાવવામાં આવ્યું હતું

દાહોદ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ કોર્ટને બોમ્બથી ઉડાવી દેવાની ધમકીભર્યો ઈ-મેઈલ મળ્યો છે. આ ધમકી મળતા જ સમગ્ર ન્યાયિક પરિસરમાં દોડધામ મચી ગઈ હતી અને સુરક્ષાના કારણોસર કોર્ટ બિલ્ડિંગને તાત્કાલિક ખાલી કરાવવામાં આવ્યું હતું

## ટીમ ઈન્ડિયાના કેપ્ટન સૂર્યકુમાર યાદવ અડાલજની વાવની મુલાકાતે : મોટી સંખ્યામાં ક્રિકેટ ચાહકો ઉમટી પડ્યા...

(એજન્સી) ગાંધીનગર | તા.09

ટીમ ઈન્ડિયા સતત બીજીવાર T-20માં વિશ્વ ચેમ્પિયન બની છે. ટીમ ઈન્ડિયાએ ફાઈનલમાં ન્યૂઝીલેન્ડને 96 રનથી હરાવ્યું દીધું હતું. ત્યાર બાદ આજે કેપ્ટન સૂર્ય કુમાર યાદવ અડાલજની વાવની મુલાકાતે પહોંચ્યો છે.

ગાંધીનગરમાં આવેલી ઐતિહાસિક અડાલજની વાવ ખાતે આજે ખાસ માહોલ જોવા મળી રહ્યો છે. ટીમ ઈન્ડિયાના કેપ્ટન સૂર્યકુમાર યાદવ અડાલજની વાવની મુલાકાત લેવા પહોંચ્યા છે જેને લઈને ચાહકોમાં ઉત્સાહ જોવા મળ્યો છે. ક્રિકેટરોને નજીકથી જોવા માટે મોટી સંખ્યામાં લોકો અડાલજ ખાતે ઉમટી પડ્યા છે.

માહિતી અનુસાર ભારતીય ટીમના ખેલાડીઓ સાથે ન્યુઝીલેન્ડ ટીમ સાથે આવેલા કેટલાક વિદેશી મહેમાનો પણ અડાલજની વાવ નિહાળવા માટે અહીં પહોંચ્યા છે. વિશ્વપ્રસિદ્ધ આ ઐતિહાસિક સ્થળની કળાત્મક રચના અને વારસાગત મહત્વ વિશે જાણવાની તેઓએ ઉત્સુકતા વ્યક્ત કરી હતી. સૂર્યકુમાર યાદવના આગમનને લઈને સુરક્ષા વ્યવસ્થા પણ કડક રાખવામાં આવી છે. સ્થાનિક પોલીસ દ્વારા ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. ક્રિકેટ ચાહકો પોતાના પ્રિય ખેલાડીને એક નજર જોવા આતુર બનીને સ્થળ પર રાહ જોઈ રહ્યા હતા.

અડાલજની વાવ ગુજરાતના મહત્વપૂર્ણ હેરિટેજ સ્થળોમાંથી એક ગણાય છે, જ્યાં દેશ-વિદેશના પ્રવાસીઓ મોટી સંખ્યામાં મુલાકાત લેતા હોય છે. આજે ક્રિકેટરોની મુલાકાતને કારણે અહીં ખાસ ઉત્સાહપૂર્ણ વાતાવરણ જોવા મળ્યું.

## પૈસાની નોટ વચ્ચે દોઢ લાખની બુટ્ટી છુપાવી ફરાર

અમદાવાદ | અમદાવાદના શેલામાં આવેલા એક જ્વેલર્સ શોરૂમમાં ચોરીની ઘટના સામે આવી છે. જૈનમ જ્વેલર્સ નામના શોરૂમમાં કર્મચારીએ સ્ટોક ગણતરી કરતા બે સોનાની બુટ્ટી ગાયબ હતી, જેથી શોરૂમના સીસીટીવી ફૂટેજ તપાસતા બે મહિલાની કરતૂતનો ભાંડો ફૂટ્યો હતો. આ મહિલાઓ ગ્રાહકના સ્વાંગમાં આવી હતી અને ચુન્ની, બુટ્ટી, કડીઓ જોવાના બહાને નજર ચુકવીને 1.48 લાખની મતાની બે સોનાની બુટ્ટીની ચોરી કરી હતી. બોપલ પોલીસને જાણ થતાં પોલીસે ગુનો નોંધી સીસીટીવી આધારે તપાસ હાથ ધરી છે. શેલામાં રહેતા વિકેશ શાહ જૈનમ જ્વેલર્સની એક બ્રાન્ચમાં સિનિયર મેનેજર તરીકે નોકરી કરે છે. 9 ફેબ્રુઆરી, 2026એ તે સાઉથ બોપલ ખાતેની ઓફિસે હાજર હતા, ત્યારે શેલા શોરૂમના સેલ્સમેન દેવ શાહે ફોન કરીને સ્ટોક ગણતરીમાં બે બુટ્ટી ઓછી હોવા બાબતે વિકેશને જાણ કરી હતી. વિકેશ શાહે શોરૂમના માલિક કમલેશ



શાહને જાણ કરીને ત્યાં પહોંચીને સ્ટોક ચેક કર્યો હતો. સ્ટોક ગણતરી વખતે રૂ. 1.48 લાખની મતાની બે સોનાની બુટ્ટી ગાયબ હતી.

તેમણે શોરૂમના સીસીટીવી તપાસતા ગત 8મીએ આશરે 12 વાગ્યે ગ્રાહકના સ્વાંગમાં આવેલી બે મહિલાની શંકાસ્પદ ગતિવિધિ નજરે પડી હતી. આ બે મહિલાએ ચુન્ની, બુટ્ટી, કડીઓ જાવાના બહાને નજર ચુકવીને રૂ. 1.48 લાખની મતાની બે સોનાની બુટ્ટીની ચોરી કરી હોવાનું સામે આવ્યું હતું. આ મામલે બોપલ પોલીસને જાણ કરાતા પોલીસે ગુનો નોંધી સીસીટીવી આધારે તપાસ શરૂ કરી છે.

## ગાંધીનગર એસઓજીની કામગીરી : અપહરણના ગુનામાં 5 માસથી ફરાર આરોપી રાજકોટથી પકડાયો

ગાંધીનગર | માણસા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા 15 વર્ષ અને 10 માસની સગીરાના અપહરણના ગુનામાં છેલ્લા પાંચ મહિનાથી નાસતા-ફરતા આરોપીને એસ.ઓ.જી. પોલીસે રાજકોટથી પકડી પાડ્યો છે.

આરોપી કીરીટ રમેશભાઈ રાવળ સગીરાને લગ્ન કરવાના ઈરાદે ભગાડી ગયો હતો, જેને હવે કાયદેસરની કાર્યવાહી માટે માણસા પોલીસને સોંપવામાં આવ્યો છે. એસ.ઓ.જી. (SOG) શાખાની ટેકનિકલ સર્વેલન્સ ટીમ માણસા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા અપહરણના કેસની તપાસ કરી રહી હતી. આ ગુનામાં આરોપી કીરીટ રમેશભાઈ રાવળ સગીરાને લલચાવી-ફોસલાવી અપહરણ કરી ગયો હતો. તપાસ દરમિયાન પોલીસને આરોપીના મિત્રો અને સગા-સંબંધીઓ તેમજ ટેકનિકલ સર્વેલન્સ દ્વારા મહત્વની કડી મળી હતી. રાજકોટ શહેરના ઘંટેશ્વર વિસ્તારમાં એક શંકાસ્પદ મોબાઈલ નંબર ટ્રેસ થતા એસ.ઓ.જી.ની એક ટીમ તાત્કાલિક રાજકોટ રવાના કરવામાં આવી હતી. ત્યાંથી પોલીસે ગુનામાં ભોગ બનનાર સગીરાને શોધી કાઢી હતી.

# અમદાવાદની ખાનગી કોલેજ બહાર રિવોલ્વર બતાવી વિદ્યાર્થીઓને ધમકી

અમદાવાદ | ખાનગી કોલેજની બહાર અસામાજિક તત્વોનો આતંક સામે આવ્યો છે. અસારવાના બુટલેગર કિશોર લંગડાના પૌત્ર આદિત્યે એક ગાડીમાં તોડફોડ કરી કોલેજના વિધાર્થી પર હુમલો કર્યો છે.આદિત્ય ગાડી લઈને આવ્યો હતો જે બાદ નશાની હાલતમાં કોલેજની બહાર પડેલી ગાડીમાં હથિયાર વડે તોડફોડ કરી વિધાર્થીઓને રિવોલ્વર બતાવી હતી. આ બનાવની જાણ થતા નવરંગપુરા પોલીસ સ્થળ પર પહોચી છે.

શહેરના લો ગાર્ડન પાસે આવેલી ખાનગી કોલેજમાં બપોરના સમયે વિદ્યાર્થીઓ કોલેજની બહાર ઉભા હતા. આ દરમિયાન ફોર્ચ્યુનર ગાડી લઈને અસારવાના જાણીતા બુટલેગર કિશોર લંગડાનો પૌત્ર આદિત્ય રાઠોડ પસાર થઈ રહ્યો હતો. સાંકડી ગલીમાંથી આદિત્ય ગાડી લઈને જઈ રહ્યો હતો ત્યારે કોલેજના વિદ્યાર્થીઓ સામે જોતા આદિત્યએ સામે જોવાની બાબતમાં બોલાચાલી કરી જે બાદ ગાડીમાંથી ધારદાર હથિયાર કાઢીને કોલેજની બહાર પડેલી વિદ્યાર્થીની થાર ગાડીમાં તોડફોડ કરી હતી.

આદિત્યએ વિદ્યાર્થીઓ ભેગા થતા ગાડીમાંથી રિવોલ્વર બતાવ્યા હોવાનો પણ વિદ્યાર્થીઓએ આક્ષેપ કર્યો છે. આ બનાવાની જાણ થતા



તાત્કાલિક નવરંગપુરા પોલીસની ટીમ સ્થળ પર પહોંચી છે.પોલીસે આસપાસના CCTV ફૂટેજ અને નિવેદનના આધારે તપાસ શરૂ કરી છે.

આદિત્યએ થોડા સમય અગાઉ શાહીબાગ સર્કિટ હાઉસ પાસે પૂરઝડપે ફોર્ચ્યુનર ગાડી વડે એક એક્ટિવા પર જઈ રહેલા વ્યક્તિને ટક્કર મારતા એક્ટિવા ચાલકનું મોત થયું હતું.

શાહીબાગમાં કુખ્યાત બૂટલેગર કિશોર લંગડાના પૌત્ર આદિત્યસિંહ રાઠોડે મોંઘીદાટ કાર વડે નિર્દોષ એક્ટિવાચાલકને ટક્કર મારીને જીવ લીધો છે. કારચાલકે પૂરપાટ ઝડપે કાર વડે એક્ટિવાચાલકને ટક્કર મારી હતી, જેના કારણે એક્ટિવાચાલક નજીકમાં ઊભેલી રિક્ષા સાથે ટકરાયો, જેથી તેમનું સ્થળ પર જ મોત થયું હતું. કારચાલકના પિતા અને દાદા બંને કુખ્યાત બૂટલેગર છે. આ સાથે કારચાલક યુવકનો હથિયારો સાથેનો કારમાં વીડિયો વાઈરલ થયો હતો. શાહીબાગમાં આવેલા સરદાર પટેલ સ્મારક ખાતેથી અસારવામાં રહેતા મહેન્દ્ર ગોહિલ એક્ટિવા લઈને જઈ રહ્યા હતા. આ દરમિયાન કાળા કલરની ફોર્ચ્યુનર ગાડી લઈને આવી રહેલા આદિત્યસિંહ રાઠોડે મહેન્દ્રભાઈને પૂરપાટ ઝડપે ટક્કર મારી હતી, જેના કારણે મહેન્દ્રભાઈ એક્ટિવા લઈને રસ્તાની બાજુમાં પાર્ક કરેલી રિક્ષા સાથે અથડાયા હતા. મહેન્દ્રભાઈને માથાના ભાગે ગંભીર ઈજા થતાં તેમનું સ્થળ પર જ મોત થયું હતું.

દેશ અને દુનિયાના રોજ બરોજના સચોટ સમાચારો માટે અમારી વેબસાઈટ www.ahmedabadexpress.com ની મુલાકાત લો...